પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY



# અબતક ®

સાંધ્ય દૈનિક
તા. ૯-૮-૨૦૨૫, શનિવાર
વર્ષ: ૧૪, અંક: ૧૩૧
શહેર આવૃત્તિ
પાના: ૧૪
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા




Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia

# સંસદમાં સોમવારે નાણામંત્રી રજુ કરશે નવું ઈન્કમટેક્સ બિલ

## કેબિનેટે શુક્રવારે સુધારેલા બિલને મંજૂરી આપી, પરંતું ગૃહમાં વિક્ષેપને કારણે રજૂ કરી ન શકાયું: નવા બિલમા સરળ ભાષા, વ્યવસ્થિત માળખું અને સ્પષ્ટ જોગવાઈઓનો સમાવેશ કરાશે



**અબતક, રાજકોટ**

નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ સોમવારે સંસદમાં ઈન્કમ ટેક્સ બિલ, ૨૦૨૫ નું નવું અને સુધારેલું સંસ્કરણ રજૂ કરશે.

આ બિલનો મુખ્ય હેતુ છ દાયકા જૂના અને ગૂંચવણભર્યા આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ ને બદલવાનો છે. સરકારનું લક્ષ્ય કર કાયદાની ભાષા અને માળખાને એટલું સરળ બનાવવાનું છે કે સામાન્ય કરદાતા પણ કોઈ વ્યાવસાયિકની મદદ વગર તેને સમજી શકે. આ પગલાથી ટેક્સ પ્રણાલી વધુ પારદર્શક અને 'કરદાતા-મિત્ર' બનશે તેવી અપેક્ષા છે.

આ બિલનું નવું સંસ્કરણ લાવવાનો નિર્ણય એક વ્યૂહાત્મક પગલું છે. અગાઉ આ જ વર્ષે ફેબ્રુઆરીમાં નાણાં પ્રધાને આઈ-ટી બિલ ૨૦૨૫ નું સંસ્કરણ રજૂ કર્યું હતું. જોકે, હવે તેને પાછું ખેંચી લેવામાં આવ્યું છે. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ બિલના અનેક સંસ્કરણો દ્વારા થતી ગૂંચવણને ટાળવાનો અને તમામ ફેરફારોને સમાવીને એક સ્પષ્ટ અને અપડેટ કરેલું સંસ્કરણ પૂરું પાડવાનો છે. કેબિનેટે શુક્રવારે જ આ સુધારેલા બિલને મંજૂરી આપી દીધી હતી, પરંતુ ગૃહમાં વિક્ષેપને કારણે તેને તે જ દિવસે રજૂ કરી શકાયું ન હતું.

### સરળીકરણ પાછળના મુખ્ય સિદ્ધાંતો

આ બિલને તૈયાર કરવા પાછળના ત્રણ મુખ્ય સિદ્ધાંતો છે. પ્રથમ સિદ્ધાંત, કાયદાના લખાણ અને માળખાને સુધારેલી સ્પષ્ટતા અને સુસંગતતા સાથે સરળ બનાવવાનો છે. બીજો સિદ્ધાંત, કર નીતિમાં કોઈ મોટા ફેરફારો કર્યા વગર કાયદામાં સાતત્ય અને નિશ્ચિતતા જાળવવાનો છે. અને ત્રીજો સિદ્ધાંત, કરદાતાઓ માટે કાયદાને વધુ અનુમાનિત બનાવવાનો છે. આ સિદ્ધાંતોનો મુખ્ય હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે ટેક્સ ભરવાની પ્રક્રિયા જટિલ ન બને, જેથી કરદાતાઓ સરળતાથી કાયદાનું પાલન કરી શકે.

આ સુધારાથી કરદાતાઓ માટે કાયદાને સમજવાનું કાર્ય વધુ સરળ બનશે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસના ચેરમેન રવિ અગ્રવાલે આશા વ્યકત કરી છે કે નવા કાયદાની જોગવાઈઓ વાંચવી અને સમજવી સરળ બનશે. તેમણે જણાવ્યું હતું કે, ''સૂત્રો, કોષ્ટકોનો ઉપયોગ અને જોગવાઈઓના એકીકરણથી કરદાતાઓ અને વ્યાવસાયિકો બંને માટે અનુપાલન વધુ સરળ બનશે.'' આનાથી સામાન્ય નાગરિકોને કાયદાની સમજ માટે વ્યાવસાયિકો પર ઓછો આધાર રાખવો પડશે, જે

(અનુ. આઠમા પાને)

### પસંદગી સમિતિની ૨૮૫ ભલામણોનો સમાવેશ

આ સુધારાની પ્રક્રિયા લોકસભાની પસંદગી સમિતિના સૂચનો પર આધારિત છે. ભાજપના સાંસદ બૈજયંત પાંડાની આગેવાની હેઠળની આ સમિતિએ અગાઉના આઈટી બિલ ૨૦૨૫ની સઘન તપાસ કરી હતી. આ તપાસ બાદ, સમિતિએ ભારતના કર કાયદાઓને સરળ અને આધુનિક બનાવવા માટે ૨૮૫ ભલામણો સૂચવી હતી. નવા બિલમાં આ તમામ ભલામણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આનાથી કાયદો વધુ પ્રગતિશીલ બનશે અને કરદાતાઓને વધુ અનુકૂળતા રહેશે તેવી આશા છે. આ ફેરફારો માત્ર કાયદાની ભાષા જ નહીં, પરંતુ તેની કાર્યપદ્ધતિને પણ સરળ બનાવશે.



# ટ્રમ્પના ભરપૂર પ્રયાસ છતાં ભારત-રશિયાની દોસ્તી કાયમ રાખવા મોદી-પુતિનનો સંકલ્પ



## એસસીઓ સમીટ પહેલા ટ્રમ્પના અણઘડ નિર્ણયોને કારણે ભારત-ચીન- રશિયા વચ્ચે સંબંધો ગાઢ બનવાના અણસાર

**અબતક, નવી દિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે ફોન પર વાતચીત કરી, જેમાં બંને નેતાઓએ ભારત-રશિયા સંબંધોને વધુ મજબૂત કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. આ વાતચીત એવા સમયે થઈ જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા સાથેના ભારતના વેપારને લઈને ૨૫ ટકા વધારાના ટેરિફની જાહેરાત કરી, જેનાથી ભારત-અમેરિકા સંબંધોમાં તણાવ વધ્યો છે.આમ ટ્રમ્પના ભરપૂર પ્રયાસ વચ્ચે મોદી અને પુતીને ભારત અને રશિયાની દોસ્તી કાયમ રાખવા સંકલ્પ જાહેર કર્યો છે.

મોદીએ પુતિનને રશિયા-યુક્રેન યુદ્ધના રાજકીય અને રાજનૈતિક ઉકેલ માટે ભારતના ''સતત'' અને ''અડગ'' સમર્થનનો પુનરોચ્ચાર કર્યો. તેમણે આ વર્ષે ભારત-રશિયા વાર્ષિક શિખર સમિટ માટે પુતિનને ભારત આમંત્રણ આપ્યું. પુતિને મોદીને યુક્રેન યુદ્ધ અંગેના તાજેતરના વિકાસ અને ટ્રમ્પના દૂત સ્ટીવ વિટકોફ સાથેની તેમની વાતચીતની માહિતી આપી. આ ઉપરાંત, પુતિને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે

(અનુ. આઠમા પાને)

### ઉલ્ટા ચોર કોટવાલ કો દાટે
### અમેરિકાએ ભારતને ટેરિફનો રાજા ગણાવતા વિવાદ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વેપાર સલાહકાર પીટર નાવારોએ ભારતને ''ટેરિફનો મહારાજા'' ગણાવીને વિવાદ સર્જ્યો છે. નાવારોએ ભારત પર આરોપ લગાવ્યો કે તે અમેરિકન ડોલરનો ઉપયોગ રશિયા પાસેથી તેલ ખરીદવા માટે કરે છે, જેનાથી રશિયા યુક્રેન સામે શસ્ત્રો ખરીદે છે. આ નિવેદન સામે ભારતે તીવ્ર વિરોધ નોંધાવ્યો છે. નાવારોએ ગુરુવારે જણાવ્યું કે, ''ભારત અમેરિકન ડોલરનો ઉપયોગ રશિયન તેલ ખરીદવા માટે કરે છે, જે રશિયાને યુક્રેન વિરુદ્ધ શસ્ત્રો ખરીદવામાં મદદ કરે છે. આ ગણિત ખોટું છે.'' તેમણે ભારતના નિકાસ પર ૫૦ ટકા ટેરિફ લગાવવાનું સમર્થન કર્યું. જોકે, જ્યારે પત્રકારોએ પૂછ્યું કે ચીન,

(અનુ. આઠમા પાને)


### અલાસ્કામાં ૧૫મીએ પુતિન અને ટ્રમ્પની મુલાકાત થશે

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે તેઓ આગામી શુક્રવાર, ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ અલાસ્કામાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત કરશે. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધનો અંત લાવવા માટે ચર્ચા કરવાનો છે. ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર આ અંગેની જાહેરાત કરતાં કહ્યું, ''અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે હું અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે અલાસ્કામાં અપેક્ષિત બેઠક યોજાશે.''આ બેઠક પુતિનની એક દાયકા બાદ અમેરિકાની પ્રથમ મુલાકાત હશે. આ પહેલાં તેઓ સપ્ટેમ્બર ૨૦૧૫માં ન્યૂયોર્કમાં યુએન જનરલ એસેમ્બલી દરમિયાન તત્કાલીન રાષ્ટ્રપતિ બરાક ઓબામાને મળ્યા હતા. ટ્રમ્પે આ બેઠકની જાહેરાત પહેલાં પત્રકારોને

(અનુ. આઠમા પાને)

# નેશનલ મેડિકલ રજિસ્ટર નિષ્ફળ: ૧ વર્ષમાં ૧૩.૯ લાખમાંથી માત્ર ૯૯૬ એલોપેથિક ડોકટર્સની નોંધણી

## શરૂઆતના ત્રણ મહિનામાં ૬,૦૦૦ અરજીઓ મળી હતી, પરંતુ પછીના ચાર મહિનામાં આ સંખ્યા ઘટીને ૮૦૦થી પણ ઓછી થઈ



**અબતક, રાજકોટ**

ભારતમાં ડોક્ટરો માટે ડિજિટલ હેલ્થકેર ઈકોસિસ્ટમ બનાવવાની મહત્વાકાંક્ષી યોજના નિષ્ફળ ગઈ હોય તેવું લાગી રહ્યું છે. નેશનલ મેડિકલ રજિસ્ટર પોર્ટલ, જે ભારતના તમામ એલોપેથિક ડોક્ટરો માટે એક વ્યાપક ડેટાબેઝ તરીકે શરૂ કરાયું હતું, તે લોન્ચ થયાના લગભગ એક વર્ષ પછી પણ તેની અપેક્ષા મુજબ કામ કરી રહ્યું નથી. એક આરટીઆઈ પ્રશ્નના જવાબમાં, નેશનલ મેડિકલ કમિશનએ સ્વીકાર્યું છે કે રાજ્યોની મેડિકલ કાઉન્સિલમાં નોંધાયેલા ૧૩.૯ લાખ ડોક્ટરોમાંથી માત્ર ૯૯૬ ડોક્ટરોને જ એનએમઆર નોંધણી મળી છે.

એનએમઆર પોર્ટલ પર નોંધણી માટે કુલ ૧૧,૨૦૦ અરજીઓ આવી હતી, જેમાંથી ૮ ઓગસ્ટ સુધીમાં ૯૧% અરજીઓ મંજૂર કરવામાં આવી નથી. આ મંજૂરી પ્રક્રિયાની અત્યંત ધીમી ગતિને કારણે ડોક્ટરોમાં આ પોર્ટલ પ્રત્યેનો ઉત્સાહ ઓછો થયો છે. શરૂઆતના ત્રણ મહિનામાં ૬,૦૦૦ અરજીઓ મળી હતી, પરંતુ પછીના ચાર મહિનામાં આ સંખ્યા ઘટીને ૮૦૦થી પણ ઓછી થઈ ગઈ છે. આ ઉપરાંત, એનએમઆર ને રાજ્ય મેડિકલ કાઉન્સિલના રજિસ્ટર સાથે જોડવાનું બાકી છે, જેના કારણે ડેટાનું સંકલન થઈ શક્યું નથી. આ ઉપરાંત જાણકારોનું માનવું છે કે ''જ્યારે રાજ્ય પરિષદો ડોક્ટરની સદસ્યતાની પુષ્ટિ કરે છે, ત્યારે પણ એનએમસી તેને નકારી રહ્યું છે.''

(અનુ. આઠમા પાને)

# જમ્મુ-કાશ્મીરના કુલગામમાં ૨ જવાન શહીદ, એક આતંકી ઠાર

## ૧ ઓગસ્ટથી ચાલી રહેલા ઓપરેશન અખલનો આજે નવમો દિવસ: અત્યાર સુધીમાં કુલ ત્રણ આતંકી ઠાર મરાયા

**અબતક, નવી દિલ્હી**

જમ્મુ-કાશ્મીરના કુલગામથી રક્ષાબંધનના દિવસે જ દુઃખદ સમાચાર સામે આવ્યા છે. કુલગામના અખાલ વિસ્તારમાં આતંકીઓ સાથે નવમા દિવસે પણ અથડામણની સ્થિતિ જોવા મળી. સમગ્ર વિસ્તારમાં જોરદાર ધડાકા અને ફાયરિંગનો અવાજ ગુંજતો રહ્યો. જે દરમિયાન ભારતીય સૈન્યના બે જવાન શહીદ થઈ ગયા. જોકે અન્ય બે જવાન ગત રાત્રે ઈજાગ્રસ્ત થયા હતા.



અત્યાર સુધી એન્કાઉન્ટરમાં એક આતંકીનો મૃતદેહ મળી આવ્યો હતો. જોકે કુલ બે જવાન શહીદ અને દસ જવાન ઈજાગ્રસ્ત થઈ ગયા છે. સૂત્રો કહે છે કે ગાઢ જંગલ અને પ્રાકૃતિક ગુફાઓ જેવા ઠેકાણાઓનો લાભ લઈને કમ સે કમ ત્રણ કે તેનાથી વધુ આતંકી હજુ ત્યાં છુપાયેલા છે. આ એન્કાઉન્ટર છેલ્લા દાયકામાં સૌથી લાંબા ચાલેલો આતંકવાદ વિરોધી અભિયાન બની ગયો છે.

શુક્રવાર રાતથી સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે ગોળીબાર ચાલુ હતો. આમાં ચાર સૈનિકો ઘાયલ થયા હતા. બે સૈનિકો લાન્સ નાયક પ્રિતપાલ સિંહ અને સિપાહી હરમિંદર સિંહ શહીદ થયા હતા.

૨ ઓગસ્ટની સવારે સુરક્ષા દળોએ બે આતંકવાદીઓને પણ ઠાર માર્યા હતા. એક આતંકવાદીની ઓળખ પુલવામાના હરિસ નઝીર ડાર તરીકે થઈ હતી, જે સી-કેટેગરીનો આતંકવાદી હતો.

'ઓપરેશન અખલ' સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ, જમ્મુ અને કાશ્મીર પોલીસ, સેના અને સીઆરપીએફ દ્વારા ચલાવવામાં આવી રહ્યું છે. જંગલમાં વધુ આતંકવાદીઓ છુપાયેલા હોવાની શકયતા છે. બંને બાજુથી ગોળીબાર ચાલુ છે.

# સૌરાષ્ટ્ર-કચ્છના ૨૫ સહિત ૮૪ મામલતદારોની બદલી

## ૪૫ નાયબ મામલતદારને હંગામી ધોરણે મામલતદાર તરીકે બઢતી અપાય: ૯ અજમાયશી મામલતદારને સ્વતંત્ર કામગીરી માટે નિયુકત કરાય

**અબતક, રાજકોટ**

રાજય સરકારના મહેસુલ વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છના ૨૫ સહિત રાજયના ૮૪ મામલતદારની બદલી કરવામાં આવી છે. જયારે ૪૫ નાયબ મામલતદારને મામલતદાર તરીકે બઢતી આપવામાં આવી છે. ૯ અજમાયશી મામલતદારોને ૭૫ અઠવાડિયા માટે હંગામી ધોરણે મામલતદાર તરીકે નિયુકતી આપવામાં આવી છે.

સાતમ આઠમના તહેવાર પૂર્વે જ રાજય સરકારના મહેસૂલ વિભાગ દ્વારા ગઈકાલે મોડી રાત્રે ૮૪ મામલતદારોની બદલી કરવામાં આવી છે. જેમાં સૌરાષ્ટ્ર-કચ્છના ૨૫ મામલતદારોનો સમાવેશ થાય છે. જૂનાગઢના મામલતદાર કે.એ. ત્રિવેદીની ગાંધીનગર ખાતે જૂનાગઢના ચૂંટણી મામલતદાર પૌલભાઈ ખ્રિસ્તીની અમદાવાદ ખાતે, તાલાલાના મામલતદાર સતિષકુમાર જાંબુચાની સિહોર ખાતે સિહોરના મામલતદાર રમેશભાઈ પ્રજાપતિની ધોલેરા સર ખાતે, લોધિકાના મામલતદાર કૃષ્ણકુમારસિંહ ચુડાસમાની તાલાલાના મામલતદાર તરીકે નિયુકતી કરવામાં આવી છે.

જેસરના મામલતદાર હિરેનકુમાર મૈસુરિયાની ચિખલી ખાતે, ચોટીલાના મામલતદાર પ્રકાશકુમાર જોશીની ધારી ખાતે, વિસાવદરના મામલતદાર નીતિનકુમાર લંઘનોજાની રાજકોટ ખાતે પબ્લિક રિલેશન ઓફિસર તરીકે, ભૂજના મામલતદાર નસીબ સુમરાની લીંબડી ખાતે, કોડિનારના મામલતદાર ધર્મેન્દ્રકુમાર વરમોરાની પવિત્ર યાત્રાધામ બોર્ડના એડમીનીસ્ટ્રેટીવ ઓફીસર તરીકે નિયુકતી કરાય છે.

ઓખા મંડળના મામલતદાર જીજ્ઞેશાઈ મહેતાની જોડિયા ખાતે, બાબરાના મામલતદાર કિશોરકુમાર સુમરાની બોટાદ ખાતે, સુરેન્દ્રનગરના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ ઈમરજન્સી રિપોન્સ સેન્ટરના મામલતદાર હરગોવિંદભાઈ પરમારની પાટણના સામી ખાતે બદલી કરવામાં આવી છે.

કચ્છના લખપતના મામલતદાર સલીમભાઈ ડોડિયાની મોરબી ખાતે, લીંબડીના મામલતદાર કે.ડી. સોલંકીની આણીના પેટલાદ ખાતે, રાજકોટના કુમારી જે.ડી.જાડેજાની ઉમરાળા મામલતદાર તરીકે, સુરેન્દ્રનગરના મયુરકુમાર દવેની સુરેન્દ્રનગરના ચિટનીસ તરીકે, પોરબંદરના ડિઝાસ્ટર મામલતદાર કુમારી આર.કે. પરમારની અરવલ્લી ખાતે, વંથલીના મામલતદાર એમ.ડી.દવેની જૂનાગઢ જિલ્લાના પીઆરઓ તરીકે માંગરોલના એચ.એન.પરમારની સુરેન્દ્રનગર જિલ્લાના પબ્લિક રિલેશન ઓફીસર તરીકે વેરાવળ (રૂરલ)ના મામલતદાર રજનીકાંત પરાસનિયાની વેરાવળ (સિટી)ના મામલતદાર તરીકે મોરબી (રૂરલ)ના મામલતદાર એમ.ટી. ધનવાણીની પોરબંદર જિલ્લાના ચિટનીસ તરીકે, જામ ખંભાળીયાના મામલતદાર વિક્રમભાઈ વરૂની અમરેલી મામલતદાર તરીકે, મુળીના મામલતદાર રાકેશકુમાર પટેલની નખત્રાણા ખાતે બદલી કરવામાં આવી છે. રાજ્યના ૮૪ મામલતદારોની બદલી કરવામાં આવી છે.

જયારે ૪૫ નાયબ મામલતદારોને હંગામી ધોરણે મામલતદાર તરીકે બઢતી આપવામાં આવી છે.જેમાં જામનગરના ભૂમીકાબેન મકવાણા, ભાવનગરના રાજેન્દ્રસિંહ સરવૈયા, અનિલકુમાર રાવલ, પોરબંદરના રાજુભાઈ ખોડભાયા, ભાવનગરના વિજયરાજસિંહ ગોહિલ, મોરબીના સંજયકુમાર બારિયા, ભાવનગરના પ્રિયંકાબેન જાની, દેવભૂમિ દ્વારકાના મહેશભાઈ પરમાર, અમરેલીના હિંમતભાઈ ભાસ્કર, મોરબીના તેજસકુમાર પટેલ, બોટાદના સુરેશભાઈ ખંમભાલ્યાને બઢતી આપી અલગ અલગ જગ્યાએ પોસ્ટીંગ આપવામાં આવ્યા છે.

જયારે ૯ અજમાયશી મામલતદારોને ૭૫ અઠવાડિયાની સ્વતંત્ર કામગીરી માટે નિયુકત કરવામાં આવ્યા છે.

ન્યુ રીનોવેટેડ લગ્નહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા

જન્માષ્ટમી પ્રવાસો કન્ફોર્મ
રાજસ્થાન: જેસલમેર, જોધપુર, રામદેવળા — દિ:૫ 6500/-
નાથદ્વારા: આબુ, અંબાજી — દિ:૪ 5500/-
દર્શન મુંબઈ: એસલવર્લ્ડ, નાશિક, શિરડી, ત્રંબેકેશ્વર — દિ:૫ 6500/-
કચ્છ: નારણ સરોવર, ભુજ, અંબે માં, આશાપુરા, સફેદ રણ, કાળો ડુંગર — દિ:૪/4500/- ઉ.તા.૧૪ ઓગ.
ઉજજૈન: ઓમકારેશ્વર, નાશિક, શનિદેવ, શિરડી, ત્રંબેકેશ્વર — દિ:૫/6500/- ઉ.તા.૧૩ ઓગ.
બાળકો FREE — મનપસંદ સીટ વહેલા તે પહેલાના ધોરણે ૪ વ્યક્તિ દીઠ રૂમ, બ્રેકફાસ્ટ-લંચ-ડીનર — 10% ડિસ્કાઉન્ટ
વૃંદાવન યાત્રા સંઘ — બુકિંગના છેલ્લા દિવસો — મો.૯૮૯૮૩ ૫૦૦૯૬

# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

## મેષ — અ,લ,ઈ

ધંધા વ્યવસાયના અધૂરા તથા પેંડીગ રહેલ કાર્ય પૂરા થઈ જવાના સંયોગ. પેટ્રોલિયમ-પેટ્રોકેમિકલ્સ પ્રોડક્ટના ઔદ્યોગિક તથા વાણિજ્યક એકમના જાતક માટે આ સપ્તાહ પ્રતિકૂળ તથા દોડધામ વાળું રહેવાના સંયોગ. આ સિવાયના અન્ય, ઔદ્યોગિક એકમ તથા વ્યાપારી એકમના જાતક માટે અર્ધ લાભદાયી સપ્તાહ. ધંધા ઉદ્યોગમાં નવી નવી તક આવવાની પણ સંભાવના. સરકારી કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ રહેશે.ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ દરમિયાન આર્થિક લાભ સાથે બઢતીના પણ સંયોગો. સગાં સ્નેહી તથા મિત્રો સાથે તનાવ વાળુ વાતાવરણ રહે. મહિલા કર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે હળવું લાભદાયી સપ્તાહ. ૧૫ તથા ૧૬ ઓગસ્ટ સરેરાશ રહેશે.(પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

## વૃષભ — બ,વ,ઉ

આ સપ્તાહ હળવું હળવું પ્રતિકૂળ જણાશે આથી, નિષ્ણાતની સલાહ સૂચન અનુસાર નવા કામકાજનો પ્રારંભ કરવો. સેલીબ્રીટી એવમ જાહેર ક્ષેત્રની વ્યક્તિઓ માટે આ સપ્તાહ અર્ધ પ્રતિકૂળ નીવડશે. મોટા ઉદ્યોગ એવમ લોખંડ તથા અન્ય ધાતુ સંબંધિત તમામ ઉદ્યોગ ધંધાના જાતક માટે આ સપ્તાહ અર્ધ સરેરાશ નીવડશે. વ્યાપાર-વણિજના તમામ જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અર્ધ મધ્યમ રહેશે. પરિવાર કે સ્નેહીઓ વચ્ચે ખટરાગ સર્જાવાના સંયોગ. વિદ્યાર્થી, નિવૃત્ત, ગલૃહિણી, તેમજ મહિલાકર્મી માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. ૧૩ તથા ૧૪ ઓગસ્ટ સાવ સામાન્ય નીવડશે.

## મિથુન — ક,છ,ઘ

જાહેર ક્ષેત્ર તથા રાજકીય ક્ષેત્રની વ્યક્તિ માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. પેકિંગ- કેનિંગ ફૂડ એવમ ફાસ્ટ ફૂડ એકમના જાતક આ સપ્તાહ લાભદાયક રહેશે. શૃંગારને સંબંધિત ઉદ્યોગ ધંધાના જાતક માટે દોડધામ વાળું સપ્તાહ. આ સિવાયના ઔદ્યોગિક ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહે અણધાર્યા લાભના સંયોગ. વ્યાપાર વણિજ સર્વિસ બિઝનેસ ધરાવતા જાતક માટે આ સપ્તાહ લાભકારક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે સાનુકૂળ સપ્તાહ. ખાનગી કર્મચારી માટે લાભકારી સપ્તાહ.પરિવાર તરફથી સહકાર ની સંભાવના. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી માટે આ સપ્તાહ સારુ એવમ સાનુકૂળ નીવડશે. ૧૧ તથા ૧૨ ઓગસ્ટ સામાન્ય જણાશે.

## કર્ક — ડ,હ

ફેશન, ફેબ્રીકના ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. આ સપ્તાહ દરમિયાન વણસી ગયેલા, જૂના સંબંધ, સુધરી જવાના સંયોગ એવમ શક્યતા. ઉદ્યોગ ધંધા સંબંધિત અધૂરા રહેલા કામકાજ પૂરા થઈ જવાના સંયોગ. ઔદ્યોગિક તથા વ્યાપાર વણિજના એકમના જાતક માટે આ સપ્તાહ હળવું ચડાવઉતાર વાળુ જણાશે. નાના તથા છૂટક વ્યાપારી માટે આ સપ્તાહ હળવી દોડધામ રહેશે સાથોસાથ લાભદાયક પણ રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ બહુ જ લાભદાયક નીવડશે. નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ લાભકર્તા નીવડશે. ૧૩ ઓગસ્ટ મધ્યમ જણાશે.

## સિંહ — મ,ટ

જાહેર ક્ષેત્ર સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાયેલ વ્યક્તિઓ માટે આ સપ્તાહ બહુ જ લાભદાયક નીવડશે. સર્વિસ બિઝનેસ ના જાતક માટે આ સપ્તાહ ખૂબ લાભદાયક નીવડશે. આ સપ્તાહે ધંધા વ્યવસાય હેતુ લાંબા પ્રવાસ થવાની સંભાવના. કમીશન મર્ચન્ટ માટે આ સપ્તાહે ચડાવ ઉતારની સાથોસાથ લાભદાયક પણ નીવડશે. ઔદ્યોગિક એકમ વાળા જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. વ્યાપાર વણિજના જાતક માટે આ સપ્તાહ ચડાવ ઉતાર સાથે હળવું લાભકારી નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી તેમજ સરકારી કર્મચારીઓ માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. મહિલા કર્મી, નિવૃત્ત, ગૃહિણી, વિદ્યાર્થી માટે સાનુકૂળ સપ્તાહ. ૧૫ તથા ૧૬ ઓગસ્ટ સરેરાશ નીવડશે.

## કન્યા — પ,ઠ,ણ

સ્થાન એવમ દિકબલી શનિ તથા શશ યોગ વાળા આ કન્યા રાશિના જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારી નીવડશે. સર્વિસ બિઝનેસ ધરાવતા જાતક માટે લાભકારી સપ્તાહ. ફાસ્ટ ફૂડ, પેકિંગ ફૂડ તેમજ ફેશન, તથા શૃંગારને સંબંધિત ઉદ્યોગ ધંધાના જાતક માટે આ સપ્તાહ દરમ્યાન હળવા તથા આકસ્મિક લાભનો સંયોગ. ઔદ્યોગિક ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહ સામાન્ય અને સરેરાશ નીવડશે. મધ્યમ કદના વ્યાપાર વણિજના જાતક લાભદાયી સપ્તાહ. સરકારી કર્મચારી માટે સરેરાશ સપ્તાહ. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે હળવું લાભદાયી સપ્તાહ. મહિલા કર્મચારી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે સાનુકૂળ સપ્તાહ. ૧૧ તથા ૧૨ ઓગસ્ટ સામાન્ય જણાશે.

## તુલા — ર,ત

ગ્રેઈન મર્ચંટ, તથા જથ્થા બંધ વ્યાપારી જાતક માટે આ સપ્તાહ સવિશેષ લાભકર્તા નીવડશે. મોટા ઔદ્યોગિક એકમના જાતક એવમ વ્યાપાર કે વણિજ ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહ આર્થિક રીતે લાભદાયક નીવડશે પરંતુ આ સપ્તાહ સંઘર્ષપૂર્ણ જણાશે. અગાઉના વર્ષમાં, અધૂરા કે ટલ્લે ચડેલ સરકારી કામકાજ પૂરા થવાના સંયોગ. આ સપ્તાહે સરકારી ક્ષેત્રના કર્મચારી વર્ગ માટે બઢતી બદલીના સંયોગ એવમ સંભાવના. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ, અધિકારીઓ માટે આ સપ્તાહ બહુ લાભદાયી નીવડશે. પરિવાર સાથે ધાર્મિક યાત્રાના અવસર. વિદ્યાર્થી, નિવૃત, મહિલાકર્મી, તથા ગૃહિણી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. ૧૨ તથા ૧૪ ઓગસ્ટ મધ્યમ રહેશે.

## વૃશ્ચિક — ન,ય

સર્વિસ બિઝનેસના જાતક તેમજ મેનેજમેન્ટ/ફાઈનાન્સ રીલેટેડ કન્સલ્ટીંગ ફર્મસના જાતક માટે આ સપ્તાહ લાંબા પ્રવાસ વાળુ એવમ લાભકારી નીવડશે. ખાદ્ય તેલ તેમજ તૈલી પદાર્થ ના ઔદ્યોગિક એકમ તેમજ વ્યાપારી એકમના જાતકો માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. જથ્થાબંધ વ્યાપારી માટે આ સપ્તાહ મધ્યમ રહેશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી તથા ગૃહિણી માટે આ સપ્તાહ પણ હળવું હળવું ફાયદાકારક નીવડશે. ૬ ઓગસ્ટ સાધારણ જણાશે.

## ધન — ભ,ફ,ધ,ઢ

વ્યવસાયિક કલા એવમ પરામર્શ વ્યવસાયના જાતક માટે આ સપ્તાહ લાભદાયક સપ્તાહ રહેશે. ફાર્મસી ક્ષેત્રે ખાસ કરીને મોટી ફાર્મસી તેમજ ફાર્મા-કેમિકલ ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહ નબળું નીવડવાની શક્યતા. ખાનગી શૈક્ષણિક સંસ્થાના ટ્રસ્ટી તથા હોદેદારો માટે આ સપ્તાહ સાધારણ રહેવા પામે. પબ્લિક ટ્રાન્સ્પોર્ટેશન, ટ્રાવેલ્સ કે હોટેલ બુકિંગ સાથે જોડાયેલા તમામ જાતક માટે આ સપ્તાહ અર્ધ લાભકારક નીવડશે. વ્યાપાર વણિજના જાતક માટે સાનુકુળ સપ્તાહ રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે સાનુકૂળ અથવા સરેરાશ સપ્તાહ. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે ઉત્તમ સપ્તાહ. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી અને વર્કીંગ વૂમન માટે સાનુકૂળ સપ્તાહ ૧૩ ઓગસ્ટ સામાન્ય નીવડશે.

## મકર — ખ,જ

કલા વ્યવસાયના જાતક માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. રાજકીય ક્ષેત્રની વ્યક્તિ વિશેષ માટે આ સપ્તાહ લાભદાયક જણાશે. સૌંદર્ય પ્રસાધન એવમ ફેશન સંબંધિત ઉદ્યોગ-ધંધા વ્યવસાયના જાતક એવમ પેકીંગ ફૂડ, કેનિંગ ફૂડ તથા ફાસ્ટ ફૂડ એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડે તેવી સંભાવના. આ સિવાયના, અન્ય, ઔદ્યોગિક ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહ દરમિયાન અણધાર્યા લાભ થવાની સંભાવના. ઔદ્યોગિક એકમ તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે લાભદાયક સપ્તાહ. પરિવારજનો તથા મિત્ર સાથે સુમેળ થવાના સંયોગ. ૧૨ ઓગસ્ટ મધ્યમ નીવડશે.

## કુંભ — ગ,શ,ષ

પેરા-મેડિકલના જાતક માટે આ સપ્તાહ સરેરાશ રહે તેવા સંયોગ. મેડિકલ, તેમજ ફાર્માસ્યુટીકલ્સના જાતક માટે આ સપ્તાહ હળવા ચડાવ ઉતાર સાથે લાભદાયી નીવડશે. ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ એવમ હળવું લાભદાયક નીવડશે. કમીશન ગ્રેઈન મર્ચન્ટ, જથ્થાબંધ વ્યાપાર સાથે જોડાયેલ વ્યાપારી જાતક માટે આ સપ્તાહ મંદી વાળુ જોવા મળશે. નાના તથા છૂટક વ્યાપારી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. સરકારી કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી, અધિકારી માટે આ સપ્તાહ સાવ સરેરાશ નીવડશે.વિજ્ઞાનની તમામ શાખાના વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી, મહિલા કર્મી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. ૧૩ તથા ૧૬ ઓગસ્ટ સાધારણ રહેશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન).

## મીન — દ,ચ,ઝ,થ

નાના તથા કુટિર ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે મોટા ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ઔદ્યોગિક એકમમાં વાયુ તત્વને લઈને પ્રોબ્લેમ આવવાની સંભાવના. રસાયણ તેમજ સ્ટેશનરી સંબંધિત જથ્થાબંધ વેપારના જાતક માટે આ સપ્તાહ ચડાવઉતાર વાળુ અથવા પ્રતિકૂળ જણાશે. આ સિવાયના વ્યાપારી જાતક માટે આ સપ્તાહ આંશિક લાભકારક રહેશે. સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ અર્ધ મધ્યમ રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી તથા માટે આ સપ્તાહ મધ્યમ જણાશે. ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી તથા મહિલા કર્મી માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક જણાશે. ૧૫ ઓગસ્ટ સામાન્ય રહેશે. (પન્નોતિનો ઉપાય દાન + અભ્યંગ સ્નાન).

---

**કાલે વિશ્વ સિંહ દિવસ**

# સમગ્ર એશિયા ખંડમાં એકમાત્ર સૌરાષ્ટ્રના જંગલોમાં જ સિંહોનો વસવાટ

## ચાર દાયકામાં તેની વસ્તીમાં ૫૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો છેઃ સિંહ નૃત્ય અનેક સંસ્કૃતિઓનું અભિન્ન અંગ છેઃ પ્રાચીન સ્થાપત્યમાં સિંહોને શક્તિ અને રક્ષણના પ્રતિક તરીકેનું સ્થાન અપાયું છેઃ ગુજરાતમાં ગીર, જુનાગઢ, અમરેલી, ભાવનગર જેવા વિસ્તારોમાં સિંહ જોવા મળે છે

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

સિંહ નેતૃત્વ અને ગૌરવનું પ્રતીક મનાય છે, જે લગભગ દરેક સંસ્કૃતિમાં જોવા મળે છે, હિન્દુ અને અન્ય સંસ્કૃતિમાં પણ સિંહની પૂજા કરવામાં આવે છે. કાલે વિશ્વ સિંહ દિવસ છે, ત્યારે આ વર્ષની ઉજવણી થીમ માં સિંહોનું રક્ષણ કરવાની પ્રતિજ્ઞા લેવાની વાત કરી છે. સિંહ એક મજબૂત માંસાહારી જંગલી પ્રાણી છે. તેના મજબૂત પંજા અને પૂંછ રેશમ જેવી મુલાયમ અને ગુચ્છાદાર હોય છે. જંગલમાં નર સિંહ ૧૨ થી ૧૬ વર્ષ જ્યારે માદા ૧૫ થી ૧૮ વર્ષ જીવે છે. પ્રાણી ઘરમાં ૨૦ વર્ષથી વધુ પણ જીવે છે. દર બે વર્ષે માદા ૧ થી ૪ બચ્ચાને જન્મ આપે છે. બાળ સિંહ બે વર્ષની ઉંમરે જ ગર્જના કરવાનું શરૂ કરે છે, સિંહની ગર્જના આઠ કિલોમીટર દૂર પણ સંભળાય છે. ઘણા રાજાઓ સિંહને પાંજરામાં રાખતા, તે શક્તિનું પ્રતિક ગણાતું. દુનિયામાં જંગલો ખતમ થતા તેની વસ્તી ઘટી રહી છે. હાલ વિશ્વમાં સિંહની બે જ પ્રજાતિઓ બાકી છે. જેમાં એશિયાટિક લાયન અને આફ્રિકન સિંહની લગભગ છ પેટા જાતિઓ જોવા મળે છે. શિકારી ચામડી, હાડકા માટે તેનો શિકાર કરે છે. તેનો મુખ્ય ખોરાક નીલગાય, હરણ, ચિતલ અને સાબર છે.

સિંહોનો શિકાર, વસવાટનો વિનાશ અને માનવ-સિંહ સંઘર્ષ જેવા જોખમો વચ્ચે કાલે ઉજવાશે 'વિશ્વ સિંહ દિવસ'.આજના યુગમાં આપણી 'જાતને બચાવવા માટે, જાનવરોના રાજાને બચાવવા'નો સંદેશ છે. જંગલના રાજાની ઉજવણી કરવાની અને તેની સુખાકારી અને સંરક્ષણ વિશે જાગૃત્તિ લાવવાનો દિવસ અને તક છે.'વિશ્વ સિંહ દિવસ'ની શરૂઆત ફ્લોરીડાના દંપતીએ આજના દિવસે ૨૦૧૩માં કરી હતી. ગીરમાં ૨૦૧૬થી આ ઉજવણીની શરૂઆત થઇ હતી. સિંહ પ્રથમવાર એક લાખ વર્ષ પહેલા આફ્રિકામાં જોવા મળ્યો હતો. 'સેવ લાયન' આ સુત્ર ઘણા વર્ષોથી આપણે સાંભળીએ છીએ પણ વિશ્વમાં ફ્લોરીડાના વાઈલ્ડ લાઈફના ક્ષેત્રમાં જાણીતું નામ ડેરેક અને બેવરલી જોબર્ટ દ્વારા આફ્રિકાના જંગલોમાં ફરીને સિંહ સહિતના પ્રાણીઓ વિશે ખુબ અભ્યાસ કર્યા બાદ બિલાડી કુળની આ પ્રજાતિને બચાવવા એક ઝુંબેશ શરૂ કરી. સિંહોને બચાવવા હોય તો લોકોને આ મુહિમમાં જોડવા અનિવાર્ય હોવાથી સૌપ્રથમવાર વિશ્રમાં ૧૦ ઓગસ્ટ ૨૦૧૩ના રોજ વિશ્ર સિંહ દિવસની ઉજવણી શરૂ કરી હતી. બાદમાં વાઈલ્ડ લાઈફ ક્ષેત્રે કાર્ય કરતી અનેક સંસ્થાઓ જોડાવા લાગી હતી. આપણાં દેશમાં છેલ્લા દસકામાં તેની વસ્તી લગભગ ૬૦ ટકા જેવી વસ્તી વધી છે.

એક સમયે આપણાં ભારતમાં હરિયાણા, ઝારખંડ, રાજસ્થાન સહિત અનેક રાજ્યોમાં સિંહ વસવાટ કરતા હતા, દક્ષિણ ગુજરાતનાં એરિયામાં પણ સિંહો જોવા મળતા પણ ધીરે ધીરે સિંહો માત્ર ગીરનાં જંગલોમાં બચ્યા છે. એક સમયે તો માત્ર ૨૦ જ સિંહ હતા. ત્યારે જુનાગઢના નવાબે સિંહોના શિકાર પર પ્રતિબંધ મુક્યો હતો. ૧૯૯૦ બાદ દર વર્ષે દર પાંચ વર્ષે તેના આંકડા સતત વધી રહ્યા છે. છેલ્લા આંકડા મુજબ ૬૬૪ સિંહોની સંખ્યા છે. હાલ સૌરાષ્ટ્રના પાંચ જીલ્લામાં સિંહોનો વસવાટ જોવા મળે છે. સમગ્ર એશિયાખંડમાં એકમાત્ર સૌરાષ્ટ્રમાં સિંહોનો વસવાટ છે. આ દિવસ જંગલના રાજાની ઉજવણી કરવાની અને તેની સુખાકારી અને સંરક્ષણ વિશે જાગૃત્તિ લાવવાની તક છે. સિંહોનો શિકાર, વસવાટનો વિનાશ, માનવ-સિંહ વચ્ચેના સંઘર્ષ જેવા જોખમો વિશે ચિંતા વ્યક્ત કરવાનો દિવસ છે. આજના દિવસના મુખ્ય ઉદ્દેશ્ય જાતને બચાવવા માટે જાનવરોના રાજાને બચાવવાનો સંદેશ છે. આશરે ચાર મિલિયન વર્ષો પહેલા સિંહો યુરોપ, આફ્રિકા, એશિયા અને મધ્ય પૂર્વમાં તેમના કુદરતી વાતાવરણમાં રહેતા હતા. જો કે હવે દુનિયામાં આફ્રિકા અને એશિયા જેવા બે જ સ્થળોએ જોવા મળે છે. બન્ને પ્રાંતોમાં સિંહ જોખમી પ્રજાતિઓની રેડ યાદીમાં લુપ્તપ્રાય તરીકે સુચિબધ્ધ છે. આજે દુનિયામાં માત્ર ૩૦ હજારથી એક લાખ વચ્ચેની સંખ્યામાં સિંહો બચ્યા છે. છેલ્લા ચાર-પાંચ દાયકામાં સિંહોની વસ્તી લગભગ અડધી થઇ ગઇ છે. સિંહ વિશ્રની સૌથી પ્રતિષ્ઠિત પ્રજાતિ છે. લગભગ દરેક ખંડો ઉપર અને હજારો સંસ્કૃતિઓમાં તેનું સ્થાન જોવા મળે છે તેને વનરાજ અથવા જંગલોનો રાજા પણ કહેવાય છે. સમગ્ર યુગમાં સિંહોનું સાંકેતિક મહત્વ હોવા છતાં આજે આફ્રિકા અને ભારતના ગીરમાં જ તે મુશ્કેલી વચ્ચે અસ્તિત્વ ટકાવવા ઝઝુમી રહ્યા છે. સિંહો તેમના વિસ્તારના સર્વોચ્ચ શિકારી છે. તેઓ ટોળાના સૌથી નબળા પ્રાણીને નિશાન બનાવે છે. પર્યાવરણી સંતુલન અને શિકારની વસ્તીમાં રોગ નિયંત્રણમાં મદદ કરે છે.વિશ્રમાં આપણો એક માત્ર દેશ એવો છે જ્યાં તેની વસ્તી વધી છે. સિંહ જેવું રાજવી બીજુ કોઇ પ્રાણી નથી. ચાલો આપણે સૌ જંગલના રાજાને આપણી આવનારી પેઢીઓ માટે આ દુનિયામાં રાખવા માટે બચાવવીએ. સિંહ એક જાજરમાન મોટી બિલાડી છે જેનું વજન ૫૦૦ પાઉન્ડ જેટલું હોય છે અને ૧૦ ફૂટ લાંબુ તેનું શરીર હોય છે. વાઘ પછી બિલાડી પરિવારનો બીજો સૌથી મોટો સભ્ય છે. જન્મ પછી તે તરત જ અવાજ કરી શકે છે પણ એક વર્ષના થાય ત્યાં સુધી ગર્જના કરી શકતા નથી. તેની ત્રાડ કે ગર્જના ૮ કી.મી. સુધી સંભળાય છે. સિંહ નિયમિત પણે સામાજીક જુથમાં રહેનારૂ પ્રાણી છે. ૧૦ થી ૧૫નું તેનું જુથ જે ૨ થી ૪૦ સભ્યો પણ થઈ શકે છે. કેન્યાના સવાનાના નર સિંહ માદાઓ વચ્ચે એકલા લીડરશીપ ભોગવે છે. તે દર કલાકે ૮૭ કિ.મી.ની ઝડપે દોડી શકે છે. માદાઓ બચ્ચા ઉછેરની જવાબદારી સંભાળે છે. સિંહ લગભગ એક દિવસમાં વીસ પાઉન્ડ માંસ ખાય છે પણ ક્યારેક સો પાઉન્ડ પણ ખાય જાય છે. ઘણી માદાઓ એક સાથે બચ્ચાને જન્મ આપતી હોવાથી અન્ય માદાઓ પણ બીજા બચ્ચાને સ્તનપાન કરાવે છે. એક સમયે વિશ્રભરમાં જોવા મળતા સિંહો હિમયુગ અને કુદરતી આબોહવા પરિવર્તનને કારણે એશિયા અને આફ્રિકામાં જ ટકી શક્યા છે. સિંહની પ્રજાતિ વિશ્વની સૌથી મોટી પ્રજાતિઓ પૈકી એક છે જેને પેન્થેરા લીઓ તરીકે ઓળખાય છે.



### દરેક બહાદુર માણસના હૃદયમાં સિંહ સૂતો હોય છે

જંગલના રાજાના સંવર્ધન અને સંરક્ષણ માટેની જનજાગૃત્તિ માટે ઉજવાતો 'વર્લ્ડ લાયન ડે'ના મુખ્ય ત્રણ ઉદ્દેશ્યો છે. જેમાં જંગલોમાં સિંહોને કઇ સમસ્યાનો સામનો કરવો પડે છે. તેની લોકોમાં જાગૃત્તિ લાવવી. બીજું જંગલના રાજા સિંહને બચાવવાના રસ્તાઓ શોધવાનું છે. ત્રીજા ઉદ્દેશ્યમાં જંગલની નજીક રહેતા લોકોને સિંહોના જોખમો વિશે અને તેઓ તેમને માર્યા વિના પોતાનું રક્ષણ કેવી રીતે કરી શકે તે શીખવવાનું છે. વિશ્વમાં સિંહની બાકીની પ્રજાતિઓનું રક્ષણ અને સંરક્ષણએ નેશનલ જિયોગ્રાફી બિગ કેટ ઈનિશિયેટિવનો મુખ્ય હેતું છે. ટર્કિશ કહેવત મુજબ 'દરેક બહાદુર માણસના હૃદયમાં સિંહ સૂતો હોય છે.

---

## સૂડોકુ -૭૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૪ | | | | ૨ | | | ૯ |
| | | | ૮ | ૭ | | | | ૨ |
| | ૩ | | ૫ | ૯ | ૬ | | | |
| | | ૪ | | | | ૨ | | ૫ |
| | | | | | ૩ | | | ૧ |
| | | ૭ | ૨ | | | | ૩ | |
| ૯ | | | | | ૧ | | | |
| | ૨ | | ૩ | | | | ૫ | |
| ૪ | | | | | ૭ | | ૧ | ૬ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૭૦ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૪ | ૬ | ૭ | ૫ | ૯ | ૨ | ૩ | ૮ |
| ૫ | ૭ | ૮ | ૨ | ૬ | ૩ | ૧ | ૪ | ૯ |
| ૨ | ૯ | ૩ | ૪ | ૮ | ૧ | ૫ | ૭ | ૬ |
| ૮ | ૩ | ૪ | ૬ | ૨ | ૭ | ૯ | ૫ | ૧ |
| ૬ | ૧ | ૭ | ૮ | ૯ | ૫ | ૩ | ૨ | ૪ |
| ૯ | ૫ | ૨ | ૧ | ૩ | ૪ | ૬ | ૮ | ૭ |
| ૪ | ૨ | ૧ | ૫ | ૭ | ૬ | ૮ | ૯ | ૩ |
| ૩ | ૬ | ૫ | ૯ | ૪ | ૮ | ૭ | ૧ | ૨ |
| ૭ | ૮ | ૯ | ૩ | ૧ | ૨ | ૪ | ૬ | ૫ |

---

## અબતક પંચાગ

### તા.૧૦-૮-૨૦૨૫ રવિવાર

**વિક્રમ સંવત** ૨૦૮૧ **શાલીવાહન શકિ**: ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** શ્રાવણ વદ એકમ
**નક્ષત્ર** ધનિષ્ઠા
**યોગ** શોભન **કરણઃ** તૈમિલ
**સુર્યોદય** ૬.૨૪ **સુર્યાસ્તઃ** ૭.૨૧
**ચંદ્ર રાશી** કુંભ
**રાશિ અક્ષર** ગ.શ.સ
**દિશાશૂળ** પૂર્વ દિશા તરફ
**રાહુકાળ** સાંજે ૪.૩૦ થી ૬
**દિવસનાચોઘડીયા** ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ
**રાત્રીનાચોઘડીયા** શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૭ થી ૧.૧૯

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

---

## કાર્યક્રમોની યાદી — અબ તક CHANNEL

**તારીખ ૦૯-૦૮-૨૦૨૫ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (અજબ રાત ની ગજબ વાત)
૦૨:૦૦ થી ૦૭:૦૦ હરી ૐ ફૌજ અને રાજગોર બ્રાહ્મણ યુથ કલબ દીક્ષાત સમારોહ (લાઈવ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૦-૦૮-૨૦૨૫ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કમઠાણ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (બેનામી ખીર)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃઆજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.દીપા મણિયાર)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (ગુક્કુભાઈ બન્યા દબંગ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૧-૦૮-૨૦૨૫ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

---


## આવતીકાલનું રાશિફળ

### તા.૧૦.૮.૨૦૨૫, રવિવાર ,સંવંત ૨૦૮૧, શ્રાવણ વદ એકમ, ધનિષ્ઠા નક્ષત્ર, શોભન યોગ, તૈતિલ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કુંભ (ગ,સ,શ) રહેશે

**મેષ** (અ,લ,ઈ) : આવકમાં મધ્યમ રહે, આકસ્મિત લાભ થાય, ધાર્યા પરિણામ પ્રાપ્ત કરી શકો, પ્રગતિકારક દિવસ.
**વૃષભ** (બ,વ,ઉ) : સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક,વેપારીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતને સારું રહે, આગળ વધવાની તક મળે, શુભ દિન.
**મિથુન** (ક,છ,ઘ) : નસીબ સાથ આપતું જણાય, ધાર્યા કામ પાર પાડી શકો, મિત્રોની મદદ મળી રહે, પ્રગતિકારક દિવસ.
**કર્ક** (ડ,હ) : માનસિક વ્યગ્રતા રહે, મનનું ધાર્યું ના થાય, નેગેટિવ વિચારો આવે, મધ્યમ દિવસ.
**સિંહ** (મ,ટ) : અંગત જીવનમાં સારું રહે, સામાજિક રીતે આગળ વધી શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.
**કન્યા** (પ,ઠ,ણ) : જુના હઠીલા રોગથી સાવધાન રહેવું, વધુ પડતી ચિંતાઓ ટાળવી, પરેજી પાલવ સલાહ છે.
**તુલા** (ર,ત) : સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, કૌટુંબિક પ્રશ્નો ઉકેલી શકો, શુભ દિન.
**વૃશ્ચિક** (ન,ય) : નવા આયોજનો વિચારી શકો, તમારા શોખ માટે સમય કાઢી શકો, દિવસ આનંદમાં પસાર થાય.
**ધન** (ધ,ભ,ફ,ઢ) : ભાઈ ભાંડુ સુખ સારું રહે, મિત્રોની મદદ મળી રહે, નવા સંબંધોમાં સારું રહે, યાદગાર દિવસ.
**મકર** (ખ,જ) : આર્થિક બાબતોમાં મધ્યમ રહે, વાણી વર્તનમાં કાળજી લેવી, સત્ય કહેવાની રીત પણ બદલવી પડે.
**કુંભ** (ગ,સ,શ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, નવી પ્રતિભા કેળવી શકો, યશ પ્રતિષ્ઠા મેળવી શકો.
**મીન** (દ,ચ,ઝ,થ) : ખર્ચ પર અંકુશ રાખવો, નાણાકીય આયોજન કરવું જરૂરી બને, યોગ્ય રીતે હિસાબ રાખવો જરૂરી બને છે.

---

## વિદેશી મહિલા સાથે દુર્વ્યવહાર : ભારત વિરૂદ્ધ કોણ સક્રિય થયું છે???



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

તાજેતરમાં, તા. ૨૩ જુલાઈના અંકમાં જણાવ્યા મુજબ, બિહારમાં નેપાળી મહિલા સાથે દુર્વ્યવહારની ઘટના બની હતી. આ ઘટના સંદર્ભે મેં અગાઉ લખ્યું હતું કે, ભારતની છબી ખરાબ કરવા માટે એક સુગઠિત લોબી કાર્યરત છે. આ લોબીનો હેતુ વિશ્વમાં ભારત અંગે નકારાત્મક છબી ઉભી કરવાનો છે.આ પ્રકારની લોબી એવાં કાવતરા રચે છે કે જેના કારણે બીજા દેશોના નાગરિકો, ખાસ કરીને મહિલાઓ, ભારતમાં આવવાનું ટાળે. આ માટે ક્યારેક ઈરાદાપૂર્વક વિદેશી નાગરિકો સાથે, ખાસ કરીને મહિલાઓ સાથે, દુર્વ્યવહારના બનાવો સર્જવામાં આવે છે. આવા બનાવો દ્વારા ભારતની પ્રતિષ્ઠા પર પ્રશ્નચિહ્ન મૂકવાનો પ્રયાસ થાય છે. હાલમાં પણ કેટલાક દેશો ભારતને બદનામ કરવા માટે આવા કાવતરા ઘડી રહ્યા છે. તેમાંથી આપણા માટે સૌથી મોટો પડકાર છે - આપણા રાજનેતાઓ અને નેતાઓની સુરક્ષા. બદલાતા વૈશ્વિક સંજોગોમાં, અમેરિકા સહિત કેટલાક દેશોને ભારતના સ્વતંત્ર નિર્ણયો ગમતા નથી. પરિણામે, આપણા સુરક્ષા એજન્સીઓને વધુ સાવચેતી રાખવી ફરજિયાત છે.અગાઉ લખ્યા મુજબ, વિદેશી મહિલા નાગરિકોની સુરક્ષા અને આપણા રાજનેતાઓની સુરક્ષા માટે હવે વધુ કમર કસવી પડશે. સાથે સાથે, નજીકના ભવિષ્યમાં ભારતની વિદેશ નીતિમાં મૂળભૂત અને વ્યાપક ફેરફારો થવાના છે જે અંગે હું પહેલાથી ઉલ્લેખ કરી ચૂક્યો છું.

# રંગીલા રાજકોટના લોકમેળાને ''શૌર્યનું સિંદૂર'' નામ આપાયું

## હજારો અભિપ્રાયોમાંથી શ્રેષ્ઠ ૧૦ નામોની યાદીમાંથી ચર્ચા-વિચારણા બાદ ''શૌર્યનો સિંદૂર લોકમેળો'' નામ પર સર્વાનુમતે મહોર મારવામાં આવી, આ નામ શૌર્ય, બલિદાન અને લોકકલાના વારસાને ઉજાગર કરે




**અબતક, રાજકોટ**

આગામી દિવસોમાં જન્માષ્ટમીનો તહેવાર આવી રહ્યો છે. જન્માષ્ટમીના તહેવાર દરમિયાન રાજકોટ તેમજ સૌરાષ્ટ્રમાં મીની વેકેશનનો માહોલ જોવા મળતો હોય છે. ત્યારે આ વર્ષે પણ રાજકોટમાં લોકમેળો યોજાનાર છે. જેના માટે વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ વર્ષે ૧૪ ઓગસ્ટથી ૧૮ ઓગસ્ટ સુધી ૫ દિવસ સુધી શહેરના રેસકોર્સ ગ્રાઉન્ડમાં આ લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે આ લોકમેળામાં રાજકોટ તેમજ સૌરાષ્ટ્રભરમાંથી અંદાજે ૧૫ લાખ લોકો ઉમટી પડે તેવી શક્યતા છે.

રાજકોટવાસીએ ઉત્સાહભેર વિવિધ પ્રકારના નામો મોકલ્યા હતા. જેમાં કલરવ, પારિજાત, વિજય સિંદૂર, અમૃતકુંભ, લોકસંગમ, સપ્તરંગી, રંગ કસુંબલ, વિરાસત, વિજય સ્મૃતિ સહિતના અનેક નામો આવ્યા હતા. લોકમેળાના નામ માટે આશરે ૨૯૫૦ જેટલી એન્ટ્રીઓ આવી હતી. 'ઓપરેશન સિંદૂર' બાદ મેળાનું નામ સિંદૂર લોકમેળો રાખવામાં આવે, તેવી લોકલાગણી પણ પ્રવર્તતી હતી. આખરે લોકમેળાનું નામ રાજકોટના ધર્મીબેન વી. ચિકાણી દ્વારા રજૂ કરાયેલ નામના આધારે 'શૌર્યનું સિંદૂર લોકમેળો ૨૦૨૫' જાહેર કરવામાં આવ્યું છે.

લોકમેળામાં રાજકોટ સહિત સૌરાષ્ટ્રના ૫૦ જેટલા ઉભરતા સિંગરોને ખાસ સ્ટેજ પરફોર્મન્સ માટે તક આપવામાં આવશે. આ કલાકારોનો કાર્યક્રમ ૪ થી ૮ કલાક દરમિયાન આયોજિત કરવામાં આવશે. આ વખતે ખાસ એઆઈ ટેકનોલોજીથી લોકોની ભીડ પર નજર રાખવામાં આવશે તેમજ સુરક્ષા વ્યવસ્થા માટે પણ અઈનો ઉપયોગ કરવામાં આવશે અને પોલીસ દ્વારા અત્યારથી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

રાજકોટના લોકમેળાની વાત કરવામાં આવે તો વર્ષ ૧૯૮૩ થી રાજકોટમાં વહીવટી તંત્ર દ્વારા આ લોકમેળાનું આયોજન કરવામાં આવે છે. જ્યારે શરૂઆતમાં આ લોકમેળો શહેરની મધ્યમાં આવેલા ત્રિકોણબાગ નજીક આવેલ શાસ્ત્રી મેદાન ખાતે યોજાતો હતો. જ્યારે રાજકોટ ખાતે યોજાનાર લોકમેળામાં મોટી સંખ્યામાં સૌરાષ્ટ્રભરમાંથી લોકો આવતા હોય છે. ત્યારે શાસ્ત્રી મેદાનનું ગ્રાઉન્ડ નાનું પડવા લાગ્યું હતું.

### ૫ એન્ટ્રી અને એક્ઝિટ ગેટ રખાશે

તો બીજી તરફ લોકમેળામા. પીજીવીસીએલ દ્વારા અંડર ગ્રાઉન્ડ કેબલિંગ કરવામાં આવશે. આ સાથે જ દરેક સ્ટોલ ઉપર સીસીટીવી અને અગ્નિશામક યંત્રો ફરજિયાત બનાવવામાં આવ્યા છે. ભીડને કંટ્રોલ કરવા માટે ડ્રોનથી મોનિટરિંગ કરવામાં આવશે. તેમજ એન્ટ્રી અને એક્ઝિટ ગેટ વધારવામાં આવ્યા છે.

### મેળાની તૈયારીને આખરી ઓપ

લોકમેળાની તૈયારીને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. રાજકોટ સહિત રાજ્યભરમાંથી લોકો મેળામાં આવે છે ત્યારે પાર્કિંગમાં રાખેલા વાહનોના ચોરીના બનાવો પણ બનતા હોય છે. વાહનોની ચોરીના બનાવો અટકાવવા માટે આ વખતે ૧૭ જેટલા પાર્કિંગ પોઈન્ટ પર કલર કોડવાળી સ્લિપ આપવામાં આવશે.

**૨૦૦૭થી અત્યાર સુધીમાં લોકમેળાને અપાયેલા નામ**

| વર્ષ | લોકમેળાનું નામ |
|---|---|
| ૨૦૦૭ | રંગીલો |
| ૨૦૦૮ | રમઝટ |
| ૨૦૦૯ | નવરંગ |
| ૨૦૧૦ | સ્વર્ણિમ |
| ૨૦૧૧ | સાંસ્કૃતિક |
| ૨૦૧૨ | વિવેકાનંદ |
| ૨૦૧૩ | સાંસ્કૃતિક |
| ૨૦૧૪ | જમાવટ |
| ૨૦૧૫ | ગોરસ |
| ૨૦૧૬ | મારો રંગીલો મેળો |
| ૨૦૧૭ | વાયબ્રન્ટ |
| ૨૦૧૮ | ગોરસ |
| ૨૦૧૯ | મલ્હાર |
| ૨૦૨૨ | આઝાદીનો અમૃત |
| ૨૦૨૩ | રસરંગ |
| ૨૦૨૪ | ધરોહર |

**બે દિવસમાં રેસકોર્ષ મેદાનમાં ફજર-ફાળકાંઓ ઉભાં થઈ જશેઃ લોકમેળાની તૈયારીને આખરી ઓપ: મેળાની મજા માણવાં સૌરાષ્ટ્રવાસીઓ આતુરઃ ૧૪મીથી પાંચ દિવસ હૈયેહૈયું દળાશે**


---

આજે રાષ્ટ્રીય પુસ્તકપ્રેમી દિવસ

# કોર્પોરેશનની દત્તોપંત ઠેંગડી લાઈબ્રેરી યુવાનોમાં ફેવરિટ

**૫૭ હજારથી વધુ પુસ્તકોનો ખજાનોઃ ૧૨૦ મેગેઝિન અને ૧૮ વર્તમાનપત્રો ઉપલબ્ધ**





**અબતક, રાજકોટ**

પુસ્તકપ્રેમીઓ માટે પુસ્તકાલય એ એવું સ્થળ છે, જ્યાં જ્ઞાનનો અખૂટ ભંડાર સચવાયેલો છે. પુસ્તકાલયમાં પ્રવેશતાની સાથે જ પુસ્તકપ્રેમીઓને અનોખી શાંતિની અનુભૂતિ થાય છે. પુસ્તકાલયમાં રહેલા હજારો પુસ્તકો કોઈને સાહસની દુનિયામાં, કોઈને કલ્પનાની દુનિયામાં, તો કોઈને ભૂતકાળની દુનિયામાં લઈ જાય છે. તા. ૦૯ ઓગસ્ટના રોજ 'રાષ્ટ્રીય પુસ્તકપ્રેમી દિવસ' છે.

**મહાનગરપાલિકાની લાઈબ્રેરી સેવા**
- પ્રભાદેવી જે. નારાયણ પુસ્તકાલય (પ્રહલાદ પ્લોટ)
- દત્તોપંત ઠેંગડી પુસ્તકાલય (શ્રોફ રોડ)
- ડો. આંબેડકર ભવન પુસ્તકાલય (જિલ્લા ગાર્ડન)
- બાબુભાઈ વૈદ્ય લાઈબ્રેરી (પેરેડાઈઝ હોલ સામે)
- ચાણક્ય લાઈબ્રેરી (ઈસ્ટ ઝોન)
- મહિલા વાંચનાલય (નાના મવા સર્કલ)
- મહાત્મા ગાંધી મ્યુઝિયમ લાઈબ્રેરી
- મોબાઈલ લાઈબ્રેરીના ૦૨ યુનિટ
- વોર્ડવાઈઝ ૦૬ વિદ્યાર્થી વાંચનાલયો

ત્યારે વાત કરીએ રાજકોટની દત્તોપંત ઠેંગડી પુસ્તકાલયની, જ્યાં દરેક ખૂણો એક નવી વાર્તા કહે છે, દરેક પાનું એક નવી દુનિયા ખોલે છે.


રાજકોટ શહેરમાં શ્રોફ રોડ પર આવેલી દત્તોપંત ઠેંગડી લાઈબ્રેરી યુવાનોમાં ફેવરિટ છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા 'સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના' હેઠળ બનાવાયેલી આ પ્રથમ અદ્યતન લાઈબ્રેરી છે. આ પુસ્તકાલ વાંચન માટે ઉત્તમ વાતાવરણ પૂરું પાડે છે. બાળ સાહિત્યની કાલીઘેલી દુનિયાથી માંડીને ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી સાહિત્યના પુસ્તકોનો સંગ્રહ અહીં ઉપલબ્ધ છે. કવિતાઓ, નવલકથાઓ, નાટકો, હાસ્યકથાઓ અને મહાનુભાવોના જીવનચરિત્રોથી સજ્જ આ સ્થળ, દરેક ઉંમરના વાચકોની જિજ્ઞાસા સંતોષે છે. ફિલસૂફી, ધર્મ, ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, ટેક્નોલોજી જેવા વિવિધ વિષયોના પુસ્તકો સંશોધકો અને જ્ઞાનપિપાસુઓ માટે ખજાના સમાન છે.

આ પુસ્તકાલયના ડેપ્યુટી ચીફ લાઈબ્રેરીયન સુનિલભાઈ દેત્રોજા જણાવે છે કે, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના અગ્રણી દત્તોપંત ઠેંગડીની સ્મૃતિમાં આ લાઈબ્રેરીનું નામકરણ થયું છે. આ લાયબ્રેરીની સ્થાપના વર્ષ ૨૦૧૪માં થઈ હતી. અહીં હાલમાં કુલ ૫૭ હજારથી વધુ પુસ્તકો છે, જેમાં ૦૭ હજારથી વધુ પુસ્તકો સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે ઉપયોગી છે. આ પુસ્તકાલય માત્ર કાગળ પરના શબ્દો સુધી સીમિત નથી. અહીં આશરે ૬૫૦૦ જેટલી સી.ડી./ડી.વી.ડી. પણ ઉપલબ્ધ છે અને ૦૪ હજાર જેટલા રમકડાં પણ. મેગેઝિન કલબમાં ૫૦ જેટલા મેગેઝિન ઉપરાંત વાંચનાલય ખંડમાં ૧૨૦ મેગેઝિન અને ૧૮ વર્તમાનપત્રો નિયમિત ઉપલબ્ધ હોય છે.

તેમણે ઉમેર્યું હતું કે, આ પુસ્તકાલયમાં ભગવદગોમંડળ, એન્સાયકલોપીડિયા ઓફ અમેરિકા, એન્સાયકલોપીડિયા ઓફ બ્રિટાનિકા

(અનુ. આઠમા પાને)

### વાંચનનો શોખ કેળવી, તેને જાળવી રાખવો જોઈએઃ મેહુલભાઈ વ્યાસ



સિંચાઈ શાખાના નિવૃત અધિકારી મેહુલભાઈ વ્યાસ જણાવે છે કે, નાનપણથી લાઈબ્રેરીની પ્રવૃત્તિઓમાં ખૂબ રસ ધરાવું છું. મને પુસ્તકો વાંચવા ગમે છે, ન્યુઝપેપર પણ નિયમિત વાંચુ છું અને વાંચનનો આનંદ ઉઠાવું છું. લાઈબ્રેરીમાં જઈને પુસ્તકો વાંચવાથી માનસિક શાંતિ મળે છે, નોલેજ મળે છે અને આંતરિક વિકાસ થાય છે. આથી, વાંચનનો શોખ કેળવી, તેને જાળવી રાખવો જોઈએ.

---

# જેલમાં રક્ષાબંધનની ઉજવણીઃ બંદીવાન ભાઈઓને બહેનોએ રાખડી બાંધતા ભાવુક દ્રશ્યો સર્જાયા

## બંદીવાનો ભાઈઓ અને બહેનો બહારથી આવેલા પરિવારજનો માટે તંત્ર દ્વારા ભેટ, મીઠાઈ સહિતની વ્યવસ્થા કરવામાં આવી હતી

### આ કાર્યક્રમના સફળ આયોજન જેલર એલ.એમ. રાઠોડ પી.કે. ચુડાસમા ટીમ જહેમત ઉઠાવી


તસવીરઃ શૈલેષ વાડોલીયા








**અબતક, રાજકોટ**

આજે રક્ષાબંધનના પાવન પર્વની ઉજવણીના ભાગરૂપે રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે રહેલ બંદીવાન ભાઈઓ/બહેનો માટે રાખડી (રક્ષાસુત્ર) બાંધવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમ પોલીસ મહાનિદેશક, જેલ અને સુધારાત્મક વહીવટ, અમદાવાદ ડો.કે.એલ.એન.સૂવ તેમજ જેલ .. અધિક્ષક રાઘવ જૈન સાહેબનાઓના સીધા માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ આ વર્ષે રક્ષાબંધનના પાવન પર્વ નિમિતે જેલમાં રહેલ બંદીવાન ભાઈઓ દ્વારા તેમની બહેનોને ભેટ આપવામાં આવે તેવા શુભ આશયને ધ્યાનમાં લેતા પર્યાવરણ પ્રેમી જેલોના વડા ડો.રાવનાઓ દ્વારા સકારાત્મક નિર્ણય લઈ બહારથી આવતી બહેનો તેમના ભાઈઓને રાખડી બાંધે અને ત્યાર બાદ જેલમાં રહેલ બંદીવાન ભાઈઓ દ્વારા તેમની બહેનોને ભેટ સ્વરૂપે (રોપા) આપી પવિત્ર પર્વની ઉજવણી કરવાનો સંકલ્પ લીધેલ હતો. આશરે ૫૭૦ પુરૂષ બંદીવાનોની બહારથી આવેલ આશરે ૧૭૦૦ બહેનોએ તેમના બંદીવાન ભાઈઓને રાખડી (રક્ષાસુત્ર) બાંધેલ હતી. તેમજ આશરે ૧૦ બંદીવાન બહેનોએ બહારથી આવેલ તેમના ભાઈઓને રક્ષાસુત્ર(રાખડી) બાધેલ હતી. આ પ્રસંગે ભાઈ-બહેનના લાગણી સભર દ્રષ્યો સર્જાયેલ હતા. આ કાર્યક્રમ સફળ બનાવવા માટે રાજકોટ જેલ તંત્ર દ્વારા અલાયદી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ હતી. આ પ્રસંગે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જેલ પોલીસ ઉપરાંત પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરના સહયોગથી શહેર પોલીસ પુરુષ તથા મહિલા અધિકારી/કર્મચારીઓ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવેલ હતો. આ પ્રસંગે બંદીવાનોના ભાઈઓ તથા બહેનોના બહારથી આવેલ પરીવારજનો માટે જેલ તંત્ર દ્વારા શુસોભિત થાળી, શગુનના ચોખા, કંકુ તેમજ જે બહેન મીઠાઈ ખરીદી ન શકે તેના માટે નિઃશુલ્ક મીઠાઈની વ્યવસ્થા કરવામાં આવેલ. આ ઉપરાંત જેલના બેકરી વિભાગમાં તૈયાર થતી મીઠાઈનું રાહતદરે વેચાણ કરવામાં આવેલ હતુ. તમામ બહેનોને શાંતીપુર્ણ રાખડી (રક્ષાસુત્ર) બાંધવાની તક મળે તે માટે સુચારૂ આયોજન કરવામાં આવેલ હતુ. બંદીવાનોના પરીવારજનો દ્વારા જેલ તંત્રને પુરતો સહયોગ આપવામાં આવેલ હતો. આ પાવન પર્વ નિમિતે જેલ ઈ.ચા.અધિક્ષક એ.આર.કુરેશીનાઓ દ્વારા જેલમાં રહેલ તમામ બંદીવાન ભાઈઓ/બહેનોને રક્ષાબંધનની શુભેચ્છા પાઠવેલ હતી. આ કાર્યક્રમના સફળ આયોજન માટે સિનિયર જેલર એલ.એમ.રાઠોડ, પી.કે.ચુડાસમા તથા તેમની ટીમ દ્વારા ખાસ જહેમત ઉઠાવેલ હતી. આ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન જેલની શિસ્ત અને સલામતી જળવાઈ રહેલ હતી અને કોઈ અનિચ્છનિય બનાવ બનેલ ન હતો.

# વૈદિક મંત્રોચ્ચાર સાથે સમસ્ત બ્રહ્મસમાજે જનોઈ બદલાવી: ધર્મ અને સંસ્કૃતિની પરંપરાનું કર્યુ જતન


તસવીર: શૈલેષ વાડોલિયા

## નંદ બોર્ડિંગ ખાતે શાસ્ત્રી સચિનભાઈઅને તેમની નિષ્ણાત ટીમ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે તમામ બ્રાહ્મણોને નવી જનોઈ ધારણ કરી

**અબતક, રાજકોટ**
ભારતીય સંસ્કૃતિમાં ધાર્મિક વિધિઓ અને પરંપરાઓનું આગવું મહત્ત્વ છે. આ પરંપરાઓ માત્ર પૂજા-પાઠ પૂરતી સીમિત નથી, પરંતુ તે સમાજને એકતાના તાંતણે બાંધે છે અને સનાતન મૂલ્યોનું જતન કરે છે. આ પરંપરાઓમાંની એક મુખ્ય વિધિ એટલે શ્રાવણી ઉપાકર્મ, જેને જનોઈ બદલવાની વિધિ તરીકે પણ ઓળખવામાં આવે છે. રક્ષાબંધનના પાવન પર્વ પર આ વિધિનું આયોજન કરવામાં આવે છે, જે ભૂદેવો (બ્રાહ્મણ સમાજ) દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે સંપન્ન થાય છે. આ વિધિ ધાર્મિક શુદ્ધિકરણ, વેદ અધ્યયન અને જીવનના પવિત્ર સંકલ્પોનું પ્રતીક છે. શ્રાવણી ઉપાકર્મનો અર્થ 'નવા વેદાધ્યયનની શરૂઆત' એવો થાય

(અનુ. આઠમા પાને)

## યાત્રાધામ અંબાજી ખાતે વેદોક્ત વિધિથી યજ્ઞપવિત્ર ધારણ કરતા ભાજપ પ્રદેશ મીડિયા કન્વીનર યજ્ઞેશ દવે


યાત્રાધામ અંબાજી ખાતે પરશુરામ પરિવાર દ્વારા આયોજિત બ્રાહ્મણોને પરંપરાગત યજ્ઞપવિત ( જનોઈ) બદલવાના કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટી પ્રદેશના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો, યજ્ઞેશભાઈ દવે હાજર રહ્યા અને વેદોક્ત વિધિથી યજ્ઞોપવિત ધારણ કરી.

## ધર્મ અને સંસ્કૃતિને જાળવી રાખવું ખૂબ જ જરૂરી: કશ્યપ શુકલ



અબતક સાથેની વાતચીતમાં કશ્યપ શુક્લ જણાવ્યુ હતું કે,આજે રક્ષાબંધનના પાવન પર્વ એટલે કે બળેવના દિવસે સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા યજ્ઞોપવીત (જનોઈ) બદલવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સનાતન ધર્મ અને તેની પરંપરાઓને જીવંત રાખવાનો છે.આ પ્રસંગે, દર્શિતભાઈની ટીમ દ્વારા રાજકોટના તમામ બ્રાહ્મણ ભાઈઓ માટે નિઃશુલ્ક યજ્ઞોપવીતની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પહેલનો હેતુ એ છે કે દરેક બ્રાહ્મણ સનાતન ધર્મની પરંપરાને જાળવી રાખે અને ધર્મનું પાલન કરે. સમાજમાં ધર્મ અને સંસ્કૃતિને જાળવી રાખવું ખૂબ જ જરૂરી છે.


## ૧૦૦થી વધુ ભૂદેવોએ પ્રાચીન પરંપરાને જીવંત કરી: પ્રમુખ દર્શિત જાની



રાજકોટ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા આજે રક્ષાબંધનના પાવન પર્વ પર 'બળેવ'ની પરંપરાગત ઉજવણી કરી.આ વિધિની શરૂઆત રામનાથ ઘાટથી થઈ હતી અને તેનું સમાપન નંદ બોર્ડિંગ ખાતે કરવામાં આવ્યું હતું. શાસ્ત્રી સચિનભાઈ અને તેમની ટીમ દ્વારા રીતે તમામ બ્રાહ્મણોને જનોઈ બદલવાની વિધિ કરાવવામાં આવી હતી.આ બળેવની ઉજવણીમાં ૧૦૦થી પણ વધુ બ્રહ્મસમાજના સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સામાજિક અને સાંસ્કૃતિક એકતા જાળવવાનો અને પ્રાચીન પરંપરાને જીવંત રાખવાનો છે.

# પદ્મજીત સેહરાવતે મોટીવેશન સેમિનારમાં જીવનમાં સપના સાકાર કરવાની ટીપ્સ આપી

## બીજી ગરૈયા કોલેજ દ્વારા પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ હોલમાં યોજાયો સફળ મોટીવેશન કાર્યક્રમ

**અબતક, રાજકોટ**
રાજકોટની જાણીતી ગરૈયા જ્ઞાનપીઠ દ્વારા મોટીવેશ્નલ સ્પીકર પદ્મજીત સેહરાવતના મોટીવેશ્નલ સેમીનાર પ્રમુખ સ્વામી ઓડિટોરીયમ હોલમાં આયોજન કરવામાં આવ્યું હતુ.

ગરૈયા જ્ઞાનપીઠ દ્વારા મોટીવેશ્નલ સેમીનારમાં પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે કાર્યક્રમની શરૂઆત પરંપરાગત દીપ પ્રાગટ્ય વિધિથી કરવામાં આવી,

ત્યારબાદ ઝગમગતી લાઈટ્સ અને જીવંત સંગીતની તાલ સાથે પદમજીત સેહરાવતનું આગમન થયું હતુ. સમગ્ર ઓડિટોરિયમ ઉત્સાહથી ગુંજી ઉઠ્યું. પ્રેરણાની નવી લહેર ફેલાવતું અને સંગીતની સુગંધથી મહેકતું ભવ્ય મોંટીવેશનલ સેમિનાર તથા સંગીત મહોત્સવનું આયોજન થયું.

કાર્યક્રમના મુખ્ય વકતા પદમજીત સેહરાવત - આંતરરાષ્ટ્રીય રમતગમત કોમેન્ટેટર, પ્રતિભાશાળી ગાયક, સર્જનાત્મક સંગીતકાર તથા લોકપ્રિય સ્પીકરે પોતાના જીવનપ્રસંગો, સંઘર્ષની સફર અને સફળતાના મંત્રો એટલી જ ઉર્જા અને ઉમંગ સાથે રજૂ કર્યા કે હોલમાં બેઠેલા દરેક વ્યક્તિના હૃદયને સ્પર્શી ગયા. તેમણે જીવનમાં આત્મવિશ્વાસ, સકારાત્મકતા અને અવિરત મહેનતના મહત્ત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું કે સપનાઓ સાકાર કરવા માટે સૌથી પહેલાં પોતાને ઓળખવું અને પોતાની શક્તિઓ પર વિશ્વાસ કરવો જરૂરી છે.

કાર્યક્રમ દરમિયાન પદમજીત સેહરાવતે પોતાની પ્રખ્યાત અને ઉર્જાસભર કોમેન્ટ્રીની ઝલક રજૂ કરી. *IPL, Pro Kabaddi* અને અન્ય આંતરરાષ્ટ્રીય રમતોમાં દર્શકોને મંત્રમુગ્ધ કરનાર તેમની આ ખાસ

(અનુ. આઠમા પાને)

# ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદીક એન્ડ યુનાની સિસ્ટમ ઓફ મેડીસીન બોર્ડના પ્રમુખ ડો.સંજય જીવરાજાનીનો આજે જન્મદીવસ



શહેરના જાણીતા આયુવેદીક નિષ્ણાંત ડો. સંજય જીવરાજાનીનો આજે જન્મ દિવસ છે. તેઓ ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદિક એન્ડ યુનાની સિસ્ટમ ઓફ મેડીસીની ચુંટણીમાં તેઓ પ્રમુખ તરીકે બિનહરિફ ચુંટાયા છે. તેઓ ભાજપ ડોકટર સેલના મેમ્બર અને વૈદ્યસભાના કારોબારી સભ્ય અને ગ્રીનરી ફાર્મના ડાયરેકટર છે. તેઓ છેલ્લા વીસ વર્ષથી આવિષ્કાર બીજો માળ રેસકોર્ષ રોડ સ્ટાર ચેમ્બરમાં પ્રેકટીસ કરી રહ્યા તેઓ અનેક દર્દીઓનું ૩ થી ૪૫ કિલોનું વજન ઘટાડેલું છે. કોઈપણ જાતની આડ અસર વિના અને ડાયટ વગર વજન છે. તેઓ અનેક સામાજીક પ્રવૃત્તિ સાથે જોડાયેલી છે. તેઓ વ્યકિતત્વ ધરાવે છે. સાથે સાથે પોતાના કર્મનિષ્ઠ અને ઉદાર ભાવનાથી દર્દીઓની સેવા કરે છે. આજે તેમના જન્મ દિવસે મો. નં. ૮૨૦૦૫૬૨૫૭૯ પર સ્નેહીજનો તેમજ સામાજીક તેમજ રાજકીય આગેવાનો સહિતના લોકો શુભેચ્છા વર્ષા આપી રહ્યા છે. આર્યુવેદ ડોક્ટર તરીકેની સફળ પ્રેક્ટિસની સાથે સાથે ડોક્ટર સંજયભાઈ જીવરાજા ની આયુર્વેદિક સંશોધન ક્ષેત્રે પણ મહા યોગદાન આપનાર તજજ્ઞ તરીકે જાણીતા છે તેમણે આર્યુવેદિક પ્રાચીન ચિકિત્સા પદ્ધતિ નું ઊંડાણ પૂર્વકનું અધ્યયન કરી કેન્સર ફેફસાના રોગો સહિત અનેક હઠીલા રોગો ના ઉપચારમાં ચમત્કારિક પરિણામો મેળવ્યા છે એટલું જ નહીં પરંતુ એલોપેથિક ના આ યુગમાં ગ્રામ્ય વિસ્તારથી લઈને પ્રબુદ્ધ નાગરિકો નાની મોટી બીમારીઓથી લઈને હઠીલા રોગો માટે આયુર્વેદિક ઉપચાર લેતા થયા છે ડોક્ટર સંજયભાઈ જીવરાજાની ને આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવામાં સફળ ડોક્ટર તરીકે તેમની અક્સિર સેવાની લોકો સરાહના કરી રહ્યા છે.

# સરસ્વતિ શીશુ મંદિરમાં બહેનોએ સ્વ-નિર્મિત રાખડી ભાઈઓને બાંધી

## ટ્રસ્ટીથી લઈને વિદ્યાર્થીઓએ રક્ષાબંધન પર્વ પ્રેમપૂર્વક ઉજવ્યો: વિદ્યાર્થીઓએ બનાવેલી રાખડીઓનું પ્રદર્શન યોજાયું

**અબતક, રાજકોટ:** વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન તેમજ સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજ ટ્રસ્ટ રાજકોટ સંચાલિત પ્રવીણકાકા મણીઆર કેમ્પસ ખાતે આવેલા સરસ્વતી શિશુમંદિર મારૂતિનગર ઉપરાંત રણછોડનગરમાં રક્ષાબંધન નિમિત્તે ટ્રસ્ટીથી લઈ વિદ્યાર્થીઓએ એકબીજાને રાખડી બાંધી હતી. શાળાના ચેરમેન અપૂર્વભાઈ મણીઆર, મેનેજિંગ ટ્રસ્ટી ડો. બળવંતભાઈ જાની, ટ્રસ્ટીઓ ખંતિલભાઈ મહેતા, સમીરભાઈ પંડિત, રક્ષિતભાઈ પટેલને પ્રધાનચાર્ય - આચાર્ય બહેનોએ રાખડી બાંધી હતી. ભાઈ-બહેનના પવિત્ર પર્વ રક્ષાબંધન પર સરસ્વતી શિશુમંદિરના વિદ્યાર્થીઓ માટે રાખડી સ્પર્ધા યોજવામાં આવી હતી. વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોએ અવનવી રાખડી બનાવી એકબીજાના હાથમાં બાંધી હતી તેમજ વિદ્યાર્થીઓએ બનાવેલી રાખડીનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.



## નિલમબેન જયકાંતભાઈ વાધર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

# બોલબાલા ટ્રસ્ટને મેડિકલ સાધનો પહોંચાડવા માટે સી.એન.જી. વાન અર્પણ

## સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, રામભાઈ મોકરીયા અને શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા




**અબતક, રાજકોટ**
દર્દી દેવો ભવની ઉક્તિની બોલબાલા ટ્રસ્ટ દ્વારા મેડીકલ સાધનોની સેવા છેલ્લા ૩૦ વર્ષથી ચાલી રહી છે. આ સેવાનો વ્યાપ સૌરાષ્ટ્ર ભરમાં પહોંચ્યો છે. આશરે ૩ લાખ જેટલા દર્દીઓએ ઓક્સીજન, બેડ, વોકર, બાયપેપ, સીપેપ, કોન્ટ્રટેટર સકશન, નેબ્યુલાઈઝર, બેડપેન, સ્ટીક, બેકરેસ્ટ, વ્હીલચેર જેવા ૪૮ પ્રકારના સાધનોનો લાભ લીધો છે.

આ સેવાને વધુ લોકો સુધી પહોંચાડવા એક સુવિધા સાથે બોક્સ (ડબા) ટાઈપ નવી સીએનજી કેરીવાન મેડીકલ સાધન માટે તૈયાર કરવામાં આવી હતી.

આ વાહન ખાસ સેવાના ભેખધારી જયેશ ઉપાધ્યાયના ''જન્મદિન'', ''સેવાદિન''ના દિવસે દાતા જૈન અગ્રણી અનિશભાઈ વાધર પરીવાર સાથે ઉપસ્થિત કરી પોતાના નામને

(અનુ. આઠમા પાને)

# અપરાધના રસ્તે વળેલા બાળકોને રક્ષણ અને દિશા આપવી આપણું કર્તવ્ય છે: ભાનુબેન બાબરીયા

## ગાંધીનગરમાં બાળ સુરક્ષા વર્કશોપમાં મંત્રી ભાનુબેન અને ભીખુસિંહની રહી પ્રેરક ઉપસ્થિતિ




**અબતક, રાજકોટ**
ગાંધીનગરમાં ચાઈલ્ડ વેલ્ફેર કમીટીના ચેરમેન અને નવાપદાધિકારીઓની નિમણુંક પ્રસંગે બાળસુરક્ષા વિષયક વર્કશોપમાં સામાજીક ન્યાય અધિકારીતા મંત્રીએ ગુનાખોરી ના રસ્તે અનાયાસે ચડી ગયેલા બાળકોને સીધો રસ્તો બતાવી સુરક્ષીત કરવા એ આપણું કર્તવ્ય હોવાનું જણાવ્યું હતું.

મંત્રી ભાનુબેન બાબરીયાએ ચાઈલ્ડ વેલ્ફેર કમિટી અને જુવેનાઈલ જસ્ટિસ બોર્ડમાં નવ નિમણૂંક પામેલા સભ્યોને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના કાર્યનું અભિન્ન અંગ ગણાવતાં જણાવ્યું હતું કે, દેશના ભવિષ્યના નાગરિક એવા આજના બાળકોને ઉછેર કરીને તેમને શ્રેષ્ઠ નાગરિક બનાવવા માટેની શરૂઆત તમારે કરવાની છે. કોઈ કારણસર ખોટી દિશામાં ગયેલા બાળકોને યોગ્ય દિશામાં લાવવા તેમને કાઉન્સેલિંગ કરી યોગ્ય શિક્ષણ આપવાનું સેવાકીય કામ પણ આપણે સૌએ કરવાનું છે. કોઈ બાળક સંજોગોવસાત ભુલ કરે અને તે કાયદાના સંઘર્ષમાં આવે છે, ત્યારે તેને ન્યાય અપાવવાનું કામ જુવેનાઈલ જસ્ટિસ બોર્ડનું છે.

બાળકોને કાયદાકીય ગૂંચવણોથી બચાવવા અને તેમને ઝડપી ન્યાય આપવા માટે સતર્ક રહેવા જણાવી મંત્રીએ કહ્યું હતું કે, બાળ કલ્યાણ સમિતિ અને જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ વચ્ચેનું સંકલન મજબૂત હોવું ખુબ જ જરૂરી છે. આજના વર્કશોપનો મુખ્ય ઉદેશ્ય બાળ કલ્યાણ સમિતિના સભ્યોમાં બાળ અધિકાર આધારિત અભિગમ અપનાવવો

(અનુ. આઠમા પાને)

# એકરંગ સંસ્થાની મનોવિજ્ઞાન દિકરીઓએ વહીવટી તંત્રના અધિકારીઓને રક્ષાકવચ બાંધ્યું

## કલેકટર, પોલીસ કમિશનર, ડેપ્યુટી પોલીસ કમીશનર, મ્યુનિસિપલ કમિશનર સહિતના અધિકારીઓના દીર્ઘાયું માટે પ્રાર્થના કરી




**અબતક, રાજકોટ**
અમૂલ સર્કલ પાસે ગુજરાત ફોર્જીંગ કંપનીની પાછળ આવેલ એકરંગ સંસ્થાની દિકરીઓએ રક્ષાબંધન પર્વની ઉજવણી હર્ષોલ્લાસ સાથે કરી હતી.

એકરંગ સંસ્થાની દિકરીઓ એ રાજકોટ જીલ્લા કલેકટર, ડેપ્યુટી કલેકટર, પોલીસ કમિશ્નર, ડેપ્યુટી પોલીસ કમિશ્નર, મ્યુનિસિપલ કમિશ્નર, ડેપ્યુટી કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષ રાજકોટ (હેડકવાર્ટર), વગેરેને રક્ષાબંધન પર્વ નિમિતે રાખડી બાંધી તેઓના તંદુરસ્ત સ્વાસ્થ્ય અને દિર્ઘાયુ માટે ઈશ્વરને પ્રાર્થના કરેલ. રાજકોટને ગૌરવવંતુ બનાવવા રાજકોટની આન, બાન અને શાન સમા કલેકટર, પોલીસ કમિશ્નર તથા મ્યુનિસીપલ કમિશ્નર તેમજ ભાજપ હોદ્દેદારઓના તંદુરસ્ત દિર્ઘાયુ માટે ઈશ્વરને પ્રાર્થના કરી રક્ષા બાંધવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન એકરંગ સંસ્થાના પ્રમુખ દિપીકાબેન પ્રજાપતિ દ્વારા કરવામાં આવેલ તેમજ પોતાના વ્યસ્ત શિડયુલમાંથી મનોદિવ્યાંગ

(અનુ. આઠમા પાને)

# રૈયા રોડના પર વેપારી સાથે મેળાના નામે રૂ.૧૮ લાખની ઠગાઈ

## પાટણવાવના મેળાના ગ્રાઉન્ડ અને રાઈડ્સ માટે આપેલા નાણાં ભાગીદાર અને પંચાયતે ઓળવી લીધાનો ગંભીર આક્ષેપ

**અબતક, રાજકોટ**

શહેરના એક વેપારી સાથે ધોરાજી તાલુકાના પાટણવાવ ગામે યોજાતા મેળાના નામે રૂ. ૧૮ લાખની ઠગાઈ આચરી લેવામાં આવી છે. મેળાના ગ્રાઉન્ડ અર્થે ભાગીદારને આપેલા રૂ. ૯ લાખ અને રાઈડ્સ પેટે ગ્રામ પંચાયતમાં જમા કરાવેલ રૂ. ૯ લાખની ઠગાઈ મામલે વેપારી દ્વારા પાટણવાવ ગ્રામ પંચાયતના સરપંચ, કારોબારી સભ્યો, પૂર્વ સરપંચ અને ભાગીદાર વિરુદ્ધ જિલ્લા પોલીસવડાને ફરિયાદ કરાઈ છે.

મામલામાં હાલ રાજકોટ શહેરના રૈયા ચોકડી નજીક નંદનવન સોસાયટીના ગોકુલ કોમ્પલેક્ષમાં રહેતા ૫૦ વર્ષીય આધેડ વેપારી રાજેશકુમાર ઈશ્વરગીરી ગોસ્વામીએ રાજકોટ જિલ્લા પોલીસ વડાને સંબોધી કરેલી અરજી ફરિયાદમાં આરોપી તરીકે ધોરાજીના પાટણવાવના રહેવાસી રમેશ ઉર્ફે મુન્નાભાઈ અરજણભાઈ ખટાણા, પાટણવાવના પૂર્વ સરપંચ પ્રવીણ ઉર્ફે બાબુભાઈ પેથાણી, ચાલુ સરપંચ કાનજીભાઈ સાવલિયા અને પાટણવાવ ગ્રામ પંચાયતના તમામ કારોબારી સભ્યોનું નામ આપતા જણાવ્યું હતું કે, મેં રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના પાટણવાવ ગામના મેળા માટે ગત તા.૧૩-૦૮-૨૦૨૪ ના રોજ હરાજીમાં હું તથા પાટણવાવ ગામના રમેશ અરજણભાઈ ખટાણા પાટણવાવ પંચાયત ઓફિસમાં મેળાની હરાજીમાં હાજર રહ્યા હતા. ત્યારે મેં અને મુન્નાભાઈ મૌખિકમાં ભાગીદારી કરી ગ્રાઉન્ડ રૂ.૧૮.૪૦ લાખમાં લેવાનું નક્કી કરેલ હતું. જેના માટે મે રમેશ ખટાણાને રૂ. ૯ લાખ આપેલ હતા. તે અંગેના રમેશભાઈના કોલ રેકોર્ડિંગ મારી પાસે છે. મેળાનું ગ્રાઉન્ડ ભાડે કે, મેળાનું મેદાન ભાડે રાખ્યા બાદ યાંત્રિક રાઈડ્સ મારે રાખવાની હતી. જેથી રાઈડના રૂ. ૯ લાખ પુરા રમેશભાઈ ખટાણાને રોકડા આપેલ પોતાની પાસે રાખી લીધેલ હતી. મેં રાઈડ પેટે રૂ. ૯ લાખ આપેલ હતા પરંતુ સરકારના રાઈડસના નિયમને લીધે રાઈડ્સ ચાલુ થઈ શકી ન હતી. ડીડીઓ દ્વારા રકમ પરત આપવા હુકમ કરવામાં આવ્યો હતો.

સરકારની રાઈડ્સ અંગેની એસોપી મામલે ગ્રામ પંચાયતના

### પાટણવાવના સરપંચ, કારોબારી સભ્યો, પૂર્વ સરપંચ વિરુદ્ધ રાજકોટ જિલ્લા પોલીસવડાને લેખિત ફરિયાદ

રાખવા માટે મે અડધી રકમ મારા મિત્ર પ્રદ્યુમનસિંહના ક્રેડિટકાર્ડમાંથી ઉપાડીને આપેલ હતી. આ મેળામાં કોઈપણ જાતનો વેપારનો ૫૦ ટકાનો હિસ્સો મારે રાખવાનો તેવી ભાગીદારી કરાર રમેશ ખટાણા સસથે પાટણવાવ ગામના મહિપતપરી બાપુની સાક્ષીમાં નક્કી થયેલ હતું, તે બાબતના પણ રેકોર્ડિંગ મારી પાસે ઉપલબ્ધ છે.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું હતા. મેદાનની તમામ આવકમાંથી મેં અને રમેશભાઈ ખટાણાએ ૫૦-૫૦% ભાગીદારી હિસ્સો રાખવાનું નક્કી થયેલ હતું. મેળાનો તમામ વહીવટ રમેશભાઈ કરતા હતા. તેઓએ અન્ય લોકોને જગ્યા વેચેલ હતી. જેમાં સ્ટોલ, પાર્કિંગ, પાથરણાવાળાને જગ્યા આપવામાં આવી હતી. જે પેટે કુલ રૂ. ૧૯ લાખની આવક થયેલ હતી. જે તમામ રકમ રમેશ ખટાણાએ તે રાઈડનો ભાગ રમેશ ખટાણાએ મંડપ કોન્ટ્રાક્ટર અલીભાઈ મદારીને રૂ. ૪.૫૦ લાખમાં વેચેલ હતો. જે રકમ પણ રમેશ ખટાણા પોતાની પાસે રાખી હતી. રાઈડ્સ ચાલુ નહિ થઈ શકતા પંચાયતે મને રકમ પરત આપવાની હોય છે પણ પાટણવાવ ગ્રામ પંચાયતે ૯ લાખની રકમ પરત નહિ આપતાં મે ડીડીઓ સુધી અપીલ કરેલ હતી. જે અપીલ અનુસંધાને તા. ૩૧-૦૫-૨૦૨૫ ના રોજ સરપંચ દ્વારા રાઈડ્સ વિના મેળો ચાલુ કરવાનું નક્કી કરેલ હતું. જે રાઈડ પેટે મેં જમા કરાવેલ ૯ લાખ રૂપિયા હજુ પણ પાટણવાવ પંચાયતમાં જમા પડેલ છે. મારે ૧૯ લાખની ૫૦ ટકા રકમ તથા પાટણવાવ ગ્રામ પંચાયતમાં જમા કરાવેલ નવ લાખની રકમ પરત લેવાની હોય પરંતુ સામાવાળા આપતા ન હતા. વારંવાર ઉઘરાણી કરતા સામાવાળાએ ગામ મારું છે, તને પગ મુકવા દઈશ નહીં અને તું આવીશ તો તને જ્યાંથી મારી નાખીશ તેવી ધમકીઓ આપવાની શરૂ કરેલ હતી.

### પંચાયતે મેળાના નામે અનેક લોકો સાથે ઠગાઈ આચરી લીધાનો આરોપ

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, મેળાના ગ્રાઉન્ડ અંગે નક્કી થયેલી ૫૦% ની ભાગીદારી કરાર પાટણવાવના ઓસમ ડુંગરના માત્રી માતાજીના મંદિરના પૂજારી મહિપતપુરી બાપુ તથા જીતુપૂરીબાપુની સાક્ષીમાં નક્કી થયેલ હતું. બાદમાં મેં પાટણવાવ ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ પ્રવીણભાઈ સાથે ટેલીફોનિક વાતચીત કર્યા બાદ જ ગ્રામ પંચાયતમાં નાણાં જમા કરાવ્યા હતા તેમ છતાં હવે મને મારા નાણા પરત આપવામાં આવી રહ્યા નથી. વધુમાં ફરિયાદી એ જણાવ્યું હતું કે તોહમતદારો મને રૂપિયા નથી ચૂકવતા તેની પાછળનું કારણ એવું છે કે છેલ્લા ઘણા વર્ષથી પંચાયતના સરપંચ તથા કારોબારી સભ્યો દ્વારા આ પ્રકારે અનેક લોકો સાથે ઠગાઈ હાજરી લેવામાં આવ્યું છે. જો મને રૂપિયા પરત આપવામાં આવે તો ભૂતકાળમાં જે લોકો સાથે છેતરપિંડી થયેલ છે તેઓ પણ રૂપિયાની ઉઘરાણી શરૂ કરશે જેથી પંચાયત મને મારા રૂપિયા પરત આપતી નથી.

### ભાગીદાર રમેશ ખટાણાએ ગ્રાઉન્ડ પેટે ૫૦% રકમ લીધા બાદ નફો તો ઠીક મૂડી પણ પરત ન આપી : ઉઘરાણી કરતા ખૂનની ધમકી

# સદર બજારમાંથી ૯૫૨ ગ્રામ ગાંજા સાથે દિલાવર લીંગડિયાની ધરપકડ

### અગાઉ બે વાર એનડીપીએસ એક્ટના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા રીક્ષાચાલકે ફરીવાર સુરતથી ગાંજો લાવી છૂટક વેચાણ શરૂ કર્યું'તું : એલસીબી ઝોન-૨ ટીમનો દરોડો

**અબતક, રાજકોટ**



શહેરના સદર બજારમાંથી ૯૫૨ ગ્રામ ગાંજા સાથે એલસીબી ઝોન-૨ ટીમે દિલાવર લીંગડિયાને ઝડપી લેવાયો હતો. સુરતથી ગાંજો મંગાવી પડીકી બનાવી છૂટક વેચાણ કરતા શખ્સ પાસેથી રૂ. ૧૧,૬૪૦ નો મુદ્દામાલ કબ્જે કરાયો છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ઝોન-૨ જગદીશ બંગારવા દ્વારા રાજકોટ શહેરી વિસ્તારમાં યુવાધનને નસાના રવાડે ચડતા અટકાવવા તેમજ નાર્કોટિકસ પદાર્થોનું વેચાણ અટકાવવા 'સે નો ટુ ડ્રગ્સ' મિશન અંતર્ગત નાર્કોટિકસ પદાર્થોનું ખરીદ-વેચાણ કે સેવન કરનારા શખ્સો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા સુચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને એ ડિવિઝન પીઆઈ બી વી બોરીસાગરની રાહબરી હેઠળ ગત તા. ૦૮-૦૮-૨૦૨૫ ના રોજ પીએસઆઈ આર એચ ઝાલા તથા એલસીબી ઝોન-૨ કર્મચારીઓની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન એલસીબી ઝોન -૨ ના હેડ કોન્સ્ટેબલ ધર્મરાજસિંહ ઝાલા અને હેમેન્દ્રભાઈ વાઘીયાની સંયુક્ત બાતમીના આધારે સદર બજાર, હરિહર ચોક નજીક, દાતાર બાપુના તકિયા પાસે રોડ ઉપરથી જાહેરમાં માદક પદાર્થ ૯૫૨ ગ્રામ ગાંજો જેની કિંમત રૂ. ૯૫૨૦ સાથે દિલાવર ઉર્ફે દિલો સતારભાઈ લીંગડીયા (ઉવ ૫૪, ધંધો રીક્ષા ડ્રાઈવિંગ, રહે.સદર બજાર, હરિહર ચોક, રાજકોટ)ને ઝડપી પાડવામાં આવ્યો હતો. એલસીબીની ટીમે દીલાવર લીંગડીયા પાસેથી ગાંજો, મોબાઈલ, રોકડ મળી કુલ રૂ. ૧૧૬૪૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ઝડપાયેલા શખ્સની પ્રાથમિક પૂછપરછમાં ગાંજાનો જથ્થો તે સુરત ખાતેથી લાવ્યો હતો અને અહીં પડીકી બનાવી બંધાણીઓને વેચી રોકડી કરતો હતો તેવી કબુલાત આપી હતી. ઉલ્લેખનીય છે કે, દિલાવર વિરુદ્ધ કુવાડવા અને એ ડિવિઝન પોલીસ મથકમાં અગાઉ એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધાય ચૂક્યો છે.

આ કામગીરીમાં એ ડિવિઝન પોલીસ મથકના પીઆઈ બી વી બોરીસાગર, એલસીબી ઝોન-૨ પીએસઆઈ જયંતીભાઈ ગોહિલ, રાજેશભાઈ મિયાત્રા, હેડ કોન્સ્ટેબલ રાહુલભાઈ ગોહેલ, શકિતસિંહ ગોહિલ, હેમેન્દ્રભાઈ વાઘિયા, ધર્મરાજસિંહ ઝાલા, કોન્સ્ટેબલ કુલદીપસિંહ રાણા તેમજ એ ડિવિઝન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ મનોજભાઈ મકવાણા રોકાયા હતા.

# કબીરધામ પાર્કમાં રમતા રમતા પાંચ વર્ષની બાળકી રવેશમાંથી પટકાઈ : કરૂણ મોત

### એક માળની ઊંચાઈથી પટકાયેલી એકની એક પુત્રીએ દમ તોડી દેતાં માતા-પિતા પર દુ:ખનું આભ ફાટ્યું

**અબતક, રાજકોટ**

મોરબી રોડ પર વેલનાથપરા પાસે આવેલા કબીરધામ પાર્કમાં રમતા રમતા પાંચ વર્ષની બાળકી ઘરના રવેશમાંથી એક માળ જેટલી ઊંચાઈથી નીચે પટકાતા તેને ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેને પ્રથમ ખાનગી બાદમાં સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. અહીં સારવાર દરમિયાન બાળકીએ દમ તોડી દીધો હતો. એકની એક પુત્રીના મોતથી માતાપિતા આઘાતમાં સરી પડયા હતાં. બનાવ અંગે બી ડિવિઝન પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. બનવાની જાણવા મળતી વિગતો મુજબ, મોરબી રોડ પર વેલનાથપરા પાસે આવેલા કબીરધામ પાર્કમાં



સ્વ. પ્રિશા કલ્પેશભાઈ પેઢડીયા

રહેતા કલ્પેશભાઈ પીઠડીયાની પાંચ વર્ષની બાળકી પ્રિષા ગત તા.૧/૮ ના રોજ સાંજના સમયે ઘરે રમતી હતી ત્યારે અકસ્માતે રવેશ જ એક માળ જેટલી ઊંચાઈએ હોય ત્યાંથી નીચે પટકાતા તેને સારવાર માટે રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડામાં આવી હતી. બાદમાં વધુ સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. અહીં સારવાર દરમિયાન ગઈકાલે રાત્રીના માસુમે આંખો મીંચી દીધી હતી. બાળકીના પિતા મજુરી કામ કરે છે. એકની એક દીકરીના મોતથી માતાપિતા આધાતથી સ્તબ્ધ થઈ ગયા હતાં. બનાવ અંગે બી ડિવિઝન પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

# આદિત્યાણા નજીકથી દેશી દારૂની ફેક્ટરી ઝડપાઈ, પાંચ બુટલેગર ફરાર : ત્રણ બાળ આરોપીની ધરપકડ

### એસ એમ સી એ દરોડા ૧૪૯૦ લીટર દેશી દારૂ, ૪૪૦૦લીટર આથો, મોબાઈલ અને બાઈક મળી ૪.૫૪ લાખનો મુદ્દામાલ કબજે

**અબતક , રાજકોટ**

ગાંધીની જન્મભૂમિ જિલ્લામાં દારૂની વેલમ છેલમ હોવાની માહિતીના આધારે સ્ટેટ મોનિટરિંગ આદિત્યાણા નજીક દરોડો પાડી દેશી દારૂની ફેક્ટરી ઝડપી પાડી છે. ૧૪૯૦ લીટર દેશી દારૂ ૪૪૦૦ લિટર આથો ત્રણ મોબાઈલ અને બાઈક મળી રૂપિયા ૪.૫૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. દરોડા દરમિયાન નાસી છૂટેલા પાંચ શખ્સોની શોધખોળ હાથ ધરવામાં આવી છે. પોલીસે મોબાઈલ નંબરના આધારે દેશી દારૂના મૂળ સુધી પહોંચવા તજવીજ હાથ ધરી છે. વધુ વિગત મુજબ ગાંધીના ગુજરાતમાં દારૂબંધીનો કડક અમલ કરવા રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયએ આપેલી સુચના ને પગલે સ્ટેટ મોનિટરિંગ સેલના વડા નિલીપ્ત રાય ના માર્ગદર્શન હેઠળ સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે પોરબંદર જિલ્લાના રાણાવાવ તાલુકાના આદિત્યાણા કડવાલી વિસ્તારમાં કિશોર સાજણ અને સરમણ પોલા નામના બુટલેગર દેશી દારૂની ભઠ્ઠી ચલાવતા હોવાની મળેલી બાતમીના આધારે પીએસઆઈ એસવી ગળચર સહિતના સ્ટાફે દરોડો પાડયો હતો દરોડા દરમિયાન નાશ ભાગ મચી જવા પામી હતી. ત્રણ બાળ આરોપીને ઝડપી લઈ ૧૪૯૦ લીટર દેશી દારૂ ૪૪૦૦ લિટર હાથો ત્રણ મોબાઈલ એક બાઈક મળી ૪.૫૫ લાખનો મુદ્દા માલ કબજે કર્યો છે. ઝડપાયેલા બાળ આરોપીની પ્રાથમિક પૂછપરછ માં આ દારૂની ભઠ્ઠી કિશોર સાજણ સરમણ પોલા સહિત બંને લિસ્ટ બુટલેગરો દ્વારા ચલાવતા હતા તેમજ ચિરાગ જેઠવા રબારી પાલા ભાલા રબારી સહિત પાંચ શખ્સો નાસિ છુટતા તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે

# જેતપુર : ચોરાઉ એકિટવા સાથે રાજકોટનો રીઢો તસ્કર ઝડપાયો

**અબતક,રાજકોટ**



રાજકોટ જિલ્લામાં આર્થિક ગુનાઓ અટકાવવા અને હવાનો ઉકેલ ગુનાઓનો ભેદ ઉકેલવા જિલ્લા પોલીસવાળા હિમતસિંહ એ આપેલી સૂચનાને પગલે જેતપુર સીટી પોલીસ મથકના પીઆઈ વીએમ ડોડીયા સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે મૂળ ગોંડલનો અને હાલ રાજકોટના કોઠારીયા સોલવન્ટ રસુલપરામાં રહેતો સમીર ઉર્ફે હનિસીંગ કરીમ સોલંકી નામનો જેતપુરના નાજાવાળા પરા ચોકડી પાસે ચોરાઉ એકટીવા સાથે ઉભો હોવાની એ.એસ.આઈ અને કોન્સ્ટેબલ ભગીરથસિંહ જાડેજા ને મળેલી બાતમીના આધારે સ્ટાફે રોડો પાડી સમીર ઉર્ફે હનિસીંગ સોલંકીની અટકાયત કરી પ્રાથમિક પૂછપરછ માં તેના કબજા માંથી ચોરાઉ એકટીવા મળી આવતા પોલીસે ૮૦,૦૦૦ નો મોબાઈલ કબજે કરી પ્રાથમિક પૂછપરછ માં તેની સામે ચોરી વાહન ચોરી જાહેરનામા ભંગ અને પાસા સહિત રાજકોટ શહેર માં ૧૩ અને ગોંડલમાં એક મળી ૧૬ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે


**પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ**

**એસએલઆર/વીપીના ભાડા પટ્ટાના કરાર માટે ઈ-હરાજી**

એસએલઆર/વીપીના ભાડા પટ્ટાના કરાર માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવી છે. આ કેટલોગ આઈઆરઈપીએસ વેબસાઈટ પર પહેલાથી જ ઓનલાઈન પ્રકાશિત થઈ ગયો છે. વિગતો નીચે મુજબ આપવામાં આવી છે:

**કેટલોગ નંબર:** E-SLR-RJT-07-25, **તા.: ૦૬/૦૮/૨૦૨૫**

**કરારનો પ્રકાર:** એસએલઆર/વીપીના ભાડાપટ્ટા

**લોટ નં.:** ૧) ૨૨૭૧૭-SLR-F૧, ૨) ૨૨૯૬૦-SLR-R૧, ૩) ૨૨૯૦૫-SLR-R૧

**કરારનો સમયગાળો:** ૦૨ વર્ષ

**લોટ શરૂ થવાની તારીખ અને સમય:** બધા લોટ માટે ઈ-હરાજી ૨૧-૦૮-૨૫ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે શરૂ થશે.

**ઉપરોક્ત કેટલોગમાં દર્શાવેલ લોટની વિગતો આગામી ઈ-હરાજી, ઝોનઃ પશ્ચિમ રેલવે, વિભાગઃ વાણિજ્યિક, રાજકોટ મંડળના શીર્ષક હેઠળ** www.ireps.gov.in **(ઈ - ઓક્શન લીઝિંગ) વેબસાઈટ પર ઉપલબ્ધ છે.**

RJT 093

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


**-:: જાહેર નોટિસ ::-**

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના પડધરી તાલુકાના ગામ ખોખરી રેવ. સર્વે નં.૧૦૧ પૈકીના પ્લોટ નં. ૨૭ ની દક્ષિણ તરફની જમીન ચો.વાર.આ. ૩૦૮-૨૫ જમીનના ઉતરોતર ટાઈટલ ડીડઝની ફાઈલમાં વિક્રમસિંહ રવુભા તથા ફતેસિંહ રવુભા જાડેજા વચ્ચે રજીસ્ટ્રર વહેંચણી દસ્તાવેજ નં. ૧૮૨, તા. ૦૫/૦૨/૨૦૨૦ વાળુ ડોકયુમેન્ટ ફતેસિંહ રવુભા જાડેજા ના જણાવ્યા અનુસાર આ ડોકયુમેન્ટ ગુમ થયેલ છે ખોવાયેલ છે. સદરહું ડોકયુમેન્ટની હાલ ખરી નકલ ઉપલબ્ધ છે. જેથી આ જાહેર નોટીસ દ્વારા લાગતા વળગતા તમામને જાણ કરવાની કે સદરહું ડોકયુમેન્ટ કોઈપણ વ્યકિત, પેઢી, સંસ્થા, બેંક, મંડળી, કંપની કે કોઈને મળેલ હોય ગીરો તરીકે તારણમાં રાખેલ હોય કે આ મિલ્કતના કોઈપણ ટાઈટલ સબંધે વાંધો, તકરાર, કે લાગ-ભાગ, હકક, હિત, હિસ્સો હોય તો તેને નીચેના સરનામે દિવસ-૭ (સાત) માં લેખીત વાંધા સાથે રૂબરૂ રજુઆત કરવી અને જો મુદત દરમ્યાન જો કોઈ વાંકો તકરાર નહી આવે તો કોઈને વાંધો તકરાર નથી અને હોય તો જતા (WAIVE) કરેલ છે તેમ માની અમારા અસીલ ઘટતી કાર્યવાહી કરશે. ત્યારબાદ કોઈનો હકક, દાવો, તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની સર્વેએ નોંધ લેવી.

**પડધરી તા. ૦૮/૦૮/૨૦૨૫**

**વિપુલ પી. કોટક**
એડવોકેટ
તે મારા અસીલની સુચનાથી

**ઓફીસઃ-** ''ડોડીયા ચેમ્બર્સ''બેંક ઓફ ઈન્ડીયા સામે,પડધરી. જી. રાજકોટ
મો. ૮૦૦૦૮ ૮૮૦૮૮, ૮૮૬૬૩ ૦૦૦૦૦

**ફતેસિંહ રવુભા જાડેજા**

**-:: જાહેર નોટીસ ::-**

જ.મ. કેસ નં. ૮૨/૨૦૨૫

(૧) શ્રી ભવાણીયા વિક્રમભાઈ ગોરધનભાઈ
રહે. મુ. માનપર, તા. મુળી, જિ- સુરેન્દ્રનગર ..........અરજદાર

**વિરૂધ્ધ**

(૨) જન્મ/મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રી, માનપર, તા.મુળી. જિ. સુરેન્દ્રનગર ..........સામાવાળા

**વિષયઃ- જન્મ/મરણ નોંધણી અધિનિયમ જ.મ. એકટ ૧૩ (૩) મુજબની કાર્યવાહી કરવા બાબત**

આથી જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારશ્રીએ તેઓના દાદીશ્રી સ્વ. ગોમતીબેન ધરમશીભાઈ ભવાણીયાનું મરણ તા. ૧૨/૦૬/૧૯૮૧ ના રોજ મુ. માનસર તા. મુળી જિ. સુરેન્દનગર મુકામે થયેલ જેની નોંધ સામાવાળાનાં દફતરે કરવાની રહી ગયેલ હોઈ અત્રેની એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, મુળીમાં ઉપરોકત નંબરથી સદરહું અરજી દાખલ કરેલ છે. જે અરજી સામે કોઈ ઈસમ કે સંસ્થાને કોઈ વાંધો કે તકરાર હોઈ તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં રૂબરૂ અથવા વકીલ મારફત લેખીતમાં વાંધા તેમજ પુરાવા સાથે હાજર રહેવું અન્યથા આગળ યોગ્ય ન્યાયિક હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તારીખ ૩૧/૦૭/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

કોર્ટનો સિકકો

હુકમથી
**એકઝીકયુટી મેજીસ્ટ્રેટ**
મુળી તાલુકો

**-:: જાહેર નોટીસ ::-**

જ.મ. કેસ નં. ૯૦/૨૦૨૫

(૧) શ્રી દેત્રોજા રૈયાભાઈ જાદવભાઈ,
રહે. મુ. માનપર, તા. મુળી, જિ- સુરેન્દ્રનગર ..........અરજદાર

**વિરૂધ્ધ**

(૨) જન્મ/મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રી, માનપર, તા.મુળી. જિ. સુરેન્દ્રનગર ..........સામાવાળા

**વિષયઃ- જન્મ/મરણ નોંધણી અધિનિયમ જ.મ. એકટ ૧૩ (૩) મુજબની કાર્યવાહી કરવા બાબત**

આથી જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારશ્રીએ તેઓના પુત્રશ્રી બેચરભાઈ રૈયાભાઈ દેત્રોજાનો જન્મ તા ૦૮/૦૮/૨૦૧૭ ના રોજ મુ. માનસર તા. મુળી જિ. સુરેન્દનગર મુકામે થયેલ જેની નોંધ સામાવાળાનાં દફતરે કરવાની રહી ગયેલ હોઈ અત્રેની એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, મુળીમાં ઉપરોકત નંબરથી સદરહું અરજી દાખલ કરેલ છે. જે અરજી સામે કોઈ ઈસમ કે સંસ્થાને કોઈ વાંધો કે તકરાર હોઈ તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં રૂબરૂ અથવા વકીલ મારફત લેખીતમાં વાંધા તેમજ પુરાવા સાથે હાજર રહેવું અન્યથા આગળ યોગ્ય ન્યાયિક હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તારીખ ૩૧/૦૭/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

કોર્ટનો સિકકો

હુકમથી
**એકઝીકયુટી મેજીસ્ટ્રેટ**
મુળી તાલુકો


**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ટેન્ડર નં. 141-2025-26 થી 144-2025-26**


| નં: | ઇ-ટેન્ડર નં. | કાર્યનું નામ | ટેન્ડર કિંમત (રૂ.) | EMD રૂ. |
|---|---|---|---|---|
| 1 | 141-2025-26 | રાજકોટ-જેતલસર વિભાગ: ગોંડલ, વીરપુર અને રિબડા સ્ટેશન પર સ્ટાફ ક્વાર્ટર્સનું સમારકામ. | 1,02,43,422.56 | 2,01,200.00 |
| 2 | 142-2025-26 | મંજૂર કાર્ય સામે હાલના બ્રિજ નં.46 (પીએસસી સ્લેબ 2x6.10 મીટર) નું વિસ્તરણ. પીઆરસીએલ વિભાગ પર કામગીરીની અવરોધો દૂર કરવા માટે સાવરકુંડલા ખાતે ડેડ એન્ડ પૂરો પાડવો. | 2,24,09,867.46 | 2,62,100.00 |
| 3 | 143-2025-26 | પીઆરસીએલ વિભાગ પર કામગીરીની અવરોધો દૂર કરવા માટે સાવરકુંડલા ખાતે ડેડ એન્ડ પૂરો પાડવો. | 71,50,999.33 | 1,43,000.00 |
| 4 | 144-2025-26 | રાજકોટ જેતલસર વિભાગ, એલએચએસ નંબર 44/બી ના સંપર્કમાં આવતા પાણીના પ્રવાહને રોકવા માટે વોટરપ્રૂફિંગ ટ્રીટમેન્ટ સાથે ડ્રેનેજ કાર્યમાં સુધારો.. | 1,97,85,585.06 | 2,48,900.00 |

**ઉપરોક્ત તમામ ટેન્ડર માટે: બિડિંગ શરૂ થવાની તારીખ: 15/08/2025 બિડિંગ બંધ થવાની તારીખ: 29/08/2025 NIT ને રેલવે વેબસાઈટ www.ireps.gov.in પર તારીખ - 06/08/2025 ના રોજ અપલોડ કરવામાં આવેલ છે**

BVP 096

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


# ભાવભીની શ્રધ્ધાંજલી



**સ્વ. દિપક કાન્તીલાલ સોમૈયા (દીપુઢોલી)**
સ્વ.તા.૧/૮/૨૦૧૨, બુધવાર
શ્રાવણ સુદ પુનમ



**સ્વ. કિર્તીબેન દિપકભાઈ સોમૈયા**
સ્વ.તા.૧૫/૯/૨૦૨૦, મંગળવાર
ભાદરવા વદ તેરસ

યશ મળે, વૈભવ મળે, કીર્તિ મળે, મળે જીવનના બધા સુખ પરંતુ જનાર સ્વજન મળે નહીં, ઘણું બધું છે છતાં કંઈ નથી, ઘણા બધા છે પણ તમે નથી, એ જ જીવનનું દુઃખ છે. પ્રભુ તમારા સદ્ગત દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એ જ અમારી પ્રભુને પ્રાર્થના ભાવભીની શ્રધ્ધાંજલી.

**લી. નિલેષભાઈ (નાનુભાઈ) કાન્તીલાલ સોમૈયા**
**કિશોર કાન્તીલાલ સોમૈયા**
**કિશન નિલેષભાઈ સોમૈયા, વિશાલ દિપકભાઈ સોમૈયા**
**તથા સોમૈયા પરિવારના જય સીયારામ**

**મોરબી મહાનગરપાલિકા**

**ઓનલાઈન જાહેર નિવિદા**

આથી મોરબી મહાનગરપાલિકા, મોરબી જી.મોરબી ને વિવિધ યોજના હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| અ. નં. | કામની વિગત | ટેન્ડર ફી | ઇ.એમ.ડી. ની રકમ | કામની અંદાજીત રૂ. |
|---|---|---|---|---|
| ૧ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં સૂરજબગ ગાર્ડનમાં મોર્ડન લાઈબ્રેરી કન્સ્ટ્રકશનઅને ડેવલોપમેન્ટ કરવાના કામ.(ત્રીજોપ્રયત્ન) | ૪,૫૦૦/- | ૨,૬૦,૧૦૦/- | ૨૬૦.૦૦ લાખ |
| ૨ | મોરબી મહાનગરપાલિકા હદમાં ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં સામાજિક આર્થિક માહિતીના સર્વક્ષણ નું કામ. (ત્રીજોપ્રયત્ન) | ૧,૧૨૫/- | ૫૦,૦૦૦/- | - |
| | ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય | તા.૨૬/૦૮/૨૦૨૫ ના રોજ ૧૮:૦૦ કલાક સુધી | | |
| | ફક્ત ઓરીજીનલ ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને નોન બ્લેકલીસ્ટનું એફીડેવીટ પહોચતા કરવાની તારીખ, સમય તથા સરનામુ | તા.૦૨/૦૯/૨૦૨૫ ના ૧૮:૦૦ કલાક સુધી, નાયબ કમિશનરશ્રી(પ્રો.), મોરબી મહાનગરપાલિકા, જી.મોરબી | | |
| | ટેકનીકલ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | તા.૦૩/૦૯/૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે | | |
| | પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | તા.૦૩/૦૯/૨૦૨૫ ના રોજ ૦૧:૦૦ કલાકે | | |

ઉપરોક્ત કામ અંગેની તમામ જરૂરી માહિતી તેમજ શરતો અને કરારની વિગતો અને ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે www.nprocure.com વેબસાઈટ ઉપર તા.૧૧/૦૮/૨૦૨૫ના રોજથી જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

માહિતી -રાજ-૭૫૪ -૨૫-૨૬

નાયબ કમિશનર
મોરબી મહાનગરપાલિકા

તંત્રી લેખ

# લખપતિ દીદી વધારી રહી છે ગુજરાતનું ગૌરવ

મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા 'લખપતિ દીદી' યોજના શરૂ કરવામાં આવી હતી. ૨૦૨૭ સુધીમાં ૩ કરોડ મહિલાઓને આર્થિક રીતે સક્ષમ બનાવવાનો આ યોજનાનો ઉદ્દેશ છે.

ગુજરાતમાં જુલાઈ ૨૦૨૫ સુધી રાજ્યમાં ૫ લાખ ૯૬ હજાર જેટલી મહિલાઓની આવક એક લાખથી વધુ સુધી પહોંચી છે અને તેઓ ગર્વ સાથે ગુજરાતની 'લખપતિ દીદી' બની છે. આવનારા સમયમાં ગુજરાત ૧૦ લાખ મહિલાઓને લખપતિ દીદી બનવા માટે મદદરૂપ થઈને મહિલા સશક્તિકરણનું અભૂતપૂર્વ ઉદાહરણ પ્રસ્થાપિત કરવા પ્રતિબદ્ધ છે.

રાજયના તાલીમબધ્ધ કમ્યુનિટી રિસોર્સ પર્સન દ્વારા અત્યારે ૧૦.૭૪ લાખ મહિલાઓની ઓળખ કરવામાં આવી છે જેઓ લખપતિ દીદી બની શકે છે.

ઓળખ કરાયેલ સંભવિત લખપતિ દીદીની હાલની પ્રવૃત્તિ તથા તેમની પાસે ઉપલબ્ધ સ્ત્રોતો, થયેલ ખર્ચ અને આવકની વિગતો મેળવવા માટે ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા ડિજિટલ આજીવિકા રજીસ્ટર તૈયાર કરવામા આવ્યું છે.

આ ડિજિટલ આજીવિકા રજીસ્ટરથી મળેલી માહિતિના આધારે ઓળખ કરવામાં આવેલી લખપતિ દીદીને તેમની જરૂરિયાત મુજબ તાલીમ, એસેટ, આર્થિક સહાય, તથા માર્કેટીંગ માટે જરૂરી સપોર્ટ કરવામાં આવી રહ્યો છે.


આ યોજના સ્વસહાય જૂથો સાથે સંકળાયેલી ગ્રામીણ મહિલાઓને વ્યવસાય શરૂ કરવા માટે મદદરૂપ બને છે જેથી તેમની વાર્ષિક આવક એક લાખથી વધુ થઈ શકે.

મહિલાઓ કૃષિ, પશુપાલન, હસ્તકળા અને અન્ય સ્થાનિક ક્ષેત્રોમાં વ્યવસાય શરૂ કરી શકે છે. તેના માટે સરકારશ્રીની વિવિધ યોજનાઓ દ્વારા તાલીમ, આર્થિક સહાય અને બજાર સાથે જોડાણની સુવિધા આપવામાં આવે છે જેથી તેમની આવકમાં વધારો થઈ શકે.ગુજરાત સરકારે અમુક મહત્વપૂર્ણ પગલાં ભર્યા છે.

તાલુકા સ્તરે ૧૨૪ માસ્ટર ટ્રેનર્સની નિમણૂક કરવામાં આવી છે જેમણે અત્યાર સુધી ૧૦ હજારથી વધુ કમ્યુનિટી રિસોર્સ પર્સન્સને તાલીમ આપી છે. આ કમ્યુનિટી રિસોર્સ પર્સન્સ સ્વસહાય જૂથો સાથે સંકળાયેલી મહિલાઓને સહયોગ આપશે.

લખપતિ દીદી કાર્યક્રમને રાજ્ય સરકારે સફળતાપૂર્વક જમીન પર અમલમાં મૂક્યો છે. તેના પરિણામે મહિલાઓના જીવનમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે.

# જન્માષ્ટમી મહોત્સવમાં સ્વામિનારાયણ ગુરૂકુલના દેવકૃષ્ણદાસજી સ્વામી આશીર્વચન પાઠવશે



**અબતક, રાજકોટ**

વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત જન્માષ્ટમી મહોત્સવના ધર્માધ્યક્ષ તરીકે આ વર્ષે સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાનના મહંત સ્વામી દેવકૃષ્ણદાસજી સ્વામી વિશેષ ઉપસ્થિત રહેશે. જન્માષ્ટમી મહોત્સવ સમિતિના મહામંત્રી પરેશભાઈ રૂપારેલીયાએ આ માહિતી આપી છે. સ્વામી દેવકૃષ્ણદાસજીનો જન્મ ૩૦ સપ્ટેમ્બર ૧૯૪૮ના રોજ મોરબી જિલ્લાના વેજલપુર ગામે થયો હતો અને બાળપણથી જ વૈરાગ્યનો માર્ગ અપનાવ્યો હતો. તેમણે ૨૩ નવેમ્બર ૧૯૬૬ના રોજ ભાગવતી દીક્ષા લીધી હતી.

તેમણે જીવનમાં ''ચાલશે, ફાવશે, ગમશે'' જેવા સૂત્રોને આત્મસાત કર્યા છે અને ભગવાન સ્વામિનારાયણે આપેલા પાંચ વર્તમાનને અડગપણે પાળી રહ્યા છે. તેમની વાણીમાં વહેતા જીવનસૂત્રો, જેમ કે, ''મગજને આઈસ ફેક્ટરી અને જીભને સુગર ફેક્ટરી જેવી બનાવવી'' ઘણા પરિવારોમાં પરિવર્તન લાવ્યા છે. સ્વામીજીએ ૧૭૭ ગ્રંથોનું વાંચન કર્યું છે અને ૨૧ પુસ્તકો લખ્યાં છે. તેમણે સ્વહસ્તે ૫૦ લાખથી વધુ 'સ્વામિનારાયણ' મહામંત્રો લખ્યા છે, જેમાંથી ૩૮,૫૦,૦૦૦ લાખ મહામંત્ર લખેલ બુકો હાલ ઉપલબ્ધ છે.

સ્વામીની નિશ્રામાં ગુરુકુલમાં હાલ ૨૮૫ સંત-પાર્ષદો છે, જેઓ સંપૂર્ણ સમર્પણ ભાવે સેવા કરે છે. તેમની નિશ્રામાં દેશમાં ૫૦ અને વિદેશમાં ૧૫ મળીને કુલ ૬૫ શાખાઓ દ્વારા ધાર્મિક, શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી રહી છે. જન્માષ્ટમી મહોત્સવની ધર્મસભામાં તેઓ ઉપસ્થિત રહીને ભાવિક ભક્તોને આશીર્વાદ અને માર્ગદર્શન આપશે.

# ટોરેન્ટોમાં ભારતીય સંસ્કૃતી જીવંત થઈ: વ્રજરાજકુમારજી

## ટોરેન્ટો ખાતે વીવાયઓનાં વ્રજરાજકુમારજીની ઉપસ્થિતિમાં પવિત્ર પર્વ બારસની ઉજવણી

**અબતક, રાજકોટ**

ટોરોન્ટો ખાતે પવિત્ર બારસનો પાવન મહોત્સવ વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજીની ઉપસ્થિતિમાં પીએમવીએસ શ્રીનાથજી હવેલી ખાતે ભાવપૂર્વક ઉજવાયો.

હૃદયમાં ભક્તિ અને શીર પર ગુરુચરણના આશીર્વાદ સાથે ઉજવાતા પવિત્ર પર્વ પવિત્ર બારસ ની દિવ્ય ઉજવણી ટોરોન્ટો સ્થિત પીએમવીએસ-શ્રીનાથજી હવેલી ખાતે રુદયસ્પર્શી ભક્તિભાવથી આયોજિત કરવામાં આવી.

આ પાવન અવસરે વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજી મહોદયની પાવન ઉપસ્થિતિએ સમગ્ર હવેલીને કૃપા અને ભક્તિથી વિભવિત કરી.

પવિત્ર બારસને પુષ્ટિમાર્ગમાં ગુરુ દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે, કેમ કે પવિત્ર દિવસે જ વલ્લભાચાર્યજી મહાપ્રભુજી દ્વારા પ્રથમ વખત બ્રહ્મસંબંધ દીક્ષા વડે દામોદરદાસ હરસાણીને શ્રીઠાકોરજીના નિજ સેવક તરીકે સ્વીકારી પુષ્ટિમાર્ગની સ્થાપના કરવામાં આવી હતી.



દિવસની શરૂઆત ભક્તિભેર કીર્તનોથી અને સત્સંગ પ્રવચનોથી થઈ. વૈષ્ણવો દ્વારા પવિત્ર અર્પણ કરવામ આવ્યું - ગુરુના ચરણોમાં શ્રદ્ધા, સમર્પણ અને પવિત્ર ભાવના સાથે. આ પવિત્ર અર્પણ ગુરુમાર્ગે આત્મવિશોધન અને જીવના કલ્યાણ માટેનો સંકલ્પ હતો.

આ અવસરે અનેક નવા વૈષ્ણવોને વ્રજરાજકુમારજી દ્વારા બ્રહ્મસંબંધ દીક્ષા પણ પ્રાપ્ત થઈ, જેમાં ભાવિ જીવનને શ્રીઠાકોરજીની અખંડ સેવા માટે અર્પણ કરવાનો સંકલ્પ લેવાયો. પુષ્ટિમાર્ગના મૂળ સિદ્ધાંતો - કૃષ્ણસ્ય શરણં મમ - દ્વારા ભક્તોને જીવાત્માના પાવન અભ્યાસમાં પ્રવેશ અપાયો.

પ્રસંગના અંતે સુવચનો અને દિવ્ય આશીર્વચન દ્વારા ભક્તોનું મન ભક્તિમાં લીન થઈ ગયું. મહાપ્રસાદર્થ સમગ્ર સભા ભક્તિરસમાં તરબોળ બની ગઈ.

આવો પવિત્ર પ્રસંગ ટોરોન્ટો જેવા વિદેશી પ્રદેશમાં વસતા ભારતીયોની સંસ્કૃતિને જીવંત અને ઊર્જાવાન રાખે છે - અને વિશ્વભરમાં પુષ્ટિમાર્ગની ઝાંખી પ્રગટાવે.


# કોર્પોરેશનના કર્મચારી રમેશ પરમારનો આજે જન્મદિન



રાજકોટ મહાનગરપાલિકાની વોટર વર્કસ શાખાના કર્મચારી રમેશભાઈ શામજીભાઈ પરમારના આજે જન્મદિન છે.તેઓ ૩૩ વર્ષ પૂર્ણ કરી ૩૪ વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે.

તેઓ જય વેલનાથ ઠાકોર પ્રગતિ મંડળના સંગઠન મંત્રી છે.આ ઉપરાંત શ્રી સીતાજી ટાઉનશીપના કમિટી મેમ્બર છે. અનેક નાની મોટી સામાજિક સંસ્થા સાથે જોડાયેલ છે.રાજકોટ કોળી સમાજ સમૂહલગ્ન માં સરબત દાતા અને શ્રી વેલનાથ શોભા યાત્રામાં ચા પાણી દાતા તરીકે સેવા આપે છે.

# કોર્પોરેશનના દંડક મનિષ રાડિયાનો જન્મદિન



રાજકોટ મહાનગરપાલિકાની શાસકપક્ષ દંડક તથા વોર્ડ નં.૨ના કોર્પોરેટર મનિષભાઈ રાડિયાનો આજે જન્મદિવસ છે. મનીષ રાડિયાનો જન્મ વર્ષ ૧૯૬૪ની ૯ ઓગષ્ટ ઈસ્ટ આફ્રિકા મોમ્બાસા ખાતે થયો હતો. તેઓ આજે જીવનના ૬૦ વર્ષ પૂરા કરી, ૬૧માં વર્ષમાં પ્રવેશ્યા છે. તેમણે ૧૯૬૮થી રાજકોટને પોતાની કર્મભૂમિ બનાવી છે. ૨૦૧૫થી કોર્પોરેટર તરીકે ચૂંટાયા બાદ તેઓએ પ્રથમ અઢી વર્ષે આરોગ્ય સમિતિના ચેરમેન તરીકે યશસ્વી કામ કરી હતી ત્યારબાદના અઢી વર્ષ બાંધકામ સમિતિ ચેરમેન તરીકે જવાબદારી સંભાળેલ. હાલ તેઓ શાસકપક્ષ દંડક તરીકેની જવાબદારી સંભાળી રહ્યા છે.

તેમના કાર્યકાળ દરમ્યાન કોર્પોરેશનને આરોગ્ય ક્ષેત્રમાં ઘણા એવોર્ડ મળેલ. ત્યારબાદ અઢી વર્ષ સુધી બાંધકામ સમિતિના ચેરમેન તરીકેના કાર્યકાળમાં શહેરના ઘણા વિસ્તારમાં અન્ડરબ્રીજ તેમજ ઓવરબ્રીજ તથા શહેરીજનોને ઉપયોગી નાના-મોટા વિકાસ કામોની હારમાળા સર્જેલ છે. તેઓ વૈદ્ય વિષારદ અને આયુર્વેદ રત્નની ઉપાધી ધરાવે છે. પ્રજાકાર્યોમાં સતત સક્રિય રહી, તેઓએ વોર્ડ વિસ્તારના રહેવાસીઓ સાથે આત્મીય નાતો જાળવ્યો છે. લોક સમસ્યાના ત્વરિત ઉકેલ માટે તેઓ હરહમેંશ પ્રયત્નશીલ રહે છે. આથી જ પાર્ટીએ તેમને સતત બીજી વખત ટીકીટ આપતા, તેઓએ પાર્ટીના તેમના પરના વિશ્વાસને હકીકતમાં ફેરવ્યો છે. તેઓ સતતપણે લોકોના દુઃખમાં કે સુખમાં લોકોની સાથે રહ્યા છે. તેમના જન્મદિવસ નિમિતે તેમના પરિવારજનો વિવિધ સંસ્થાઓ, આગેવાનો તેમજ મિત્રો દ્વારા મો.૯૮૨૪૫ ૮૧૯૯૯ ઉપર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

# લાલબહાદુર શાસ્ત્રી કન્યા વિદ્યાલયમાં એચ.પી.વી. રસીનો ૨૯ દિકરીઓએ લાભ લીધો

## રસીકરણથી ગર્ભાશયના કેન્સર સામે રક્ષણ મળે છે

**અબતક, રાજકોટ**



ફેમીલી પ્લાનિંગ એશોસીએશન ઓફ ઈન્ડીયા રાજકોટ બ્રાંચ દ્વારા લાલબહાદુર શાસ્ત્રી કન્યા વિદ્યાલય ખાતે તારુણ્ય દીકરીઓને નિશુલ્ક ધોરણે એચપીવી રસીકરણ કરવામાં આવેલ જેમાં ૨૯ દીકરીઓએ આ રસીકરણનો લાભ લીધો હતો. આ અભિયાનમાં તરુણી દીકરીઓ માટે નિશુલ્ક ધોરણે ગર્ભાશયના કેન્સર સામે રક્ષણ મળે છે. રસીકરણ સાથે દીકરીઓને અનીમીયા નો પ્રશ્ન, સફેદ પાણીની સમસ્યા, માસિકધર્મના પ્રશ્નો ના નિવારણ માટે ડો. ગોપીબેન ગજેરા દ્વારા યોગ્ય સારવાર અને કાઉન્સેલિંગ આપવામાં આવ્યું હતુ, એફ. પી. એ. આઈ. રાજકોટ ના લેડી હેલ્થ વીજીટર શિલ્પાબેન નિમાવત તથા એ. એન. એમ. સોનલબેન દેવાચાર્ય દ્વારા રસીકરણ કરવામાં આવેલ. આ કેમ્પની સફળતા માટે એફ. પી. એ. આઈ. રાજકોટ ના ચેરપર્સન એચ. આર. જરીયાની શુભેચ્છાઓ રહી હતી તથા એફ. પી. એ. આઈ. રાજકોટ સ્ટાફ ગણ, મેમ્બર રોનક ધ્રુવ તથા શાળાનો સ્ટાફ ગણ દ્વારા સક્રિય જહેમત ઉઠાવવામાં આવી હતી.

# સોમેશ્વર મહાદેવ મંદિરે સોમવારે દંતયજ્ઞ


**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર સોસાયટી માર્ગ નંબર ૨ ઉપર આવેલા સોમેશ્વર મહાદેવ મંદિરે શ્રાવણ મહિનાના ત્રીજા સોમવારે ના રોજ સવારે ૯ થી ૧૨ દાંત અને આંખના દર્દીઓ માટે નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે જેમાં દાંતના ડો. ખુશ્બુબેન ડોડીયા, આંખના ડોક્ટર પ્રતિશ સવજીયાની , દર્દીઓનું નિદાન કરશે, આ ઉપરાંત જીનેશિશ હોસ્પિટલ દ્વારા ડો. પ્રતાપ ડોડીયા બીપી, ડાયાબિટીસનું પણ ચેક અપ કરી આપશે. આ ઉપરાંત સાંધાના દુખાવા માટે તેલનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવશે તેમ સામાજિક અગ્રણી અને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના ડિરેક્ટર રાજુ જુંજાએ એક યાદીમાં જણાવ્યું છે

# મોમ્બાસામાં પૂ.મોરારિબાપુની રામકથાનો આજથી પ્રારંભ

## બાપુની ત્રીજી રામકથાના સમિયાણામાં જામ્યો 'રામમય' માહોલ

**અબતક, રાજકોટ**



પુ.મોરારિબાપુની વ્યાસપીઠ સમગ્ર જગતને તેનું અજવાળું પૂરું પાડી રહી છે.પરંતુ ભારત સિવાયના કેટલાંક અન્ય દેશો એવા છે કે રામ નામનો આ સંદેશ ઝીલવા હંમેશા તત્પર જણાયા છે. તેમાંથી આપણે આફ્રિકા ખંડનો કેન્યા નામનો દેશ આ યાદીમાં ઉપરના ક્રમમાં મૂકી શકીએ છીએ.કારણકે આફ્રિકા ખંડમાં બાપુના વ્યાસાસને કુલ ૨૫ કથાઓનું આયોજન થયું છે તેમાંથી ૧૩ કથાઓનું ગાન કેન્યામાં થયું છે.અને હવે ૧૪ મી કથા કેન્યાના મોમ્બાસામા યોજાઈ રહી છે.આ એક એવું નગર છે કે જે પૂર્વ પશ્ચિમના દરિયાઈ માર્ગનું મહત્વનું બંદર છે. આમ તો આ શહેરમાં સૌપ્રથમ વખત બાપુ રામચરિત માનસ લઈને ૧૯૮૦ ની સાલમાં કથાના ક્રમની ૨૨૦ મી કથા લઈ પધાર્યા હતા.પછી આ યોગ ઘણાં બધાં વર્ષો પછી એટલે કે સને ૧૯૯૧ માં પ્રાપ્ત થયો હતો.તેનો કથાનો ક્રમ નંબર હતો ૪૨૭.હવે ફરી વખત એક વખત સને ૨૦૨૫ માં કથાના ક્રમ મુજબ ૯૬૧મી કથા અને મોમ્બાસા શહેરમાં આરંભ થઈ રહ્યોં છે.

મોમ્બાસા શહેર કેન્યાના કેપિટલ નૈરોબી પછીનું સૌથી મોટું શહેર છે. બાર લાખની વસ્તી ધરાવતું આ શહેરમાં એક સમયે હાથી દાંતના વેપાર માટે પ્રખ્યાત હતું.આ સિવાય અહીંથી તલ અને નાળિયેરનો વેપાર પણ થાય છે.સને ૧૯૬૩ માં બ્રિટિશરોનું સામ્રાજ્ય કેન્યામાંથી સમાપ્ત થયું અને હવે ત્યાં સ્વતંત્ર સરકાર કામ કરી રહી છે. પરંતુ અહીંની મસ્જિદ તથા મિનારાઓ જોવાલાયક છે. સ્થાપત્યના ક્ષેત્રમાં પણ આ શહેર પ્રખ્યાત છે. ૪૭ ટકા વસ્તી મુસ્લિમ બહુલ છે અને ત્યાર પછીનો બીજો ક્રમ ખ્રિસ્તીઓનો છે. કથાનો આરંભ તા ૯-૮-૨૫ થી અને વિરામ તા ૧૭-૮-૨૫ રવિવારે થશે.દેશાવરોના કથા શ્રાવકોની ઉપસ્થિતિ રહેશે.

# બ્રહ્માકુમારીઝ બહેનો દ્વારા રક્ષણ, આદર અને સદ્ભાવના સાથે સાંકળચંદ પટેલ યુનિ.માં રક્ષાબંધન પર્વની ઉજવણી



**અબતક, વિસનગર**

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગરમાં બ્રહ્માકુમારી બહેનો તથા યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પ્રકાશભાઈ પટેલના સહયોગથી ડેન્ટલ ઓડિટોરિયમ ખાતે રક્ષાબંધનના શુભ પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

બી.કે. રેશ્મા દીદીએ રક્ષાબંધનના મૂળ મહત્વ અને આધ્યાત્મિક સાર પર સમજદાર વક્તવ્ય આપ્યું હતું. બ્રહ્માકુમારી બહેનોએ વિધિપૂર્વક તમામ મહાનુભાવો, ફેકલ્ટી સભ્યો, સ્ટાફ અને વિદ્યાર્થીઓને રાખડી બાંધી હતી, જે રક્ષણ, આદર અને સદ્ભાવનાના બંધનનું પ્રતીક છે.

આ પ્રસંગે સાંકળચંદ પટેલ યુનિવર્સિટી હેઠળની વિવિધ સંસ્થાઓના ડીન, વડાઓ, ફેકલ્ટી સભ્યો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનો હેતુ યુનિવર્સિટી સમુદાયમાં સાંસ્કૃતિક મૂલ્યો, એકતા અને આધ્યાત્મિક સુખાકારીને પ્રોત્સાહન આપવાનો છે.

# અમદાવાદમાં સમસ્ત સ્થાનકવાસી જૈન સમાજ ઉત્કર્ષની બેઠક

**અબતક, રાજકોટ**

અમદાવાદમાં સ્થાનકવાસી જૈનોની આશરે ૬૦ થી ૬૫ હજારની વસતી છે.

આ વર્ષે ૪૬ ઉપાશ્રયોમાં ચાતુર્માસ છે. ૫ ઉપાશ્રય ચાતુર્માસથી વંચિત છે. ૧૧ વૈયાવચ્ચ કેન્દ્ર છે. સોલારોડ જૈન સંઘ ખાતે તા. ૬-૮ ને બુધવારે સ્થાનકવાસી જૈન સમાજના ઉત્કર્ષ કાજે એક મીટીંગનું આયોજન કરાયું હતું. જેમાં ૪૦ આસપાસ સંઘોના પ્રમુખ-મંત્રી સહિત ૧૭૫ પદાધિકારીઓની ઉપસ્થિતિ હતી. સ્થાનકવાસી સમાજનું વસતી પત્રક તૈયાર કરાશે. તેમજ સમાજ ઉત્કર્ષ કાજે મેડીકલ સહાય, એજયુકેશન સહાય, સાધર્મિકો માટે આવાસ યોજના તેમજ વિવિધ કાર્યો કરાશે. વસતી પત્રકના ફોર્મ ૯ ઓગસ્ટથી પ્રારંભ થશે. અને ફોર્મ ભરનારને મીઠાઈ પેકેટ પ્રસાદી રુપે અપાશે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જયંતિભાઈ પટેલ, રાજુભાઈ ધોલેરાવાળા, મેહુલભાઈ ધોળકીયા વગેરે કાર્યરત છે.

# 'સ્વતંત્રતા દિવસ'ની ઉજવણીના આયોજન અંગે સોમવારે બેઠક

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં ચૌધરી હાઈસ્કુલ મેદાન ખાતે આગામી તા. ૧૫ ઓગસ્ટના રોજ 'સ્વતંત્રતા દિવસ'ની ઉજવણી થશે. જેના અનુસંધાને ધ્વજવંદન, સાંસ્કૃતિક નૃત્યો સહિતની તૈયારીઓના આયોજનને આખરી ઓપ આપવા માટે રાજકોટ શહેર - ૦૧ પ્રાંત અધિકારી કચેરીના મીટિંગ હોલ ખાતે તા. ૧૧ ઓગસ્ટના રોજ બપોરે ૧૧-૩૦ કલાકે બેઠક યોજવામાં આવી છે, જેમાં ઉપસ્થિત રહેવા સંબંધિત સરકારી વિભાગોના અધિકારીઓને પ્રાંત અધિકારી કચેરીની યાદીમાં જણાવાયું છે.

# સિસ્ટમ નિવેદિતા સ્કુલ ઓન વ્હીકલ દ્વારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી ૧૭૩મી વાંચન શિબિર ભાડલા ખાતે યોજાઈ

**અબતક, રાજકોટ**

સિસ્ટર નિવેદિતા ફાઉન્ડેશન દ્વારા સંચાલિત સિસ્ટર નિવેદિતા સ્કૂલ ઑન વ્હીલ્સ-રાજકોટ દ્વારા રાજકોટ, સુરેન્દ્રનગર, મોરબી અને બોટાદ જિલ્લાની ગ્રામીણ શાળાના ધોરણઃ ૫થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓમાં સદ્વાચનના પ્રચાર-પ્રસાર માટે બે દિવસની નિવાસી વાચનશિબિર યોજવામાં આવે છે. શનિવાર-રવિવાર દરમિયાન યોજાતી આ વાચનશિબિરમાં વિદ્યાર્થીઓની સાથે સ્થાનિક શિક્ષકો પણ ઉત્સાહપૂર્વક સામેલ થાય છે.

તા. ૦૨ ઓગસ્ટ તથા તા.૩ ઓગસ્ટ, ૨૦૨૫ શનિવાર રવિવારના રોજ રાજકોટ જિલ્લાની સરદાર પટેલ વિદ્યાલય, ભાડલા સંસ્થામાં બે દિવસની નિવાસી વાચનશિબિર યોજવામાં આવી જેમાં સરદાર પટેલ વિદ્યાલય, ભાડલાના ૩૪ કુમાર અને કન્યાઃ ૨૨ તથા વિવેકાનંદ સ્કૂલ, ભાડલાના ૨૩ કુમાર અને કન્યા ૩૪ મળી ૧૧૩ શિબિરાર્થી ભાઈઓ-બહેનો તથા ૨૨ શિક્ષક ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.

સ્પર્ધા, મેગેઝિન મેમરી ટેસ્ટ તેમજ નિબંધ સ્પર્ધામાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક સામેલ થયા અને તેમનામાં રહેલી કળાને ઉજાગર કરવાની તક પ્રાપ્ત થઈ. શિબિરાર્થીઓએ બે દિવસમાં વિવિધ પુસ્તકો, સામાયિકો તથા સિસ્ટર નિવેદિતા સ્કૂલ ઑન વ્હીલ્સ સંલગ્ન ગ્રામિણ શાળાના બાળકોએ તૈયાર કરેલા હસ્તલિખિત અંકોનું અધ્યયન કર્યું. બે દિવસ દરમિયાન શિબિરાર્થીઓ દ્વારા કુલઃ- ૨૨૬ પુસ્તકોનું ઘનિષ્ઠ વાચન થયું.

આ વાચન શિબિરમાં સરદાર પટેલ વિદ્યાલય, ભાડલાના સ્થાપક ભુરાભાઈ જેતાણી, શાળાના સંચાલક દિપેશભાઈ પોલારા, સાહિત્યપ્રેમી ડો. રાજેશભાઈ જેતાણી, ભાડલા ગામના સરપંચ અરવિંદભાઈ ડોબરીયા વાલીગણે વાચન શિબિરની મુલાકાત લઈને શિબિરાર્થીઓને પ્રોત્સાહન પૂરૂ પાડેલ.

# કમળાબેન કનુભાઈ ઠાકર ફાઉન્ડેશન દ્વારા પંચનાથ મંદિર ટ્રસ્ટ ઉપક્રમે સોમવારે રકતદાન કેમ્પ

**અબતક, રાજકોટ**

સોમવાર સાંજે ૫ થી ૧૧ વાગ્યે પંચનાથ મંદિરમાં રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સાથે ચક્ષુદાન, અંગદાન, દેહદાન, સ્કિન દાનના સંકલ્પ પત્રો પણ ભરી આપવામાં આવશે.

ઉપરોકત સેવાના કાર્યમાં પંચનાથ મંદિર ટ્રસ્ટ વતી ચેરમેન દેવાંગભાઈ માંકડ, જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા, લાઈફ બ્લડ બેંકના પબ્લિક રિલેશન ઓફીસર કીરીટભાઈ ભટ્ટ પરિવાર કિશોર મંડપ સર્વિસના મધુસુદનભાઈ પરમાર અને ફ્રેન્ડ યંગસ્ટાર ગ્રુપ ના કલ્પેશભાઈ પાટડીયાનો સહયોગ પ્રાપ્ત થયો છે. આયોજન કમલાબેન, કનુભાઈ ઠાકર મેમોરિયલ ફાઉન્ડેશન પ્રેરિત ના મેન્ટર પ્રમોટર રાજુઠાકર દ્વારા કરવામાં આવ્યું છે.

# મિરામ્બિકા કેમ્પસ હેડના લાડકવાયા પુત્ર ભવ્યનો જન્મદિવસ



મિરામ્બિકા ગ્રુપ ઓફ કોલેજીસના કેમ્પસ હેડ (પ્રોફેસર) મિતેશભાઈ ચાવડા અને રિદ્ધીબેન ચાવડાના લાકડવાયા દીકરા અને દાદા સુરેશભાઈ દાદી સરોજબેન ચાવડાના પૌત્ર તેમજ મૈત્રીના લાકડવાયા ભાઈ ભવ્યનો આજે જન્મદિન છે. ત્યારે સગા-સંબંધીઓ, મિત્રવર્તુળ તરફથી વ્હાલ અને જન્મદિવસની શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

# બજરંગ ગ્રુપ દ્વારા જન્માષ્ટમી નિમિતે રવિવારે ફરાળ અને મીઠાઈનું નિઃશુલ્ક વિતરણ

## પંચમુખી હનુમાન મઢી ગરેડીયા કુવા રોડ ખાતે સવારે ૧૦ કલાકે ટોકન અપાશે

**અબતક, રાજકોટ**

બજરંગ ગ્રુપ દ્વારા જન્માષ્ટમી તહેવાર નિમિતે ગરીબ વર્ગના લોકોને મદદ કરવા રવિવારેના રોજ સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ સુધી ફરાળ અને મીઠાઈનું વિતરણ પંચમુખી હનુમાન મંદિર ગરેડીયા કુવા રોડ રાજકોટ ખાતેથી વિતરણ વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે. વ્યવસ્થાના ભાગે ટોકનનું વિતરણ સવારે ૧૦ કલાકે અપાશે જગદીશભાઈ ગણાત્રા, કિશોરભાઈ કારીયા, હસમુખ ગણાત્રા, જગદીશભાઈ ગણાત્રા સહીતના આગેવાનો સહયોગ મળ્યો હતો. તેમજ વધુ માહીતી માટે કિશોરભાઈ કારીયા મો. નં. ૯૪૨૮૨ ૫૪૦૦૮ પર સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું હતું.

ઓપરેશન સિંદૂર અંતર્ગત

# ભારતે પાકિસ્તાનના ૫ ફાઈટર જેટ તોડી પાડ્યા: આઈએએફ ચીફ

## એર ચીફ માર્શલ એપી સિંહે ઓપરેશનની સફળતાનો શ્રેય ભારતની મજબૂત વાયુ સંરક્ષણ પ્રણાલીને આપ્યો, પાકિસ્તાનના લાંબા અંતરના ગ્લાઈડ બોમ્બ ભારતમાં પ્રવેશી જ ન શક્યા

**અબતક રાજકોટ**

ભારતીય વાયુસેનાના વડા એર ચીફ માર્શલ એપી સિંહે એક મોટો ખુલાસો કર્યો છે. તેમણે બેંગલુરુમાં એક કાર્યક્રમ દરમિયાન જણાવ્યું કે ઓપરેશન સિંદૂરમાં પાકિસ્તાનને ભારે નુકસાન થયું હતું. ભારતીય વાયુસેનાની આ કાર્યવાહીમાં પાકિસ્તાનના પાંચ ફાઈટર પ્લેન તોડી પાડવામાં આવ્યા હતા.

એપી સિંહે આ ઓપરેશનની સફળતાનો શ્રેય ભારતની મજબૂત વાયુ સંરક્ષણ પ્રણાલીને આપ્યો. તેમણે કહ્યું કે, ''વાયુ સંરક્ષણ પ્રણાલીએ ખૂબ સારું કામ કર્યું છે.'' તેમણે ઉમેર્યું કે તાજેતરમાં ખરીદવામાં આવેલી એસ-૪૦૦ સિસ્ટમ આ ઓપરેશનમાં ગેમ-ચેન્જર સાબિત થઈ. પાકિસ્તાન પાસે લાંબા અંતરના ગ્લાઈડ બોમ્બ હોવા છતાં, તેઓ તેનો ઉપયોગ કરી શક્યા ન હતા કારણ કે તેઓ ભારતીય વાયુ સંરક્ષણ ક્ષેત્રમાં પ્રવેશ કરી શક્યા ન હતા.

એપી સિંહે એમ પણ જણાવ્યું કે ઓપરેશન દરમિયાન ભારતે



તમામ પાકિસ્તાની ડ્રોનને સફળતાપૂર્વક તોડી પાડ્યા હતા. આ ઉપરાંત, ભારતીય વાયુસેનાએ પાંચ પાકિસ્તાની જેટ પણ તોડી પાડ્યા હતા, જે પાકિસ્તાન માટે એક મોટો લશ્કરી આંચકો હતો. આ ઘટના ઓપરેશન સિંદૂરની સફળતા અને ભારતીય વાયુસેનાની ક્ષમતાને દર્શાવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ભારતે ૭ મેના રોજ રાતે ૧.૩૦ વાગ્યે પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં હવાઈ હુમલા કર્યા હતા. ભારતીય સેનાના જણાવ્યા અનુસાર, આ હુમલામાં ૧૦૦થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા હતા. પાકિસ્તાનના સરકારી મીડિયાએ અહેવાલ આપ્યો હતો કે ભારતે કોટલી, બહાવલપુર, મુરીદકે, બાગ અને મુઝફ્ફરાબાદ જેવા વિસ્તારોને નિશાન બનાવ્યા હતા. આ હુમલામાં ભારતીય વાયુસેનાએ કુલ ૯ આતંકવાદી ઠેકાણાઓ નષ્ટ કર્યા હતા. આ લક્ષ્યાંકોમાં આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાનું મુખ્ય મથક અને જૈશ-એ-મોહમ્મદના વડા મસૂદ અઝહરના ઠેકાણાનો સમાવેશ થતો હતો. આ કાર્યવાહી આતંકવાદી નેટવર્કને નષ્ટ કરવા માટે એક નિર્ણાયક પગલું હતું.

### બહાવલપુરમાં પાકિસ્તાનને મોટું નુકસાન

એર ચીફ માર્શલ એપી સિંહે પાકિસ્તાનના બહાવલપુરમાં થયેલા હુમલાની વિગતો પણ આપી. તેમણે જણાવ્યું કે હુમલા પહેલા અને પછીના ચિત્રો સ્પષ્ટપણે દર્શાવે છે કે ત્યાં કંઈ પણ બચ્યું ન હતું. આ તસવીરો માત્ર સેટેલાઈટ દ્વારા જ લેવામાં આવી ન હતી, પરંતુ પાકિસ્તાનના સ્થાનિક મીડિયાએ પણ નાશ પામેલી ઈમારતોની અંદરની તસવીરો બતાવી હતી, જે ભારતના હુમલાની અસરકારકતાનો પુરાવો છે.

### ભારતની સ્પષ્ટ નીતિ

ઓપરેશન સિંદૂર ભારતીય સેનાની આતંકવાદ સામેની ઝીરો-ટોલરન્સ નીતિનું પ્રતીક છે. આ હુમલાએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે ભારત પોતાની સુરક્ષા માટે પાકિસ્તાની સરહદમાં ઘૂસીને પણ કાર્યવાહી કરવાથી અચકાશે નહીં. આ સફળતા ભારતીય સશસ્ત્ર દળોની તાકાત અને આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવાની ક્ષમતા દર્શાવે છે.

# સીબીએસઈ ધો-૧૦ની સપ્લિમેન્ટરી પરીક્ષાનું ૪૮.૬૮ ટકા પરિણામ જાહેર

## વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થિનીઓનું પરિણામ ૩.૬૩ ટકા વધુ: નોંધાયેલા ૧.૩૯ લાખમાંથી ૬૩ હજાર કરતા વધુ વિદ્યાર્થી પાસ

**અબતક, રાજકોટ**

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ દ્વારા જુલાઈ માસમાં લેવામાં આવેલી ધોરણ-૧૦ની સપ્લિમેન્ટરી પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ધોરણ-૧૦માં ૧.૩૯ લાખ વિદ્યાર્થીઓમાંથી ૬૭ હજાર કરતા વધુ વિદ્યાર્થી પાસ થવામાં સફળ રહ્યા છે. આમ, ધોરણ-૧૦ની સપ્લિમેન્ટરી પરીક્ષાનું ૪૮.૬૮ ટકા પરિણામ જાહેર થયું છે. ધોરણ-૧૦ના પરિણામમાં પણ વિદ્યાર્થિનીઓ મેદાન મારી ગઈ છે. વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થિનીઓનું પરિણામ ૩.૬૩ ટકા વધુ આવ્યું છે.બોર્ડ દ્વારા તાજેતરમાં લેવામાં આવેલી ધોરણ-૧૦ અને ૧૨ની સપ્લિમેન્ટરી પરીક્ષાનું પરિણામ જાહેર કરવાની તૈયારીઓ હાથ ધરવામાં આવી હતી. બોર્ડ દ્વારા ચાલુ વર્ષે ફેબ્રુઆરીથી એપ્રિલ માસ દરમિયાન ધોરણ-૧૦ અને ૧૨ની લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. ત્યારબાદ પરિણામ જાહેર કરાયું હતું. પરિણામમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે સપ્લિમેન્ટરી પરીક્ષાનું આયોજન કરાયું હતું. ધોરણ-૧૦ની સપ્લિમેન્ટરી પરીક્ષા ૧૫ જુલાઈથી ૨૨ જુલાઈ દરમિયાન લેવામાં આવી હતી. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી શરૂ કરાઈ હતી. બોર્ડ દ્વારા પરિણામ જાહેર કરવા માટેની તૈયારીઓ કરાઈ હતી, જેમાં સૌપ્રથમ ધોરણ-૧૨નું પરિણામ તૈયાર થતાં જાહેર કરવામાં આવ્યા બાદ હવે ધોરણ-૧૦ની સપ્લિમેન્ટરી પરીક્ષાનું પરિણામ જાહેર કરાયું છે. ધોરણ-૧૦ની સપ્લિમેન્ટરી પરીક્ષા માટે સમગ્ર દેશમાંથી ૧૪૩૬૪૮ વિદ્યાર્થી નોંધાયા હતા. જે પૈકી પરીક્ષા વખતે ૧૩૮૮૯૮ વિદ્યાર્થી પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા અને તેમાંથી ૬૭૬૨૦ વિદ્યાર્થી પાસ થયા છે. ધોરણ-૧૦ની સપ્લિમેન્ટરી પરીક્ષામાં પણ વિદ્યાર્થિનીઓ મેદાન મારી ગઈ છે. વિદ્યાર્થીઓનું સપ્લિમેન્ટરી પરીક્ષાનું પરિણામ ૪૭.૪૧ ટકા આવ્યું છે. જ્યારે વિદ્યાર્થિનીઓનું પરિણામ ૫૧.૦૪ ટકા જાહેર કરાયું છે. આમ, વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થિનીઓનું પરિણામ ૩.૬૩ ટકા વધુ આવ્યું છે. વિદેશની સ્કૂલોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું પણ સપ્લિમેન્ટરી પરીક્ષાનું પરિણામ ઊંચુ આવ્યું છે. આ વખતે ૪૪૧ વિદેશની સ્કૂલના વિદ્યાર્થી સપ્લિમેન્ટરી પરીક્ષા માટે નોંધાયા હતા. જેમાંથી પરીક્ષા વખતે ૪૩૦ વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે પરિણામ જાહેર કરાયું તેમાં ૨૩૩ વિદ્યાર્થી પાસ થયા છે. આમ, વિદેશના વિદ્યાર્થીઓનું ૫૪.૧૮ ટકા પરિણામ આવ્યું છે. આમ, ધોરણ-૧૦ અને ૧૨ની સપ્લિમેન્ટરી પરીક્ષાનું પરિણામ જાહેર થતા પાસ થયેલા વિદ્યાર્થીઓ ચાલુ વર્ષે જ આગળના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકશે.

# ડિપ્લોમા ટુ ડિગ્રી સરકારી કોલેજની ૧૦૪૦ બેઠક માટે સોમવારે ઓફલાઈન રાઉન્ડ

## ૪૪૪૧૭માંથી ૯ હજાર બેઠક પર પ્રવેશ ફાળવાયો: ખાલી બેઠકો પર રજિસ્ટ્રેશન ન કરાવેલા વિદ્યાર્થીઓ હાજર રહે તો પ્રવેશ ફાળવાશે

**અબતક, રાજકોટ**

ડિપ્લોમાથી ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે અત્યાર સુધીમાં ત્રણ રાઉન્ડ પુરા કરી દેવામાં આવ્યા છે. ત્રણ રાઉન્ડ પછી સરકારી કોલેજની ૧૦૪૦ બેઠકો ખાલી પડી છે. આ બેઠકો માટે હવે આગામી ૧૧મી ઓગસ્ટે ઓફલાઈન રાઉન્ડ કરવાની જાહેરાત કરવામાં આવી છે. હાલમાં ઓફલાઈન રાઉન્ડ માટે ૬૧૩ વિદ્યાર્થીઓને બોલાવવામાં આવ્યા છે.ડિપ્લોમાથી ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે છેલ્લા બે વર્ષથી એન્ટ્રન્સ ટેસ્ટના આધારે પ્રવેશ કાર્યવાહી કરવામાં આવે છે. ચાલુ વર્ષે ડિપ્લોમાથી ડિગ્રી માટેની ૪૪૪૧૭ બેઠકો માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આ બેઠક માટે કુલ ૧૩૪૭૧ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જે પૈકી ૧૩૬૯૨ વિદ્યાર્થીઓએ ફી ભરીને રજિસ્ટ્રેશન કન્ફર્મ કરાવતાં તેમનો મેરિટ યાદીમાં સમાવેશ કરાયો હતો. ડિપ્લોમાથી ડિગ્રી માટે ૧૯ સરકારી કોલેજોની ૧૦ ટકા પ્રમાણે ૧૧૩૩ બેઠકો અને અગાઉના વર્ષમાં ખાલી પડેલી ૨૩૪૨ બેઠકો મળીને કુલ ૩૪૭૫ બેઠકો અને ૧૧૭ સ્વનિર્ભર કોલેજોની ૧૦ ટકા પ્રમાણે ૬૬૧૮ અને અગાઉની ખાલી પડેલી ૩૪૩૨૪ મળીને ૪૦૯૪૨ મળી કુલ ૧૩૬ કોલેજની ૧૦ ટકા પ્રમાણે ૭૭૫૧ અને અગાઉના વર્ષમાં ખાલી પડેલી ૩૬૬૬૬ બેઠકો મળી કુલ ૪૪૪૧૭ બેઠકો માટે પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. અત્યાર સુધીમાં ત્રણ ઓનલાઈન રાઉન્ડ પૂરા કરવામાં આવ્યા છે. ત્રણ રાઉન્ડના અંતે સરકારી કોલેજોમાં ૧૦૪૦ બેઠકો ખાલી પડી છે. અત્યાર સુધીમાં ત્રણ ઓનલાઈન રાઉન્ડ બાદ સરકારી અને સ્વનિર્ભર કોલેજની મળીને કુલ ૯ હજાર બેઠકો પર વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાયો છે. ગત વર્ષે ત્રણ રાઉન્ડના અંતે કુલ ૭૮૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. આમ, ચાલુ વર્ષે ૧૨૦૦૦ જેટલા વધારે વિદ્યાર્થીઓએ ડિપ્લોમાથી ડિગ્રી કોલેજમાં પ્રવેશ મેળવ્યો છે. નિયમ પ્રમાણે સ્વનિર્ભર કોલેજમાં ખાલી પડેલી બેઠકો ભરવા કોલેજોને આપવામાં આવી છે. સરકારી કોલેજમાં ખાલી પડેલી ૧૦૪૦ બેઠકો માટે આગામી ૧૧મી ઓગસ્ટના રોજ ઓફલાઈન રાઉન્ડ કરવામાં આવશે. આ રાઉન્ડમાં હાજર રહેવા માટે હાલમાં ૬૧૩ વિદ્યાર્થીઓ સંમતિ આપી છે. જે વિદ્યાર્થીઓ અત્યાર સુધીમાં ફોર્મ ભર્યું નથી તેઓ પણ હાજર રહેશે તે તેમને ખાલી પડનારી બેઠકો પર ઈચ્છે તો પ્રવેશ ફાળવાશે.

સાતમ આઠમના તહેવાર પૂર્વે...

# રાજકોટ જિલ્લામાં ૭ સ્થળે જુગારના દરોડા, સાત મહિલા સહિત ૪૭ શકુની ઝડપાયા: ત્રણ ફરાર

## ગોંડલ ધોરાજી પડધરી ભાયાવદર ઉપલેટાના નીલાખા હાડાફોડી અને કોલકી ગામે જુગારની મહેફિલમા ભંગ પાડતી પોલીસ: ૪ લાખનો મુદ્દામાલ કબજે

**અબતક રાજકોટ**

શ્રાવણ માસ ના સાતમ આઠમ પર્વ પૂર્વે ઠેર ઠેર જુગારના પટ મડાયા છે. જેમાં રાજકોટ જિલ્લામાં સાત સ્થળોએ પોલીસે દરોડા પાડ્યા છે.જેમાં ગોંડલ ધોરાજી પડધરી ભાયાવદર ઉપલેટા ના લીલાખા ફાડા ફોડી અને કોલકી ગામે જુગારની મહેફીલ માં પોલીસે ભંગ પાડી સાત મહિલા સહિત ૪૭ શકુનીની ધરપકડ કરી રૂપિયા ૩.૯૮૭૪૦ નો મુદ્દા માલ કબજે કરી નાસી છૂટેલા ત્રણ શખ્સો ની શોધ કોટ હાથ ધરવામાં આવી છે. રાજકોટ જિલ્લામાં તહેવારોમાં ઠેર ઠેર જુગારના હાટડા મંડાયા હોવાની જિલ્લા પોલીસવાળા હિમકરસિંહએ આપેલી સુચના ને પગલે ગોંડલ તાલુકાના મોવૈયા ગામે જાહેરમાં જુગાર રમતો હોવાની મળેલી વાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી જુગાર રમતા જીજ્ઞેશ ચનાભાઈ ડાભી, ક્રિપાલ જેન્તીભાઈ ડાભી, દિપેન રમણીકભાઈ કાલરીયા ,તેજશ રમેશભાઈ ગોર ,મેહુલ ભુપત ભરાડીયાક્ષશ ધરપકડ કરી જુગારના પટમાંથી રૂ. ૨૧ લાખનો મુદ્દામાંલ કબજે કરી દરોડા દરમિયાન નાશી છુંટેલા ભરત ભનુભાઈ ઓતરાદી ,મનિષ વાવડીયા અને જેન્તી વાટીયા ની શોધખોળ હાથ ધરી છે. જ્યારે ધોરાજી તાલુકાના ફરેણી ગામે જાહેરમાં જુગાર રમતા ગોપલ લાલજીભાઈ વિરડીયા, જયદીપ મગનભાઈ વેગળ, સાગર અશોકભાઈ પટોળીયા, વિજય જમનભાઈ વિરડીયા ,પરેશ કાનજીભાઈ વૈષ્ણવ, શાંતુ રામભાઈ શેખવા અને સંજય ડાયાભાઈ વઘેરાની ધરપકડ કરી ૨૪૪૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.ઉપલેટા પોલીસ મથકના પીઆઈ બી.આર.પટેલની રાહબરીમાં ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ ડી.જે.રાણા અને કોસ્ટેબલ અર્જુનસિંહ ઝાલાને મળેલ ચોક્કસ બાતમીના આધારે ઉપલેટાના લીલાખા ગામે કોબુ સીમ વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા ગોવિંદ નારણ કાનગડ, ભીમા ખીમા જળુ, મનસુખ રૂડા ચુડાસમા, મનસુખ કારા સિહોરા, ગોકુળ માધા વિરાણી (રહે. પાંચેય નિલાખા, ઉપલેટા), સુરેશ બાબુ વસંત (રહે. ગણોદ, ઉપલેટા) અને દિલીપ લક્ષ્મણ ધામી (રહે. ઉપલેટા)ને પકડી પાડી રૂપિયા ૨૫,૫૭૦ ની મતા કબજે કરી હતી.બીજા દરોડામાં રૂરલ એલસીબી વી. વી.ઓડેદરાની રાહબરીમાં એએસઆઈ શકિતસિંહ જાડેજા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે ઉપલેટાના હાડફોડી ગામે વાદી સમાજના મઢ પાસે જાહેરમાં પત્તા ટીચતા સાદીક મહમદ અન્સારી (રહે. ધોરાજી), સબીર નુરમામદ કલીવાલા (રહે. ઉપલેટા) અને લલિત રણછોડ બારસોણીયા (રહે. ભાયાવદર) ને પકડી પાડી રૂપિયા ૨૧,૪૭૦ ની રોકડ કબજે કરી હતી.ત્રીજા દરોડામાં ભાયાવદર પોલીસ મથકની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે સ્ટાફને મળેલ ચોક્કસ બાતમીના આધારે ઉપલેટાના ભાંખ કલારીયા રોડ પર આવેલ પોલાર પ્લાન્ટની પાછળ સીમમાં વલ્લભ રૂડા દુંગાની વાડીએ ઓરડીની બહાર લાઈટના અંજવાળે જુગાર રમતા હનીફ હુસેન ઠેબા, ચંદુ ગિરધર સોલંકી, ભીખા પોલા ગર, પ્રદિપસિંહ નાથુભા જાડેજા, હસમુખ નાનજી કંટેસરિયા, વિરમ રણમલ પંપાળિયા, શૈલેષ સુખા સોલંકી, ગોપાલ અર્જુન મકવાણા અને મયુરસિંહ દોસુભા જાડેજાને પકડી પાડી રૂ.૩૬,૨૦૦ ની રોકડ કબજે કરી હતી. પડધરી પોલીસ મથકના એએસઆઈ બી.એમ.જાડેજા અને કોન્સ્ટેબલ સાગર ખટાણા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે મળેલ ચોક્કસ બાતમીના આધારે થોરીયાળી ગામની સીમમાં જાહેરમાં જુગટું ખેલતા રવિ દિનેશ નસીત, સંજય નાનજી પેઢડીયા, રાજુ લખમણ કમાણીને પકડી પાડી રૂપિયા ૭૮,૬૦૦ ની મત્તા કબજે કરી હતી. ત્યારે દરોડાની ગંધ આવી જતા જુગારી ભાવેશ ઉર્ફે મુનો રાણા દવેરા અને નિલેશ ભીમજી પટોરીયા નાસી છૂટતાં તેની પોલીસે શોધખોળ હાથ ધરી છે. ઉપલેટા પોલીસ મથકના એએસઆઈ એ.યુ.પરમાર અને કોન્સ્ટેબલ પ્રફુલ ભરડા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો

ત્યારે મળેલ ચોક્કસ બાતમીના આધારે ઉપલેટાના કોલકી ગામમાં ખારા વાળ વિસ્તારમાં જાહેરમાં રોડ પર જુગાર રમતા લાભુ દેવજી મકવાણા, પરબત દેવસી ભુતિયા, કાળુ સાબુ બાવળીયા, જયાબેન ખીમજી ગરેજા, ફરીદાબેન ઈકબાલ કુડીયા, રોશનબેન હારૂન હમીરાણી, મુક્તાબેન બળદેવ રાહાની, વસંતબેન લાભુ મકવાણા,પુરીબેન સરમણ ડાકી અને ભાવનાબેન ઉર્ફે અંકિતાબેન પરબત ભૂતિયાને પકડી પાડી રૂ.૧૦,૨૦૦ ની રોકડ કબજે કરી હતી.

# તાપી જિલ્લાના ૨૮ આદિવાસી વિદ્યાર્થીઓનો એક અનોખો શૈક્ષણિક પ્રવાસ કરશે

**અબતક રાજકોટ**

આગામી તા. ૧૦ થી ૧૩ સુધી તાપી જિલ્લાની સરકારી શાળાના ૨૮ આદિવાસી બાળકો શ્રીહરિકોટા સ્થિત ઈસરોના શૈક્ષણિક પ્રવાસે જશે. આદિવાસી બાળકો જિંદગીની પહેલી ફ્લાઈટમાં ભરશે સપનાની ઉડાન ભરશે.

આદિજાતિ વિકાસ વિભાગ અને તાપી વહીવટી તંત્ર દ્વારા પ્રોજેક્ટ 'વિજ્ઞાન સેતુ - તાપી કે તારે' અંતર્ગત અનોખા શૈક્ષણિક અભ્યાસ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે તાપી જિલ્લાની ૧૫ સરકારી શાળાઓના વિજ્ઞાન પ્રવાહના આદિજાતી સમાજના ૨૮ તેજસ્વી તારલાઓને ૧૦મી ઑગસ્ટ ૨૦૨૫ના રોજ સુરતથી હવાઈમાર્ગે ચેન્નઈ લઈ જવામાં આવશે, જ્યાં તેઓ ભારતની અંતરિક્ષ સંસ્થા ઈસરોના શ્રીહરિકોટા સ્થિત સેટેલાઈટ લોન્ચિંગ સેન્ટરની મુલાકાત લેશે.

# મયુર ટાઈમ્સ કારખાનાની લિફ્ટ અને દીવાલ વચ્ચે માથું આવી જતા તરૂણનું મોત

## એકના એક પુત્રના મોતથી શ્રમિકો પરિવારમાં આક્રંદ

**અબતક, રાજકોટ**

કિસાન ગૌશાળા પાછળ, ગાત્રાળ પાર્ક, રામનાથ ઈન્ડસ્ટ્રીઝની પાછળ, મયુર ટાઈમ્સ કારખાનમા રહેતા નરપત મેઘારામ માજીરાણા મયુર ટાઈમ્સ કારખાનમાં હતો ત્યારે કોઈ કારણોસર માલવાહક લિફ્ટમાં ચડવા જતા લિફ્ટ અને દીવાલ વચ્ચે માથું આવી જતા ગંભીર ઈજા થઈ હતી. શ્રમિકો અને કારખાનાના માલિકે તુરંત નરપતને પ્રથમ ન્યુ કેર નવ કિરણ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. બાદમાં રઘુવીર હોસ્પિટલમાં રિફર કરાયો હતો. જે બાદ તેમની તબિયત વધુ નાજુક હોવાથી બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી રૂમમાં દાખલ કરાયો હતો. અહીં ચાલુ સારવાર દરમ્યાન તેનું મૃત્યુ નીપજ્યું હતું.બનાવ અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના એ.એસ.આઈ. રામશીભાઈ વરુ, હેડ કોન્સ્ટેબલ મહેશભા જોગડા, રાઈટર ધર્મેન્દ્રભાઈ હુદળ, પ્રકાશભાઈ રાઠોડ અને ધર્મેન્દ્રભાઈ ચાવડાએ જાણ કરતા આજીડેમ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ કુલદીપ બાલાસરા તેમની ટીમ સાથે હોસ્પિટલ દોડી આવ્યા હતા. જરૂરી કાગળ કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડ્યો હતો. પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, નરપત પરિવાર સાથે કારખાનામાં રહેતો. તેના માતા - પિતા અહીં મજુરી કામ કરે છે. તેઓ મૂળ રાજસ્થાનના વતની છે. એકના એક પુત્રના મોતથી પરિવારમાં આક્રંદ છવાયો હતો. તરુણ શું કરવા માટે લિફ્ટમાં ચડ્યો હતો? શું તે કારખાનામાં મજૂરી કામ કરતો હતો? વગેરે બાબતે પોલીસે ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

# રેલવેની ખાસ ઓફર: દિવાળી અને છઠ્ઠ પૂજા માટે રાઉન્ડ ટ્રિપ ટિકિટ પર ૨૦% ડિસ્કાઉન્ટ

## આ ઓફરથી તહેવારોના ધસારાને વ્યવસ્થિત કરવો, મુસાફરોને બુકિંગમાં સરળતા આપવી અને ટ્રેનોનો બંને બાજુ યોગ્ય ઉપયોગ સુનિશ્ચિત કરી શકાશે

**અબતક રાજકોટ**

દિવાળી અને છઠ પૂજા જેવા મોટા તહેવારો દરમિયાન મુસાફરોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને, ભારતીય રેલવેએ એક નવી અને મહત્વપૂર્ણ યોજનાની જાહેરાત કરી છે. આ યોજના હેઠળ, મુસાફરોને રાઉન્ડ ટ્રિપ પેકેજની ટિકિટ પર ૨૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. આ પ્રાયોગિક યોજનાનો મુખ્ય હેતુ તહેવારોના ધસારાને વ્યવસ્થિત કરવો, મુસાફરોને બુકિંગમાં સરળતા આપવી અને ટ્રેનોનો બંને બાજુ યોગ્ય ઉપયોગ સુનિશ્ચિત કરવાનો છે. આનાથી લોકોને લગભગ પાંચ અઠવાડિયાનો લાંબો સમય પરિવાર સાથે ગાળવાનો મોકો મળશે.

આ ડિસ્કાઉન્ટનો લાભ લેવા માટે મુસાફરીનો સમયગાળો ખાસ રીતે નિર્ધારિત કરવામાં આવ્યો છે. ઓનવર્ડ જર્ની (જવાની ટિકિટ) માટે મુસાફરીની તારીખ ૧૩ ઓક્ટોબરથી ૨૬ ઓક્ટોબર, ૨૦૨૫ વચ્ચેની હોવી જોઈએ. જ્યારે રિટર્ન જર્ની (પાછા ફરવાની ટિકિટ) માટે મુસાફરી ૧૭ નવેમ્બરથી ૧ ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન કરવાની રહેશે. આ યોજના માટે ટિકિટનું બુકિંગ ૧૪ ઓગસ્ટ, ૨૦૨૫થી શરૂ થશે. આ સ્કીમ હેઠળ, રિટર્ન ટિકિટ માટે ૬૦ દિવસનો એડવાન્સ રિઝર્વેશન પીરિયડ લાગુ પડશે નહીં.

આ યોજનાનો લાભ ફ્લેક્સી ફેર સિવાયની તમામ ટ્રેનોમાં લઈ શકાશે,

જેમાં સ્પેશિયલ ટ્રેનો (ટ્રેન ઓન ડિમાન્ડ)નો પણ સમાવેશ થાય છે. મુસાફરો તમામ ક્લાસ, જેમ કે સ્લીપર, થર્ડ એસી, સેકન્ડ એસી, વગેરે માટે આ પેકેજ બુક કરી શકે છે. જોકે, ઓનવર્ડ અને રિટર્ન જર્ની માટે એક જ ક્લાસ અને એક જ ઓરિજિન-ડેસ્ટિનેશન (ઓ- ડી પેર) હોવું ફરજિયાત છે, જેથી મુસાફરીની સુવિધા એકસમાન રહે.

મુસાફરો આ ડિસ્કાઉન્ટેડ ટિકિટનું બુકિંગ બે સરળ માધ્યમો દ્વારા કરી શકે છે. તેઓ આઈઆરસીટીસી વેબસાઈટ પર ઓનલાઈન બુકિંગ કરાવી શકે છે અથવા તો રેલવેના રિઝર્વેશન ઓફિસના કાઉન્ટર પર જઈને પણ બુકિંગ કરાવી શકે છે. આ નવી પહેલથી તહેવારોના સમયગાળામાં ટિકિટની ઉપલબ્ધતા વધશે અને મુસાફરોને આર્થિક ફાયદો પણ થશે, જેનાથી તહેવારોની ખુશી બમણી થશે.

### ડિસ્કાઉન્ટ અને બુકિંગ પ્રક્રિયા

આ યોજના હેઠળ, મુસાફરોને રિટર્ન જર્નીની ટિકિટના બેઝ ફેર પર ૨૦%નું કુલ ડિસ્કાઉન્ટ મળશે. આ માટે, મુસાફરે ઓનવર્ડ અને રિટર્ન જર્નીની ટિકિટો એકસાથે બુક કરાવવાની રહેશે. ઓનવર્ડ ટિકિટ બુક થયા બાદ, મુસાફરે કનેક્ટિંગ જર્નીના ફીચરનો ઉપયોગ કરીને રિટર્ન ટિકિટ બુક કરાવવી પડશે. આ બુકિંગ બંને દિશામાં માત્ર કન્ફર્મ ટિકિટો માટે જ માન્ય રહેશે. મુસાફરોનું નામ અને અન્ય વિગતો બંને ટિકિટોમાં એકસમાન હોવી જરૂરી છે.

### યોજનાના મુખ્ય નિયમો અને શરતો

આ સ્કીમ હેઠળ બુક થયેલી ટિકિટો પર કેટલીક શરતો લાગુ પડે છે. સૌથી મહત્વની વાત એ છે કે, આ ટિકિટો પર કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાની મંજૂરી નથી. આ ઉપરાંત, આ સ્કીમ હેઠળ બુક થયેલી ટિકિટો માટે કોઈ રિફંડ પણ મળશે નહીં, તેથી મુસાફરીની યોજના પાકી હોય તો જ આ સ્કીમનો લાભ લેવો હિતાવહ છે. આ યોજનામાં ડિસ્કાઉન્ટ, રેલ ટ્રાવેલ કૂપન, પાસ કે પીટીઓ જેવી અન્ય કોઈ સુવિધા લાગુ પડશે નહીં.

## રાજકોટના ખંઢેરીના આંગણે સંસ્કૃત્તિનો અનોખો સંગમ

# આહીર સમાજના કલા-રત્નોનું કાલે સ્નેહમિલન અને લોકડાયરો

## આહીર સમાજના લેખકો, સંગીતકારો અને ગાયક કલાકારો એક મંચ પર આવશે

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

સૌરાષ્ટ્રની ધબકતી લોકસંસ્કૃતિ અને કલાના વારસાને વધુ ઉજાગર કરતો એક ભવ્ય કાર્યક્રમ રાજકોટના આંગણે યોજાવા જઈ રહ્યો છે. આહીર સમાજના ગૌરવ સમાન કલાકારો, સંગીતકારો અને લેખકોને એક મંચ પર લાવી તેમના કલા-કસબને બિરદાવવાના ઉમદા હેતુ સાથે આહીર સમાજ દ્વારા અનમોલ રત્નોનુ એક વિશેષ સ્નેહ મિલન સમારોહ અને લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સમાજના એવા અણમોલ



રત્નોને સમર્પિત છે, જેમણે પોતાના સર્જન થકી ગુજરાતી સાહિત્ય, સંગીત અને ગાયકીને સમૃદ્ધ બનાવ્યું છે.

આ સમગ્ર કાર્યક્રમનું મુખ્ય આયોજન ખંઢેરીના સમાજ અગ્રણી રાજેશભાઈ ડાંગર દ્વારા કરવામાં આવ્યું છે. આયોજકો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ સાંસ્કૃતિક મિલનનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજના વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત કલા-પ્રતિભાઓને એકબીજા સાથે જોડવાનો અને તેમના વચ્ચે વિચારોના આદાન-પ્રદાન માટે એક પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. આ સ્નેહ મિલન એ માત્ર એક ઔપચારિક મેળાવડો ન રહેતાં, કલાકારો માટે એકબીજાની કલાને જાણવા, માણવા અને તેમાંથી પ્રેરણા મેળવવાનો એક અવસર બની રહેશે. સમાજના જે લેખકોની કલમે ડાયરાના દુહા-છંદને શબ્દો આપ્યા છે, જે સંગીતકારોએ પોતાના સુરોથી તેને સજાવ્યા છે અને જે ગાયકોએ પોતાના કંઠથી તેને જન-જન સુધી પહોંચાડ્યા છે, તે તમામ પ્રતિભાઓ આ દિવસે એક સાથે ઉપસ્થિત રહીને કલાની સરવાણી વહાવશે.

આ ભવ્ય કાર્યક્રમની તારીખ અને સમય પણ નક્કી કરી દેવામાં આવ્યા છે.

(પહેલા પાનાનું ચાલું)

### આવકવેરા બીલ...

તેમનો સમય અને પૈસા બચાવશે.

આ આઈટી બિલ ૨૦૨૫ નો મુખ્ય હેતુ દાયકાઓ જૂના આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ ને બદલવાનો છે. ૧૯૬૧નો કાયદો સમય જતાં થયેલા અસંખ્ય સુધારાઓ અને જોગવાઈઓના ઉમેરાને કારણે અત્યંત જટિલ બની ગયો હતો. આ નવું બિલ આ તમામ સુધારાઓને એકીકૃત કરીને એક સરળ, સુસંગત અને વર્તમાન આર્થિક વાતાવરણ માટે યોગ્ય કાયદો બનાવશે, જે ટેક્સ પ્રણાલીને વધુ કાર્યક્ષમ બનાવવામાં મદદ કરશે.

સરકારનો ઉદ્દેશ માત્ર કાયદાકીય રીતે જ નહીં, પરંતુ વ્યવહારિક રીતે પણ ટેક્સ ભરવાની પ્રક્રિયાને સરળ બનાવવાનો છે. આ બિલમાં સૂચવાયેલા ફેરફારો, જેમાં સરળ ભાષા, વ્યવસ્થિત માળખું અને સ્પષ્ટ જોગવાઈઓનો સમાવેશ થાય છે, કરદાતાઓને નિયમોનું પાલન કરવામાં મદદ કરશે. આનાથી કર ચોરી જેવી પ્રવૃત્તિઓ પર અંકુશ આવશે અને ટેક્સ કલેક્શન સિસ્ટમ વધુ કાર્યક્ષમ બનશે, જે આખરે દેશના અર્થતંત્ર માટે અત્યંત ફાયદાકારક સાબિત થશે.

### મોદી પુતીનનો સંકલ્પ...

પણ યુક્રેન મુદ્દે ચર્ચા કરી હતી.

બંને નેતાઓ આ મહિનાના અંતમાં ચીનના તિયાનજિનમાં યોજાનારી એસસીઓ શિખર બેઠકમાં મળે તેવી શક્યતા છે. ચીનના વિદેશ મંત્રાલયે મોદીની હાજરીની પુષ્ટિ કરતાં જણાવ્યું કે એસસીઓના તમામ સદસ્ય દેશોના નેતાઓ આ બેઠકમાં હાજર રહેશે. આ શિખર બેઠક ૩૧ ઓગસ્ટથી શરૂ થશે, જે ટ્રમ્પના ભારત પરના વધારાના ટેરિફ અમલમાં આવે તેના થોડા દિવસ પહેલાં યોજાશે.

મોદીએ એક્સ પર પોસ્ટ કરીને જણાવ્યું, ‘‘મારા મિત્ર રાષ્ટ્રપતિ પુતિન સાથે ખૂબ જ સારી અને વિગતવાર વાતચીત થઈ. યુક્રેનના તાજેતરના વિકાસની માહિતી આપવા બદલ હું તેમનો આભાર માનું છું. અમે અમારા દ્વિપક્ષીય એજન્ડાની પ્રગતિની સમીક્ષા કરી અને ભારત-રશિયા વિશેષ અને વિશિષ્ટ વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.‘‘

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોવલે ગુરુવારે મોસ્કોમાં પુતિન સાથે મુલાકાત કરી હતી અને જણાવ્યું હતું કે ભારત-રશિયા વાર્ષિક શિખર બેઠક માટે પુતિનની ભારત મુલાકાતની તારીખ લગભગ નિશ્ચિત થઈ ગઈ છે. આ મુલાકાત નવેમ્બર અથવા ડિસેમ્બરની શરૂઆતમાં થઈ શકે છે.

આ ઘટનાઓ એવા સમયે બની રહી છે જ્યારે ભારત અને બ્રાઝિલ જેવા બ્રિક્સ દેશો ટ્રમ્પના એકતરફી ટેરિફનો સામનો કરવા ગ્લોબલ સાઉથની એકતા દર્શાવી રહ્યા છે. ભારતના હિતમાં છે કે રશિયા-યુક્રેન યુદ્ધ ઝડપથી સમાપ્ત થાય, જેથી ટ્રમ્પના ભારત પરના ગૌણ પ્રતિબંધો અયોગ્ય બની જાય.

### ટેરીફનો રાજા ગણાવતા વિવાદ...

જે રશિયાથી વધુ તેલ ખરીદે છે, તેની સામે કેમ કાર્યવાહી નથી, તો નાવારોએ સ્વીકાર્યું કે ચીન સામે વધુ ટેરિફથી અમેરિકાને નુકસાન થઈ શકે છે. ભારતીય વિશ્લેષકોએ આ આરોપોને ‘‘અબદ્ધ‘‘ ગણાવ્યા છે. એક વિશ્લેષકે જણાવ્યું કે, ‘‘ભારત અમેરિકન ડોલર કાયદેસર નિકાસ દ્વારા કમાય છે, નહીં કે દાનમાંથી. આ ડોલરનો ઉપયોગ ભારત અમેરિકી ઉત્પાદનો અને શસ્ત્રો ખરીદવા માટે પણ કરે છે.‘‘ તેમણે એ પણ નોંધ્યું કે ભારત રશિયન તેલ ખરીદવા માટે રૂપિયા સહિત વિવિધ ચલણોનો ઉપયોગ કરે છે. ટ્રમ્પની આ નીતિને કેટલાક વિશ્લેષકો વાટાઘાટની રણનીતિ ગણાવે છે, પરંતુ ટ્રમ્પના અધિકારીઓના નિવેદનો ભારતને રાષ્ટ્રીય સુરક્ષા માટે જોખમ તરીકે દર્શાવે છે. ભારતે આના જવાબમાં રશિયા, ચીન અને બ્રાઝિલ સાથે સંપર્ક વધાર્યો છે, જે બ્રિક્સ જૂથ સાથે ગાઢ સંબંધોનો સંકેત આપે છે. આ વિવાદ ભારત-અમેરિકા સંબંધોમાં તણાવ વધારી શકે છે, જે ચીનના વધતા પ્રભાવને રોકવા માટેની અગાઉની અમેરિકી નીતિઓથી વિપરીત છે.

### પુતિન ટ્રમ્પની મુલાકાત...

જણાવ્યું હતું કે તેઓ યુક્રેન યુદ્ધના સંદર્ભમાં પુતિન સાથે ચર્ચા કરવા માંગે છે અને તેમને વિશ્વાસ છે કે ‘‘શાંતિ કરારની શક્યતા છે.‘‘ક્રેમલિન દ્વારા પણ આ બેઠકની પુષ્ટિ કરવામાં આવી છે, જે અમેરિકી રાજદૂત સ્ટીવ વિટકોફની મોસ્કો મુલાકાત બાદ નક્કી થઈ. વિટકોફે યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકી સાથે ત્રિપક્ષીય બેઠકનો પ્રસ્તાવ મૂક્યો હતો, પરંતુ રશિયાએ તેનો કોઈ જવાબ આપ્યો નથી. ટ્રમ્પે બુધવારે જણાવ્યું હતું કે તેઓ ‘‘ખૂબ જલદી‘‘ પુતિનને સામસામે મળવાની યોજના ધરાવે છે.રશિયા અને યુક્રેન વચ્ચે ફેબ્રુઆરી ૨૦૨૨થી ચાલતા આ યુદ્ધમાં હજારો લોકો માર્યા ગયા છે અને લાખો લોકોને ઘર છોડવું પડ્યું છે. મોસ્કો અને કિયવ વચ્ચે ત્રણ વખતની સીધી વાતચીત નિષ્ફળ રહી છે, અને બંને પક્ષો હજુ પણ પોતાની સ્થિતિ પર અડગ છે. અમેરિકા, યુરોપ અને યુક્રેનના વારંવારના યુદ્ધવિરામના આહ્વાન છતાં રશિયાએ યુદ્ધવિરામનો ઈનકાર કર્યો છે.

### એલોપેથિક ડોક્ટર્સ...

આ પરિસ્થિતિ એનએમઆર ના ઉદ્દેશ્ય પર ગંભીર સવાલ ઉભા કરે છે. આ રજિસ્ટરનો મુખ્ય હેતુ દરેક ડોક્ટરને એક અનન્ય ઓળખ નંબર (યુ આઈડી નમ્બર) આપવાનો હતો. જો કે, ડોક્ટરોના વ્યવસાયિક સમૂહ માટે પણ આ રજિસ્ટર સફળ ન થતાં, ભવિષ્યમાં નર્સો અને પેરામેડિક્સ જેવા મોટા સમૂહો માટે આવા જ રજિસ્ટર બનાવવાની યોજનાઓ પર શંકા ઉભી થાય છે. સરકારે આ પોર્ટલને ‘‘ડિજિટલ હેલ્થકેર ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા‘‘ માટે એક મહત્વપૂર્ણ પગલા તરીકે રજૂ કર્યું હતું, પરંતુ અત્યાર સુધીના આંકડા દર્શાવે છે કે આ ઉદ્દેશ્ય હજુ ઘણો દૂર છે.

નિયમન મુજબ, ઈન્ડિયન મેડિકલ રજિસ્ટર અથવા સ્ટેટ મેડિકલ રજિસ્ટરમાં નોંધાયેલા તમામ વર્તમાન ડોક્ટરોને, જેમની પાસે નિર્ધારિત નોંધણી નંબર નથી, તેમને નિયમન પ્રકાશિત થયાના ત્રણ મહિનાની અંદર તેમની નોંધણી ઈએમઆરબી વેબ પોર્ટલમાં અપડેટ કરવાનું ફરજિયાત હતું. જોકે, અરજીઓની ઓછી સંખ્યા અને મંજૂરીમાં વિલંબ સ્પષ્ટપણે દર્શાવે છે કે આ નિયમનું પાલન થયું નથી. આ નિષ્ફળતા સરકારી તંત્ર અને ડોક્ટરો બંને તરફથી સંકલન અને સહકારના અભાવને સૂચવે છે, જે આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટના ભવિષ્ય પર પ્રશ્નચિહ્ન મૂકે છે.

(ત્રીજા પાનાનું ચાલું)

### લાઈબ્રેરી...

જેવા અલભ્ય પુસ્તકો તેમજ રામાયણ, મહાભારત, ચરકસંહિતા સહિત ૧૮ પુરાણો છે. ડિમાન્ડ રજિસ્ટર અને સજેશન બોક્સમાં વાંચકોની ઈચ્છા મુજબના પુસ્તકો વસાવવાનો પ્રયાસ કરાય છે. અહીં દરરોજ ૪૦૦-૫૦૦ મુલાકાતીઓ આવે છે. સભ્યસંખ્યાની વાત કરીએ તો આશરે ૧૧,૫૦૦ સભ્યો પુસ્તકો માટે, ૨૮૦૦ સભ્યો મલ્ટીમીડિયા માટે, ૩૬૦૦ સભ્યો રમકડાં માટે અને મેગેઝિન કબલના ૨૭૦૦ સભ્યો છે. આજીવન સભ્યપદ માટે રૂ. ૫૦૦ ફી છે તથા સિનિયર સિટીઝન, દિવ્યાંગ અને થેલેસેમિયાગ્રસ્ત માટે આજીવન સભ્યપદ નિઃશુલ્ક છે. પુસ્તકાલય દરેક વ્યક્તિને જ્ઞાનની સરવાણીમાં ડૂબકી લગાવવાનો મોકો આપે છે. ત્યારે અહીં એક વાર અવશ્ય મુલાકાત લેવા જેવી છે.

(ચોથા પાનાનું ચાલુ)

### સમસ્ત બ્રહ્મસમાજ...

છે. આ વિધિમાં બ્રાહ્મણ સમાજના સભ્યો જૂની જનોઈનું વિસર્જન કરીને નવી જનોઈ ધારણ કરે છે. જનોઈ (યજ્ઞોપવીત) એ ત્રણ દોરાઓનું બનેલું પવિત્ર સૂત્ર છે જે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું પ્રતીક મનાય છે. આ ત્રણ દોરાઓ સત્વ, રજસ અને તમસ ગુણોનું પણ પ્રતિનિધિત્વ કરે છે, જે દરેક મનુષ્યના જીવનનો ભાગ છે. જનોઈ ધારણ કરવાથી વ્યક્તિને આ ગુણોને સંતુલિત રાખીને ધર્મ અને કર્મના માર્ગે ચાલવાની પ્રેરણા મળે છે.

આ વિધિમાં ભૂદેવો દ્વારા ગાયત્રી મંત્રના જાપ, સંધ્યા ઉપાસના અને અન્ય વૈદિક મંત્રોચ્ચાર કરવામાં આવે છે. આ મંત્રોચ્ચાર વાતાવરણને શુદ્ધ કરે છે અને મનુષ્યના મનને શાંતિ આપે છે. જનોઈ બદલવાની આ વિધિ દ્વારા વ્યક્તિ તેના જૂના પાપો અને ભૂલોને ત્યજીને નવા અને શુદ્ધ જીવનનો સંકલ્પ લે છે. તે વેદ અને શાસ્ત્રોના જ્ઞાનને ફરીથી પ્રાપ્ત કરવાનો અને તેના આચરણમાં મૂકવાનો સંકલ્પ કરે છે.

જ્યાં એક તરફ સમગ્ર દેશમાં શ્રાવણી ઉપાકર્મની ઉજવણી થાય છે, ત્યાં રાજકોટમાં આ વિધિને ’બળેવ’ તરીકે ઓળખવામાં આવે છે. રાજકોટ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા છેલ્લા ૭૦ વર્ષથી આ પરંપરા અવિરતપણે જાળવવામાં આવી છે. આ વર્ષે રક્ષાબંધનના પાવન પર્વ પર નંદ બોર્ડિંગ ખાતે આ વિધિનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

નંદ બોર્ડિંગ ખાતે શાસ્ત્રી સચિનભાઈ અને તેમની નિષ્ણાત ટીમ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે તમામ બ્રાહ્મણોને નવી જનોઈ ધારણ કરાવવામાં આવી હતી. આ વિધિમાં ૧૦૦થી પણ વધુ બ્રહ્મસમાજના સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આટલી મોટી સંખ્યામાં લોકોની હાજરી એ વાતનો પુરાવો છે કે આધુનિક યુગમાં પણ આપણી પ્રાચીન સંસ્કૃતિ અને પરંપરાઓ જીવંત છે.

### પદ્મજીત સેહરાવત...

શૈલી જ્યારે મંચ પરથી ગુંજી, ત્યારે સમગ્ર ઓડિટોરિયમ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યું.

આ સેમિનારનું અનોખું આકર્ષણ રહ્યું લાઈવ સંગીત પાઠશાળા અને મ્યુઝિકલ પરફોર્મન્સ, જેમાં સેહરાવતે પોતાની સૂરાવલી અને ભાવસભર અવાજથી કાર્યક્રમને સજીવન બનાવી દીધો હતો.

આ કાર્યક્રમમાં ગરૈયા જ્ઞાનપીઠના ટ્રસ્ટીઓ વનરાજભાઈ ગરૈયા, રામભાઈ ગરૈયા, એભલભાઈ ગરૈયા, મનોજભાઈ ગરૈયા અને મેહુલભાઈ ગરૈયા વિશેષ ઉપસ્થિતિ રહ્યા હતા.

સનફ્લાવર સ્કૂલના ટ્રસ્ટી હિતેશભાઈ રાઠોડ અને મુરલીધર સ્કૂલ તથા મુરલીધર B.Ed. કોલેજના ટ્રસ્ટી રાહુલભાઈ રાઠોડની હાજરીએ કાર્યક્રમને ઉર્જા અને ઉત્સાહનો સંચાર કર્યો.

કાર્યક્રમના અંતે પદ્મજીત સેહરાવતને સન્માનીત કરવામાં આવ્યા હતા.

### પદ્મજીત સેહરાવત...

શૈલી જ્યારે મંચ પરથી ગુંજી, ત્યારે સમગ્ર ઓડિટોરિયમ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યું.

આ સેમિનારનું અનોખું આકર્ષણ રહ્યું લાઈવ સંગીત પાઠશાળા અને મ્યુઝિકલ પરફોર્મન્સ, જેમાં સેહરાવતે પોતાની સૂરાવલી અને ભાવસભર અવાજથી કાર્યક્રમને સજીવન બનાવી દીધો હતો.

આ કાર્યક્રમમાં ગરૈયા જ્ઞાનપીઠના ટ્રસ્ટીઓ વનરાજભાઈ ગરૈયા, રામભાઈ ગરૈયા, એભલભાઈ ગરૈયા, મનોજભાઈ ગરૈયા અને મેહુલભાઈ ગરૈયા વિશેષ ઉપસ્થિતિ રહ્યા હતા.

સનફ્લાવર સ્કૂલના ટ્રસ્ટી હિતેશભાઈ રાઠોડ અને મુરલીધર સ્કૂલ તથા મુરલીધર B.Ed. કોલેજના ટ્રસ્ટી રાહુલભાઈ રાઠોડની હાજરીએ કાર્યક્રમને ઉર્જા અને ઉત્સાહનો સંચાર કર્યો.

કાર્યક્રમના અંતે પદ્મજીત સેહરાવતને સન્માનીત કરવામાં આવ્યા હતા.

### બોલબાલા ટ્રસ્ટ...

બદલે ‘‘દાતાશ્રી નિલમબેન જયકાંતભાઈ વાધર વાધર ચેરીટેબલ ટ્રસ્ટ’’ના નામથી ટ્રસ્ટના ટ્રસ્ટી જયેશ ઉપાધ્યાયને મહાનુભાવો સંત મોહનદાસ બાપા-રૂપાવટી, પરષોતમભાઈ રૂપાલા, રામભાઈ મોકરીયા, રમેશભાઈ ટીલાળા, દર્શિતાબેન શાહ, માધવભાઈ દવે, રાજુભાઈ ધ્રુવ, મનિષભાઈ ભટ્ટ, મનિષભાઈ રાડીયા, ડી.વી.મહેતા, બીનાબેન આચાર્ય, તેજસભાઈ શિશાંગીયા, સુનિલભાઈ કોઠારી વગેરેની હેમુ ગઢવી હોલમાં વિશાળ જનમેદનીની ઉપસ્થિતીમાં ચાવી અર્પણ કરાઈ હતી. તેવું યાદીમાં જણાવ્યું હતું.

### ભાનુબેન બાબરીયા...

અને બાળકો સાથે મૈત્રીપૂર્ણ વાતાવરણ કેળવી તેમના પ્રત્યે સંવેદનશીલતા અને સુરક્ષાના વિષયો પ્રત્યે ચેતના લાવવાનો છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા રાજ્ય મંત્રી શ્રી ભીખુસિંહજી પરમારે પ્રાસંગિક ઉદબોદન કરતા જણાવ્યું હતું કે, જ્યારે કોઈ બાળક કાયદાના સંઘર્ષમાં આવે છે, ત્યારે જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ તેના માટે આશાનું કિરણ બને છે. રાજ્યમંત્રીએ કહ્યું હતું કે, અહીં ઉપસ્થિત સૌનો ઉદ્દેશ દરેક બાળકને તેનો યોગ્ય હક મળે, તેનું બાળપણ સુરક્ષિત રહે અને તે એક સન્માનજનક જીવન જીવી શકે તેવો જ હોવો જોઈએ. અંતે તેમણે જણાવ્યું હતું કે ચાલો આપણે એવા સમાજનું નિર્માણ કરીએ જ્યાં કોઈ પણ બાળક તેના અધિકારોથી વંચિત ન રહે.

બાળ અધિકાર આયોગના અધ્યક્ષ શ્રી ધર્મિષ્ઠાબેન ગજ્જરે જણાવ્યું હતું કે, જ્યારે બાળકોને ભગવાનનું સ્વરૂપ ગણવામાં આવે છે ત્યારે તમારે બાળકોના ઉજ્જવળ ભવિષ્ય બનાવવાના મહત્વના આ કાર્યમાં પોતાનું યોગદાન આપવાનું છે.

વિકસતી જાતિ પ્રભાગના નિયામક વિક્રમસિંહ જાદવ દ્વારા આ પ્રસંગે સ્વાગત ઉદ્‌બોધન કરતા સર્વ મહાનુભાવો સહિત તાલીમાર્થીઓનું સ્વાગત કરી, નવી નિમણૂક પામેલા સભ્યોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

આ વર્કશોપના ઉદઘાટન સમારોહમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર મીરાબેન પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શિલ્પાબેન પટેલ, ધારાસભ્ય રીટાબેન પટેલ તથા સમાજ સુરક્ષા પ્રભાગના સંયુક્ત નિયામક હંસાબેન વાળા તથા ચાઈલ્ડ વેલ્ફેર કમિટી અને જુવેનાઈલ જસ્ટિસ બોર્ડના નવા નિમણૂંક પામેલા સભ્યો હાજર રહ્યાં હતા.

### એકરંગ સંસ્થા...

દિકરીઓને સમય આપવા બદલ કલેક્ટર, પોલીસ કમિશ્નર, મ્યુનિ. કમિશ્નર તેમજ ભાજપ આગેવાન હોદ્દેદારોનો આભાર માન્યો હતો. તેમજ રાજકોટની સેવાભાવી પ્રજા સ્વસ્થ અને તંદુરસ્તમય તહેવારની ઉજવણી કરે તે માટે રક્ષાબંધન પર્વની શુભકામનાઓ પાઠવી છે. આ સાથે સૌ રાજકોટવાસીઓને તેમના પ્રિય તહેવાર એવા જન્માષ્ટમી પર્વની પણ શુભકામનાઓ પાઠવી છે.

પાના નં. ૧૧નું ચાલુ

### મુખ્યમંત્રીને રાખડી બાંધી

રક્ષાસૂત્ર બાંધીને તેમને આશીર્વાદ અને શુભેચ્છાઓ પાઠવી હતી, જેથી તેઓ સદાય પ્રજાના કલ્યાણ માટે કાર્યરત રહી શકે. આ પ્રસંગે મુખ્યમંત્રીએ પણ સ્નેહ અને સહાનુભૂતિથી દરેક બહેનોની શુભેચ્છાઓનો સ્વીકાર કર્યો.

રક્ષાબંધન માત્ર એક તહેવાર નથી, પરંતુ ભાઈ-બહેનના સંબંધોની પવિત્રતા અને એકબીજા પ્રત્યેના રક્ષણના વચનનું પ્રતીક છે. મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં થયેલી આ ઉજવણીએ આ સંદેશને વધુ ઊંડો બનાવ્યો અને સમગ્ર રાજ્યમાં એકતાનો ભાવ ફેલાવ્યો. આ કાર્યક્રમમાં દિવ્યાંગ અને પ્રજ્ઞાચક્ષુ બહેનો સહિત સમાજના તમામ વર્ગની બહેનોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીએ પણ આશીર્વાદ અને શુભેચ્છાઓનો સ્વીકાર કરીને દરેક બહેનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી. આ ઉજવણીએ દર્શાવ્યું કે સરકાર અને સમાજ એક થઈને કેવી રીતે આવા પર્વોની સાચી ભાવનાને જીવંત રાખી શકે છે.

### બરડા વિસ્તારમાં ગર્જના

રેકોર્ડ્સ તેમજ વર્ષ ૨૦૨૨માં વર્લ્ડ બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે. ‘બરડા વન્યજીવ અભયારણ્ય’, જેને સ્થાનિકોમાં ‘બરડો’ તરીકે ઓળખવામાં આવે છે, આ સ્થળ ગુજરાતના પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાઓમાં આવેલા અતિમહત્વપૂર્ણ જૈવવિવિધતાવાળા પ્રદેશોમાંથી એક છે. વર્ષ ૧૯૭૯માં અભયારણ્ય તરીકે જાહેર થયેલું બરડા, ભૂતકાળમાં પોરબંદર અને જામનગર રાજવંશોનું શિકાર ક્ષેત્ર હતું. આજે તે એશિયાટિક સિંહના સંરક્ષણ માટે વિકસાવવામાં આવેલા વ્યાપક દ્રષ્ટિકોણ હેઠળનું મહત્વપૂર્ણ રહેઠાણ બની ગયું છે.આ વિસ્તારમાં જંગલ સફારી શરૂ કરવાની સાથે રોજગારીની નવી તકો ઉભી થઇ છે. માર્ચ ૨૦૨૫ સુધી ૨,૨૭૧ પ્રવાસીઓ આ સુવિધાનો લાભ લીધો છે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા દેવલીયા અને આંબરડી ઉપરાંત બરડા વિસ્તારમાં કુલ ૨૪૮ હેક. જમીનની ફાળવણી કરવામાં આવી છે. જ્યાં આશરે રૂા. ૬૦ કરોડના ખર્ચે સફારી બનાવવાનું આયોજન કરાયું છે. વધુમાં બરડા વિસ્તારમાં ઈકો ટુરીઝમ વિકાસ માટે રૂા.૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. મે-૨૦૨૫ દરમિયાન રાજ્યમાં થયેલ સિંહ ગણતરી અંદાજ પ્રમાણે સિંહોની કુલ વસ્તી વર્ષ ૨૦૨૦ની સરખામણીએ ૩૨ ટકા જેટલી વધવા પામી છે એટલે કે ૬૭૪ થી વધીને ૮૯૧ નોંધાઈ છે. પ્રવાસનની રીતે જોઈએ તો વર્ષ ૨૦૦૭-૦૮થી ૨૦૨૪-૨૫ સુધીમાં ગીર અભયારણ્ય, દેવળિયા અને આંબરડીની મુલાકાત દરમિયાન કુલ ૯.૬૧ લાખથી વધુ પ્રવાસીઓને એશિયાટીક સિંહને નજીકથી નિહાળવાની તક મળી છે.ગીરનું જંગલ ભવ્ય એશિયાઈ સિંહોના એકમાત્ર ઘર તરીકે જાણીતું છે. ગીર વન્યજીવ અભયારણ્યની સ્થાપના ૧૯૬૫માં કરવામાં આવી હતી, ત્યારબાદ ૧૯૭૫માં ગીર રાષ્ટ્રીય ઉદ્યાનની સ્થાપના કરાઈ.

(૧૨માં પાનાનું ચાલુ)

### નાગેશ્વર જ્યોતિર્લિંગનો પુનરોદ્ધાર

બાજુમાં જ શિવજીની ધ્યાનસ્થ મુદ્રામાં ૧૨૫ ફૂટ ઊંચી અને ૨૫ ફૂટ પહોળી ભવ્ય મૂર્તિ પણ આવેલી છે. ભગવાન શિવજીની આ વિશાળ મૂર્તિના બે કિલોમીટર દૂરથી ભક્તોને દર્શન થાય છે. આ મૂર્તિ ખુબ જ સુંદર હોવાની સાથે ભક્તોનું મન મોહી લે છે. મંદિરનો મુખ્યદ્વાર આકર્ષક અને સુંદર છે. આ દ્વારમાંથી પ્રવેશતા જ સામે લાલ રંગનું નાગેશ્વર મહાદેવનું મંદિર છે. મુખ્યમંદિર પહેલા એક સભાગૃહ છે જ્યાં પૂજન સામગ્રીની નાની દુકાનો લાગેલી છે.

### નાગેશ્વર જ્યોતિર્લિંગનો ઈતિહાસ

સુપ્રિયે સામે ઉતર આપ્યો કે પોતે કશું જ જાણતો નથી. આથી દારુકા વધારે ક્રોધિત થઈ અને તેણે સૈનિકોને મારી નાખવાનો આદેશ આયો. આથી સુપ્રિયે આ સંકટમાંથી ઉગારી લેવા શિવજીને પ્રાર્થના કરી. સુપ્રિયની પ્રાર્થના સાંભળી, જમીનમાંથી અચાનક એક સુંદર મંદિર નીકળ્યું, જેમાં જ્યોતિસ્વરૂપે ભગવાન શંકર તેમના પરિવાર સાથે બિરાજમાન હતા. સુપ્રિયે શિવજીને પ્રણામ કર્યા અને તેનું પૂજન કર્યું. શિવજીએ પ્રસન્ન થઈને સુપ્રિયને અભયદાન આપ્યું. અને રાક્ષસોનો નાશ કર્યો. આમ નાગભૂમિમાં શિવજી પ્રગટ થયાં હોવાથી આ સ્થળ નાગેશ્વર નામથી પ્રસિદ્ધ થયા.

(છેલ્લા પાનાનું ચાલુ)

### રક્ષાબંધન...

આ દિવસે રક્ષાબંધનની સાથે નાળિયેરી પૂનમ, હયગ્રીવ જયંતિ અને જનોઈ બદલવાનો દિવસ પણ સામેલ છે, જેના કારણે આ દિવસનું મહત્ત્વ અનેક ગણું વધી જાય છે અને ભક્તો માટે આનંદ અને ઉલ્લાસનો માહોલ સર્જાશે.

### મનરેગા...

મંત્રી તરીકે બચુભાઈ ખાબડ બેઠા છે, એમના નામનું ખેતર છે, એમના નામની જમીન છે. પોતાના જ નામની જમીનમાં બંધ બને, નહેર બને, બંધ બન્યો હોય, પાણી રોકાયું હોય ત્યાં વૃક્ષારોપણ થાય, પાછું રીનોવેશન થાય. પોતાની માલિકીની નાના-નાના જમીનના ટુકડાઓમાં અનેક વર્કઓર્ડર અપાય, રૂપિયા ખવાઈ જાય અને છતાં ગુજરાતમાં મંત્રી તરીકે ચાલુ રહે, આ કેવા પ્રકારની પદ્ધતિ છે ? મનરેગાનો કાયદો સ્પષ્ટ છે અને શેડ્યુલ-૧માં સ્પષ્ટ રીતે લખાયું છે કે, કદાચ કોઈ ખાનગી જમીનમાં નાનું કામ કરવાનું હોય તો એ વ્યક્તિ એસસી, એસટી કે નાનો સીમાન્ત ખેડૂત હોવો જોઈએ, એ માણસ પોતે પણ જોબકાર્ડ ધરાવતો શ્રમિક હોવો જોઈએ, આમાનું કોઈ પાલન થયું નથી. મંત્રીના બે-બે દીકરાઓ દ્વારા મટીરીયલ સપ્લાયના નામે કરોડો રૂપિયા ખવાતા હોય, જીએસટી પણ ન ભરાતો હોય તેની શું તપાસ નહીં કરવાની ? શું આ ભાજપનો ભ્રષ્ટાચાર કરવાનો પરવાનો છે ?

બે-ત્રણ દિવસ પહેલાં શક્તિસિંહ ગોહિલે પૂછેલા પ્રશ્નમાં પણ જાંબુઘોડામાં મોટાપાયે ભ્રષ્ટાચાર થયાનું સ્વીકારાયું છે. મનરેગાનો કાયદો સ્પષ્ટ કહે છે કે, મટીરીયલ અને રોજગારીમાં ૬૦-૪૦%નું ધોરણ જળવાવું જોઈએ. જાંબુઘોડામાં આ ધોરણ સચવાયું નથી. મજૂરોને ચૂકવાયા તેના કરતા કરોડો રૂપિયા મટીરીયલ સપ્લાયના નામે ચૂકવાઈ ગયા છે.

ગુજરાતના મુખ્યમંત્રી સરપંચોને ધમકાવીને કહે છે કે, ભ્રષ્ટાચાર નહીં ચાલે, તો તમારા જ મંત્રીઓ અને તમારા મોટા માથાઓ કરોડોનો ભ્રષ્ટાચાર કરે છે, ત્યારે તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી શક્તિસિંહ ગોહિલે કરી છે.

### ‘કમલમ’ બેઠક...

કમલમ ખાતે હર ઘર તિરંગા યાત્રા સંદર્ભે કાર્યશાળા યોજાઈ હતી. જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે કાર્યશાળામાં સંબોધતા જણાવ્યું કે, હર ઘર તિરંગા અભિયાન ઘર ઘર સુધી પહોંચે તે માટે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓએ ઉત્સાહભેર કાર્ય કર્યુ છે. આજે હર ઘર તિરંગાની કાર્યશાળમા અભિયાનના રાષ્ટ્રીય સહ સંયોજક વિ.ડિ.શર્માજી વિશેષ ઉપસ્થિત રહી આપણા સૌનો ઉત્સાહ વધાર્યો છે અને ખૂબ સારુ માર્ગદર્શન પણ આજે આપણે આપ્યું છે. હર ઘર તિરંગા અભિયાન વધુમાં વધુ યુવાનો સુધી પહોંચે તે માટે યુવા મોરચા દ્વારા પણ ખાસ આયોજન કરાયુ છે. આ અભિયાન થકી ઘરે ઘરે આપણો રાષ્ટ્ર ધ્વજ ફરકે તેમજ યુવાનોમા દેશપ્રેમ જાગે આપણા દેશને આઝાદી મેળવવા જે જે વિર જવાનોએ બલિદાન આપ્યુ છે તેમને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ. દેશના દરેક રાજયોમા ભારતીય જનતા પાર્ટીનું સાશન આવે ત્યા સુધી પાર્ટીના દરેક કાર્યકર્તાએ સતત કાર્યરત રહેવું જોઈએ. આપણે સૌ ૨૦૪૭મા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના વિકસીત ભારતના સંકલ્પને સાકાર કરવા સતત પ્રયત્નશીલ રહીએ તે માટે પણ વિનંતી કરી.

સાંસદ વિ.ડિ.શર્માજીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહવાહન પર ભારતીય જનતા પાર્ટી દેશભરમાં હર ઘર તિરંગા અભિયાન ચલાવી રહ્યુ છે આ અભિયાન થકી દેશભક્તિ વધે તે માટે પ્રયાસ કરવાનો છે. આમારા રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાજી, દેશના ગૃહમંત્રીઅમિતભાઈ શાહ સહિતના નેતૃત્વ સાથે મળી આ અભિયાનને સફળ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

શર્માજીએ વધુમાં જણાવ્યું હતું, ગુજરાતમા દરેક જીલ્લામાં ૫૮૦ મંડળ અને ૫૧ હજાર બુથ સુધી તિરંગા અભિયાનની તૈયારી કરવામાં આવશે. દરેક મંડળમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવશે તેમજ જીલ્લામાં મોટી યાત્રાનુ આયોજન કરવામાં આવશે. તિરંગાયાત્રામાં રાજકીય વ્યક્તિઓ જ નહી પરંતુ દરેક વર્ગના લોકો ભાગ લે તે માટેનું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રામા ઓપરેશન સિંદુર,એર સ્ટ્રાઈક તેમજ સર્જીકલ સ્ટ્રાઈક થકી ભારતે આતંકવાદ સામે જે કાર્યવાહી કરી છે તેની માહીતી પણ ઘર ઘર સુધી પહોંચે તેવો પ્રયાસ કરવામાં આવશે. દેશની આઝાદી અપાવવા જે વિર-જવાનોએ બલિદાન આપ્યુ છે તેમના સ્મારક પર સ્વચ્છતા અભિયાન,ફુલહાર કાર્યક્રમ યોજાશે. ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ ગામડે ગામડે...બુથ સુધી તિરંગો પહોંચે તે માટે પ્રયાસ કરશે. કાર્યકર્તાઓ દ્વારા દેશની સિમાઓ પર ખડેપગે દેશની રક્ષા કરતા સેનાના જવાનોને સન્માનીત કરાશે.

શર્માએ વધુમાં જણાવ્યું કે, ૧૪ ઓગષ્ટે વિભાજન વિભિષિકા દિવસની માહિતી દેશના યુવાનો જાણે તે માટે પ્રદર્શની સ્વરૂપે માહિતી મેળવે તેવો પ્રયાસ કરવામાં આવશે. ભારતીય જનતા યુવા મોરચા,મહિલા મોરચા દ્વારા આ અભિયાન વધુમા વધુ લોકો સુધી પહોંચે તે માટે પ્રયાસ કરશે. તિરંગો ફરકાવ્યા પછી લોકો ઘરમા તિરંગાને સન્માનીત સાથે મુકે તે માટે પણ કાર્યકર્તાઓ પ્રયાસ કરશે. દેશના દરેક રાજ્યમા હર ઘર તિરંગા અભિયાનને સફળ થાય તે પ્રયાસ કરશે.

પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરે જણાવ્યું કે, હર ઘર તિરંગા અભિયાન ગુજરાતમાં દરેક જીલ્લા અને બુથ સુધી સફળતા પુર્વક યોજાય તે માટે આયોજન કરવામાં આવ્યું છે. રક્ષાબંધન તહેવારમાં પણ સ્વચ્છતા અને પ્રકૃતિ જતન થાય તે માટે કાર્યકર્તાઓ વિશેષ પ્રયાસ કરવો જોઈએ. રક્ષાબંધનના પવિત્ર તહેવારમાં ભાઈ-બહેન એક પેડ મા કે નામ થકી વૃક્ષારોપણ કરવું જોઈએ. દેશને આઝાદી અપાવનાર વિરજવાનોના સ્મારકે જઈ સ્વચ્છતા તેમજ ફુલહાર કરી તેમના પરિવારજનોને સન્માનિત કરવા જોઈએ.

### જમીન કૌભાંડ...


અશોકભાઈએ મને તેમના પિતાના પાનકાર્ડની તથા ફોટાની નકલ આપેલ હતી જે મેં પોલીસ સ્ટેશનમાં રજૂ કરેલ હતા.

જેથી તમામ આરોપીઓએ એકસંપ થઈ એકબીજા સાથે સાઠગાંઠ કરી ભગવાનજીભાઈ નથવાણીના નામનું ગઈ તા.૦૫-૦૧-૨૦૦૮ નો મારા પ્લોટ નંબર ૨ ની જમીન પડાવી લેવાના ઈરાદાથી ઈસરારખાન જમીરખાન પઠાણના નામનું બનાવટી કુલમુખત્યારના લેખન કરી બનાવટી કુલમુખત્યારનામુ ઊભું કરી તેનો ખરા તરીકે ઉપયોગ કરી પાર્વતીબેન ચતુરભાઈ ભાવાણી તથા કાજલબેન કરમશીભાઈ પરમારને બે ભાગ કરી ૯૪૦ ચોરસ વારમાંથી પશ્ચિમ તરફનો ૪૭૦ ચોરસ વાર ગત તા.૦૯-૦૮-૨૦૦૯ ના રોજ પ્લોટનું કુલમુખત્યારનામુ અરજણભાઈ મેરામભાઈ કેશવાલાને લખી આપેલ હતો. ત્યારબાદ કુલમુખત્યારનામા દરજજે તા. ૨૭-૧૦-૨૦૦૯ ના રોજ રજીસ્ટર દસ્તાવેજ નંબર ૧૪૪૫૪ થી રામભાઈ મેરામણભાઈ કેશવાલાને વેચાણ કરેલ હતો. બાકીનો પૂર્વ તરફનો ૪૭૦ વારનો પ્લોટ પાર્વતીબેન તથા કાજલબેન પોતાની પાસે રાખેલ હતો.

ત્યારબાદ રામભાઈ મેરામણભાઈ કેશવાલાએ તા. ૦૯-૦૨-૨૦૧૦ ના રોજ પ્લોટનો રજીસ્ટર દસ્તાવેજ નંબર ૩૯૨૬ થી કિરીટ વીરજીભાઈ જાવિયાને વેચાણ કરેલ હતો. ત્યારબાદ કિરીટભાઈ જાવિયાએ પ્લોટ તા. ૧૩-૦૧-૨૦૧૫ ના રોજ દસ્તાવેજ નંબર ૩૧૪ થી સીમાબેન પરેશભાઈ ચાવડાને વેચાણ કરેલ હતો. ત્યારબાદ સીમાબેન ભરતભાઈ ચાવડાએ પ્લોટ તા. ૨૨-૦૩-૨૦૧૮ ના રોજ રજીસ્ટર દસ્તાવેજ નંબર ૩૬૬૭ થી દિલીપભાઈ બેલાણીને વેચાણ કરેલ હતો. ત્યારથી પ્લોટ દિલીપભાઈ બેલાણીના નામે છે અને બાકીનો ૪૭૦ વારનો પૂર્વ તરફનો પ્લોટ પાર્વતીબેન ચતુરભાઈ ભાવાણી તથા કાજલબેન કરમશીભાઈ પરમારએ પોતાની પાસે રાખેલ હતો. જે પ્લોટ તા.૨૩-૦૮-૨૦૨૨ ના રોજ દસ્તાવેજ નંબર ૧૨૦૬૩ થી હિનાબેન બકુલભાઈ ચાવડાને વેચાણ કરી આપેલ હતો.

## દુઃખદ અવસાન

### સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટઃ** ગં.સ્વ.હેમાંગીનીબેન શેઠ (ઉં. વ. ૭૬) તે સ્વ. ભૂપેન્દ્રભાઈ ગીરજાશંકર શેઠ ના પત્ની, જીજ્ઞેશ શેઠ (ભૂપેન્દ્ર કંપની), ચાર્મી બાવીશી ના માતા, અ.સૌ. શીતલબેન, નિલેશ બાવીશી (ICICI Bank)ના સાસુ, યશ્વીના દાદી, ધ્રુવી ના નાની, તે સ્વ.લીલાધર સવજીભાઈ મીઠાણી (વંથલી - સોરઠ) ના પુત્રી તા. ૮ ના રોજ અવસાન પામેલ છે. સદગતનું ઉઠમણું તા. ૧૨ ને મંગળવારે સવારે ૧૦-૩૦ કલાકે તથા પ્રાર્થના સભા ૧૧-૦૦ કલાકે શેઠ ઉપાશ્રય - ૧૫૦ ફુટ રીંગ રોડ ખાતે રાખેલ છે.



**રાજકોટઃ** રાજકોટ નિવાસી સ્વ.કિશોરભાઈ ગોડાના પુત્ર જીતેન્દ્રભાઈ તે સ્વ.શોભાબેનના પતિ, રોનકભાઈ, હેતાબેન શ્રેયાસભાઈ શેઠના પિતા, સ્વ.પ્રફુલભાઈ, રશ્મિનભાઈ, સ્વ.હર્ષદરાય, સ્વ.રજનીભાઈ, મનહરભાઈ, યોગેશભાઈ, સુશીલભાઈના ભાઈ, સ્વ.દુર્લેરાય ત્રમ્બકલાલ શાહ કલકત્તા વાળાના જમાઈ, બીજલબેન રોનકભાઈ ગોડાના, શ્રેયાંશભાઈ શેઠના સસરા હરીશભાઈ ડાયાલાલ મહેતાના વેવાઈનું અવસાન થયેલ છે. સદ્‌ગતનું ઉઠમણુંનું તા.૧૧ને સોમવારે સવારે ૧૦:૩૦ થી ૧૧:૦૦ જ્યારે પ્રાર્થના સભા ૧૧ થી ૧૨ કલાક દરમિયાન અભય ભારદ્વાજ કોમ્યુનિટી હોલ યુનિટ નંબર-૧ ગોપાલ ચોક રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** મોઢ માંડલિયા વણિક સ્વ. છોટાલાલ નરભેરામ કલ્યાણીના પત્ની મધુબેન (ઉ.વ.૯૨) તે રાજેશભાઈ, ભરતભાઈ, રજનીભાઈ, બિન્દુબેન બાબુલાલ ગાંધી, નિલાબેન કિરીટકુમાર જીવાણી, તૃપ્તિબેન રજનીકાંત ગાંગડીયા, પારુલબેન કમલેશકુમાર મણીયારના માતાનું તા. ૯ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૦ ને રવિવારે સવારે ૧૦ થી ૧૧.૩૦ મોઢ વણિક વિદ્યાર્થી ભવન, ૫, રજપુતપરા રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# એસ.ટી.ના કર્મચારીઓને શિસ્તના પાઠ ભણાવો: નારી સુરક્ષા સમિતિ

## ડ્રાઈવર દ્વારા મહિલા પર હુમલાના બનાવને વખોડી કાઢી કડક પગલાં ભરવાની મહિલાઓની માંગ

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં નિયમિત ૮૫૫૦થી વધુ એસ.ટી ની બસો ઓન ધ રોડ ચાલી રહી છે અને રાજ્યમાં ૨૯ લાખ મુસાફરો અપડાઉન કરી રહ્યા છે. ત્યારે એસ.ટી કર્મચારીઓના મુસાફરો પ્રત્યેના વર્તન અને વાણી વિલાસ અંગે વખતો વખત ફરિયાદો ઉઠવા પામી છે. ગઈકાલે એસ.ટી બસ પોર્ટ માં રક્ષાબંધનના તહેવાહર નિમિત્તે ભારે ભીડ હતી અને મુસાફરોને બેસવાની પણ જગ્યા ઉપલબ્ધ હતી નહીં. વધારે ભીડ ને પગલે વાંકાનેર ડેપો ના એસ.ટી ડ્રાઈવરને કોઈ કારણસર મહિલા મુસાફર સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ડ્રાઈવર એ મહિલા મુસાફર સાથે બેહુદુ વર્તન કરી હુમલો કરવામાં આવ્યો હતો જે બનાવને સખત શબ્દોમાં જિલ્લા નારી સુરક્ષા સમિતિ (રાજકોટ) વખોડી કાઢે છે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ ના કર્મચારીઓને શિસ્તના પાઠ ભણાવવાની જરૂર છે આ પ્રકારની હરકતો કોઈપણ સંજોગોમાં ચલાવી લેવાય નહીં કારણ કે એક બાજુ સરકાર નારી સુરક્ષા, બેટી બચાવો, અને સ્ત્રી સશક્તિકરણના બણગાં ફૂકે છે ત્યારે સરકારના જ કર્મચારીઓ દ્વારા પોતાના બાળકો સાથે આવેલ પ્લેટફોર્મ પર રહેલા મહિલાઓ મુસાફર ને ઝાપટો મારી હુમલો કરવામાં આવે એ કેટલે અંશે વ્યાજબી છે. વિકલાંગો, દિવ્યાંગો, સિનિયર સિટીઝન અને મહિલાઓ સાથે એસ.ટીના કર્મચારીઓની અનેક વખત જીભા જોડી થાય છે ત્યારે એસટીના ઉચ્ચ અધિકારીઓએ આ અંગે કડક પગલાં ભરવાની આવશ્યકતા છે ડ્રાઈવર અને કંડક્ટરો ની બ્રેથ એનેલાઇઝર્સ દ્વારા સમયાંતરે ચેકિંગ હાથ ધરે. અગાઉ બ્રેથ એનેલાઈજર મશીન દ્વારા જ્યારે જ્યારે ચેકિંગ થયું છે ત્યારે અનેક ડ્રાઈવર કંડક્ટરો ડમ ડમ હાલતમાં ઝડપાયા છે જે એસ.ટી ના અને પોલીસ સ્ટેશનના રેકોર્ડ પર મૌજુદ છે.

રાજકોટનું એસ.ટી બસ પોર્ટ અસામાજિક તત્વોનો અડ્ડો બની ગયું છે. લુખ્ખાઓનું સામ્રાજ્ય છે. પોકેટ મારોનો ત્રાસ છે. સમડી અને ટ્રાફિકની અંધાધુંધી, મહિલાઓનો વેઈટિંગ રૂમ લાંબા સમયથી ગોડાઉન તરીકે ઉપયોગ કરવામાં આવે છે. સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ મહિલાઓ પોતાના બાળકોને સ્તનપાન કરાવી શકે તે માટેનો જાહેર જગ્યાએ બેબી રૂમ હોવો જોઈએ તે નથી પોલીસ ચોકી શોભાનો ગાંઠિયો બની ગઈ છે. પ્લેટફોર્મ પર કોઈ પોલીસ કર્મચારી ક્યારેય દેખાતા નથી જેને પગલે લુંટારા અને પોકેટ મારો ને મોકળુ મેદાન મળે છે. મારામારીની ઘટના રોજિંદી બની છે. સિનિયર ડેપો મેનેજર ભાગ્યે જ એસ.ટી બસપોર્ટમાં દર્શન આપે છે. આગામી જન્માષ્ટમીના તહેવારોને ધ્યાનમાં લઈ પોલીસ નો જડબેસલાક અને ચુસ્ત બંદોબસ્ત ગોઠવવો જરૂરી છે. કારણ કે બસ સ્ટેશન એ કોમર્શિયલ પ્રોજેક્ટ બનતા હવે મુસાફરોને માથે મોતની લટકતી તલવાર છે થોડા સમય પહેલા બસ સ્ટેશન એ એક યુવાનનો અને એક સિનિયર સિટિઝન નો ભોગ લીધો છે. સમયાંતરે પ્રાણઘાતક અકસ્માતો થયા છે ત્યારે પોલીસ તોડ કરવામાં અને પ્રજાને લૂંટવામાં વ્યસ્ત છે અને સિનિયર ડેપો મેનેજર કુંભકર્ણની જેમ મીઠી નીંદર માણી રહ્યા છે.

તેમ રાજકોટ જિલ્લા નારી સુરક્ષા સમિતિ ના લીગલ એડવાઈઝર એડવોકેટ ભાવનાબેન વાઘેલા, મનીષાબા વાળા, કૈલાશબેન વાઘેલા, પદ્માબા ચૌહાણ, જસુબા વાંક સરલાબેન પાટડીયા, પુનમબેન રાજપૂતે માંગણી કરી છે.

# ડેન્ડેલાયન કીડ્ઝના વિદ્યાર્થી દ્વારા ફાયર વિભાગના કર્મચારીને રાખડી બાંધી કરાય રક્ષાબંધનની ઉજવણી



**અબતક,રાજકોટ**

ડેન્ડેલાયન કીડ્ઝ એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા સંચાલિત ડેન્ડેલાયન કીડ્ઝ પ્રિ-સ્કુલ રાજકોટ દ્વારા રક્ષાબંધનના તહેવાર નિમિતે વિદ્યાર્થી શુક્રવારના રોજ રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશન - ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝના નિર્મલા રોડ સ્થિત ફાયર સ્ટેશનની મુલાકાતે સ્કુલના વિદ્યાર્થીઓને લઈ જવામાં આવ્યા હતા.

મુલાકાત અંતર્ગત ફાયર ફાયટર અધિકારીઓ દ્વારા આ પ્લે હાઉસ અને નર્સરીના નાના ભૂલકાઓનું ઉત્સાહભેર સ્વાગત થયું હતું. ત્યારબાદ ફાયર સ્ટેશન અંતર્ગત રહેલ વિવિધ સાધનો અને બચાવ કામગીરીનું ડેમોસ્ટ્રેશન દેખાડવામાં આવ્યું હતું.

સ્કુલના આ નાના ભુલકાંઓએ ફાયર સ્ટેશનના દરેક અધિકારીઓને રાખડી બાંધી સમાજને મુશ્કેલ પરીસ્તિથીમાંથી બચાવ કરનાર આ બહાદુર ફાયર ફાયટર અધિકારીઓનો આભાર ખાસ અંદાજે વ્યક્ત કર્યો હતો.

મેનેજીંગ ટ્રસ્ટી અને પ્રિન્સીપાલ વિભૂતી ત્રિવેદી, અદિત ઘેડીયા તથા શિક્ષકગણ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

### નવજીવન વિકલાંગ સંસ્થા દ્વારા

# ભચાઉમાં કાલે રાજયપાલ દેવવ્રત આચાર્યના હસ્તે દિવ્યાંગોને સાધન સહાય અપાશે

## ૧૦૦થી વધુ ઈલેક્ટ્રીક ટ્રાઈસાયકલ, વ્હિલચેર, સ્માર્ટ ફોન જેવા સહાયતા સાધનો વિનામૂલ્યે અપાશે

**અબતક, રાજકોટ**

ભચાઉ શહેરમાં નવજીવન વિકલાંગ સેવાશ્રય સંસ્થાની આયોજકતામાં આયોજિત દિવ્યાંગજનો માટેના સાધન સહાય વિતરણ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના ઉપસ્થિત રહેવાથી સમગ્ર કાર્યક્રમ વિશેષ મળશે.

કાર્યક્રમ કાલે રવિવારના રોજ સવારે ૯:૦૦ વાગ્યે નવજીવન વિકલાંગ સેવાશ્રય, પોલીસ સ્ટેશનની બાજુમાં, ગાંધીધામ રોડ, ભચાઉ ખાતે યોજાશે.

આ પ્રસંગે રાજ્યપાલ દ્વારા ૧૦૦ કરતાં વધુ દિવ્યાંગ લાભાર્થીઓને ઈલેક્ટ્રિક ટ્રાઈસાયકલ મેન્યુઅલ ટ્રાઈસાયકલ, વ્હીલચેર, કેલિપર, સ્માર્ટ કેન જેવા સહાયતા સાધનો વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યા. ખાસ કરીને વિતરણ કરાયેલી ઈલેક્ટ્રિક ટ્રાઈસાયકલ જે લગભગ ૪૦ કિલોમીટરની રેન્જ ધરાવે છે. અનેક લાભાર્થીઓ માટે આજીવિકા અને આત્મનિર્ભરતા માટે સહાયક સાબિત થશે.

આ આયોજન ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના આર્થિક સહયોગ તથા આર્ટિફિશિયલ લિમ્બ મેન્યુફેક્ચરિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના તકનીકી સહયોગથી યોજાશે. તેવું યાદીમાં જણાવ્યું હતું.

# નવી મેડિકલ કોલેજો સ્થાપવા બ્રાઉન ફીલ્ડ સ્કીમ એ સુનિયોજિત સ્કેમ: ડો.મનીષ દોશી

## ખાનગી મેડિકલ કોલેજોમાં બેઠકો વધારા તથા નવી મેડીકલ કોલેજોની મંજુરીના નામે મોટી ગોલમાલની આશંકા



**અબતક, રાજકોટ**

નવી મેડીકલ કોલેજો સ્થાપવા માટે રાજ્યમાં બ્રાઉન ફીલ્ડ સ્કીમ એ સરકારનું સુનિયોજિત સ્કેમ હોવાનું સામે આવી રહ્યું છે ત્યારે ખાનગી મેડીકલ કોલેજોને કિંમતી જમીન કરોડો રૂપિયાથી ઊભી થયેલ સીવીલ હોસ્પીટલ / જિલ્લા હોસ્પીટલ સહિત પાંચ વર્ષે ૧૧૦ કરોડ જેટલી માતબર રકમ સરકારી તિજોરીમાંથી આપવાની વ્યવસ્થા - ગોઠવણ અંગે તપાસની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ખાનગી મેડિકલ કોલેજો માં બેઠકો વધારા તથા નવી મેડીકલ કોલેજોની મંજુરીના નામે મોટી ગોલમાલ થઈ રહી છે. રાજ્યમાં બ્રાઉન અને ગ્રીન ફિલ્ડ સ્કીમ હેઠળ મેડિકલ કોલેજ નામે મોટું કૌભાંડ ચાલી રહ્યું છે.

૩૦ જૂનના રોજ મેડિકલ કોલેજો નું એક કૌભાંડ સામે આવ્યું છે. સીબીઆઈ એ ફરિયાદ દાખલ કરીને મેડિકલ કોલેજો માં સીટો વધારવા નું કૌભાંડ ખુલ્યું હતું. સીબીઆઈએ ફરિયાદ નોંધી તેવા આરોપી નંબર ૩૫ વિશ્વ મંગલ ગુરુકુળ કલોલના ભક્તવત્સલ સ્વામી પણ સામેલ છે. જે સ્વામીનારાયણ વિશ્વ મંગલ ગુરૂકુલ, કલોલની મેડીકલ કોલેજ ચલાવી રહ્યાં છે. સ્વામીનારાયણ વિશ્વ મંગલ ગુરૂકુલ, કલોલ સંસ્થા એ મહીસાગર અને ખેડા ખાતે નવી મેડિકલ કોલેજ માટે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા બ્રાઉનફીલ્ડ હેઠળ માંગણી મુકી છે જેનું આરોગ્ય વિભાગ ખાતે પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું. સીબીઆઈના ચોપડે ગેરરીતિ વાળી કોલેજોની હજુ તપાસ ચાલે છે ત્યાં, આવી જ સંસ્થાઓને બીજી નવી કોલેજો ને મંજૂરી માટે ગોઠવણ ચાલી રહી છે. બ્રાઉન ફીલ્ડ અને ગ્રીન ફીલ્ડ યોજના થકી ૨૦ એકર જમીન, સિવિલ હોસ્પિટલ,કોલેજ દીઠ ૧૧.૨૫ કરોડ રૂપિયા એટલેકે પાંચ વર્ષે ૬૦ કરોડ રૂપિયા મળવા પાત્ર થતા હોય છે. ગુજરાતમાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ મેડિકલ કોલેજ માં વધારો થાય તે આવકાર્ય બાબત છે પણ, ભાજપ સરકારે પોતાના મળતિયાઓને ખાનગી કોલેજો-યુનિવર્સિટીઓને આડેધડ મંજૂરી આપીને કરોડો રૂપિયાની આર્થિક લાભો પહોંચાડી રહી છે. ભાજપ સરકાર વિધાર્થી હિત ના નામે સરકારી મિલકત અને કોલેજો પોતાના ખાસને પધરાવી દે તે કેટલે અંશે વ્યાજબી ? સરકારે પોતાના મળતિયાઓને વિશેષ લાભ માટે ગોઠવણ કરીને ખાનગી યુનિવર્સીટીઓ ને મંજૂરીઓ આપી છે. પોતાના મળતિયાઓને સિવિલ સોંપી દેવી,કોલેજો સોંપી દેવાનું કામ કર્યું છે.

# 'હર ઘર તિરંગા': જિલ્લાની ૧૨૦૦થી વધુ શાળાઓમાં 'રાષ્ટ્રભક્તિ'ની લહેર

## વિદ્યાર્થીઓ માટે તિરંગા ક્વીઝ, તિરંગા રેલી સહિતની પ્રવૃત્તિઓ યોજાઈ



**અબતક, રાજકોટ**

હાલ રાજ્યભરમાં 'હર ઘર તિરંગા અભિયાન' ચાલી રહ્યું છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લામાં કલેક્ટર ડો. ઓમ પ્રકાશના નિર્દેશ મુજબ વિવિધ પ્રકારના કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ યોજાઈ રહી છે. રાજકોટ જિલ્લામાં સરકારી, ખાનગી મળીને ૧૨૦૨ શાળાઓએ 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત રજિસ્ટ્રેશન કરાવ્યું છે અને આ શાળાઓમાં વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરાઈ રહી છે.

'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત જિલ્લામાં સૌથી વધુ જસદણ તાલુકાની ૨૦૦ શાળાઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. જ્યારે ધોરાજી તાલુકાની ૯૧, ગોંડલ તાલુકાની ૧૪૪, જામકંડોરણા તાલુકાની ૭૭, જેતપુર તાલુકાની ૧૦૮, કોટડા સાંગાણી તાલુકાની ૫૬, લોધિકા તાલુકાની ૫૨, પડધરી તાલુકાની ૧૨૮, રાજકોટ તાલુકાની ૧૨૯, ઉપલેટા તાલુકાની ૧૦૨, વિંછિયા તાલુકાની ૧૧૫ શાળાઓએ નોંધણી કરાવી છે. અભિયાન અંતર્ગત શાળાઓમાં બાળકો માટે તિરંગા ક્વીઝ યોજવામાં આવી હતી. સ્માર્ટક્લાસમાં સ્માર્ટ બોર્ડની મદદથી યોજાયેલી ક્વીઝ સ્પર્ધામાં બાળકોએ હોંશે હોંશે ભાગ લીધો હતો. ક્વીઝ દરમિયાન બાળકોને તિરંગા વિશેની ઘણી નવી બાબતો જાણવા મળી હતી. દરમિયાન બાળકોએ શાળાઓમાં તિરંગાની થીમ પર સુશોભનો પણ કર્યા હતા. કેટલીક શાળાઓ દ્વારા તિરંગા રેલી પણ યોજવામાં આવી હતી. માર્ગો પર નીકળેલી રેલીમાં નાગરિકો પણ જોડાયા હતા અને રેલીએ દેશભક્તિનો માહોલ સર્જ્યો હતો. આ ૧૦૨૯ શાળાઓ દ્વારા 'હર ઘર તિરંગા' પોર્ટલ પર ૪૫૮૮થી વધુ ફોટો પણ અપલોડ કરવામાં આવ્યા છે.

### ભગવાન તારી રક્ષા કરે મારા 'વીરા'

## સ્વ.વિજયભાઈ રૂપાણીના પુત્ર ઋષભને બહેન રાધિકાએ બાંધ્યું 'રક્ષા કવચ'



**અબતક, રાજકોટ**

ગાંધીનગર ખાતે રૂપાણી પરિવારના નિવાસસ્થાને સ્વ.વિજયભાઈ રૂપાણીના પુત્ર ઋષભભાઈને બહેન રાધિકાએ રાખડી બાંધી વીરાની સુરક્ષાની કામના કરી હતી.

સૌના માનીતા સ્વ.વિજયભાઈની વિદાય બાદ આવેલા ભાઈ-બહેનના પર્વની ઉજવણીમાં પરિવારજનોએ ઘરના મોભીની સ્મૃત્તિ સાથે સજળ નયને ધર્મ, સંસ્કૃત્તિ, પરંપરા મુજબ રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી.

# જીકાસમાં રજીસ્ટ્રેશન માટે કાલે છેલ્લો દિવસ: બુધવારથી કોલેજ ફાળવણી

**અબતક, રાજકોટ**

રાજ્યની સરકારી યુનિવર્સિટીઓમાં અત્યાર સુધીમાં ૨૦થી વધારે રાઉન્ડ પુરા કરી દેવામાં આવ્યા છે. આમછતાં ગુજરાત યુનિવર્સિટી સહિતની અનેક યુનિવર્સિટીઓની કોલેજમાં જગ્યાઓ ખાલી પડી છે. આ સ્થિતિમાં હવે જીકાસ દ્વારા ત્રીજા તબક્કામાં ફરી એકવાર રાઉન્ડ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ તબક્કામાં ૧૦ દરમિયાન નોંધણી કરવાની રહેશે. આગામી ૧૩મીએ કોલેજની ફાળવણી કરવામાં આવશે.

ગુજરાત યુનિવર્સિટીની જુદી જુદી કોલેજોમાં હાલમાં ૧૫ હજારથી વધારે બેઠકો ખાલી પડી છે.જીકાસના માધ્યમથી અત્યાર સુધીમાં ૨૧ કરતાં વધારે રાઉન્ડ પુરા કર્યા પછી પણ ગુજરાત યુનિવર્સિટીની જુદી જુદી કોલેજોમાં ૧૫ હજારથી વધારે બેઠકો ખાલી પડી છે. બીજીબાજુ નીચી ટકાવારી ધરાવતાં અસંખ્ય વિદ્યાર્થીઓ હાલ પ્રવેશ વંચિત રઝળપાટ કરી રહ્યા છે. વિદ્યાર્થીઓની રજૂઆત બાદ તાજેતરમાં યુનિવર્સિટીઓ દ્વારા પણ સરકાર એટલે કે જીકાસને રજૂઆત કરીને વધુ એક રાઉન્ડ કરવા ભલામણ કરવામાં આવી હતી. જેના અનુસંધાનમાં વધારાનો એક રાઉન્ડ ઓનલાઈન કરવાની જાહેરાત કરવામાં આવી છે. જે વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું નથી તેઓ આવતીકાલ ૭મીથી ૧૦મી સુધી નવેસરથી નોંધણી કરાવી શકશે. આગામી ૭મીથી ૧૧મી સુધીમાં વિદ્યાર્થીઓ નજીકની કોલેજમાં જઈને ડોક્યુમેન્ટ વેરિફિકેશનની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. ત્રીજા તબક્કામાં બે રાઉન્ડમાં ૧૩મી ઓગસ્ટથી પ્રવેશ ફાળવણીની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.વિદ્યાર્થીઓએ જે કોલેજની ચોઈસ આપી હશે તેમાં ત્રણ કે તેથી વધારે પ્રવેશની ઓફર મળી હોવાછતાં સ્વીકારીને પ્રવેશ કન્ફર્મ કરાવ્યો નહોય તો તેમને પણ આ રાઉન્ડમાં પ્રવેશ કન્ફર્મ કરવાની તક આપવામાં આવશે.

પહેલા રાઉન્ડમાં પ્રવેશની ઓફરનો સ્વીકાર કર્યા બાદ પ્રવેશ કન્ફર્મ ન કરાવે તો તેમને આગામી રાઉન્ડમાં ઓફર મળશે નહી. આમ, આ તબક્કા દરમિયાન વિદ્યાર્થીઓ પોતાનો પ્રવેશ રદ કરાવી શકશે નહી. હાલની સ્થિતિમાં ગુજરાત યુનિવર્સિટીમાં અત્યાર સુધીમાં ૪૮૨૬૯ બેઠકો સહિત સમગ્ર રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં મળીને ૨૯૫૧૮૨ બેઠકો પર વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવી લીધો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આમ, આ પ્રમાણે ગણતરી કરીએ તો પણ ગુજરાત યુનિવર્સિટીની કુલ ૬૬ હજાર બેઠકો પૈકી ૪૮૨૬૯ બેઠકો ભરાતાં હાલની સ્થિતિમાં જુદી જુદી કોલેજોમાં ૧૫ હજારથી વધારે બેઠકો ખાલી પડી છે.

# મનોદિવ્યાંગો સાથે રક્ષાબંધન પર્વ ઉજવતું ટાઈમ્સ ફાઉન્ડેશન



**અબતક,રાજકોટ**

રાજકોટ દ્વારા એક સરાહનીય પહેલ કરવામાં આવી છે. તેઓ સંતકબીર રોડ પર આવેલા 'એકરંગ ચિલ્ડ્રન ડેવલોપમેન્ટ મનોદિવ્યાંગ ઈન્સ્ટિટ્યૂટ'ની ૧૫ મનોદિવ્યાંગો સાથે સમૂહમાં રક્ષાબંધનનો પવિત્ર તહેવાર ઉજવાયો. આ ઉત્સવ દરમિયાન, ફાઉન્ડેશનના સભ્યો દ્વારા બહેનોને જરૂરી ચીજવસ્તુઓ આપવામાં આવી. રક્ષાબંધન બાદ, દરેક ભાઈઓ બહેનો સાથે રમતો રમશે અને તેમની સાથે સમય વિતાવ્યો. આ રીતે તેઓ મનોદિવ્યાંગ બહેનોના જીવનમાં ભાઈની ઉણપ પૂરી કરવાનો પ્રયાસ કરશે.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખ ઉત્તમભાઈ વેકરિયાના માર્ગદર્શન હેઠળ ઉપ-પ્રમુખ જયભાઈ વસોયા, મંત્રી કેવિનભાઈ લીંબાસીયા, સહ-મંત્રી રાહુલભાઈ ડોબરિયા, ખજાનચી મોહિતભાઈ ગઢિયા અને આકાશભાઈ આશર, તેમજ ઓર્ગેનાઈઝેશન મેનેજમેન્ટ ટીમ સક્રિય રીતે પ્રયાસ કરી રહી છે. આ પહેલ યુવા પેઢી માટે એક પ્રેરણાદાયક સંદેશ છે.

# ચોટીલામાં ભારત ગૌરવ યાત્રા-તિરંગા યાત્રામાં એક હજારથી વધુ વિદ્યાર્થીઓ જોડાયા

## ચોટીલા એજ્યુકેશન ટ્રસ્ટ અને મદદનીશ ગ્રંથાલય નિયામક કચેરી આયોજીત તિરંગા યાત્રામાં ૧૦૦ ફૂટના બે રાષ્ટ્રધ્વજ આકર્ષણનું કેન્દ્ર બન્યું



**અબતક, રાજકોટ**

૧૯૪૨ના ઐતિહાસિક ભારત છોડો આંદોલનની ૮૩મી જંયતી અવસરે તથા હર ઘર તિરંગા અને નારી વંદન ઉત્સવ અંતર્ગત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જન્મભૂમિ ચોટીલા (જિ. સુરેન્દ્રનગર) ખાતે ભારત ગૌરવ યાત્રા - તિરંગા યાત્રાનું ભવ્ય આયોજન થયું હતું. નવી પેઢી આપણી આઝાદીની લડત અને તેમાં નામી-અનામી સ્વાતંત્ર્ય-સેનાનીઓ અને શહીદ-વીરો આપેલ બલિદાનથી પરિચિત-પ્રેરિત થાય તેમજ રાષ્ટ્ર-ભાવના અને જીવન-મૂલ્યોનું સંસ્કાર-સિંચન થાય તે આશયથી ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન, ચોટીલા એજ્યુકેશન એન્ડ ચેરિટી ટ્રસ્ટ તથા મદદનીશ ગ્રંથાલય નિયામકની કચેરી (રાજકોટ) દ્વારા આ પ્રેરક આયોજન કરાયું હતું. સુરેન્દ્રનગર જિલ્લા વહીવટી તંત્ર અને સુરેન્દ્રનગર જિલ્લા પોલીસનો પણ સહયોગ પ્રાપ્ત થયો હતો. ચોટીલા નાયબ કલેકટર એચ.ટી. મકવાણા (જીએએસ), ચોટીલા નગરપાલિકા પ્રમુખ અલકાબેન મુકેશભાઈ શાહ, ચામુંડા ડુંગર મહંત પરિવારના જગદીશગીરીબાપુ ગોસાઈ, યાત્રાના આયોજકો : ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણી સહિત મોટી સંખ્યામાં નગરજનો, શિક્ષકો અને વાલીઓની ઉપસ્થિતિ રહી હતી. જે. વી. એચ. દોશી પ્રાથમિક શાળા, આર,.ટી. શાહ પ્રાથમિક શાળા, જે. યુ. કોઠારી પ્રાથમિક શાળા અને એન. એન. શાહ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનાં ૧૦૦૦ જેટલાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

:: આલેખન :: પિનાકી મેઘાણી

# ડો. દસ્તુર માર્ગ પરનો અંડરપાસ તૈયાર:હવે ટૂંક સમયમાં લોકાર્પણ

## લોકાર્પણ માટે મોટા નેતા સમય આપે તેની વાટ :કામ પૂરું પણ અંડરપાસ ખુલો મૂકવામાં વિલંબથી ટ્રાફિકની સમસ્યા



**અબતક, રાજકોટ**

કોર્પોરેશન દ્વારા સેન્ટ્રલ ઝોન હેઠળના વોર્ડ નં.૭માં આવેલા યાજ્ઞિક રોડ, ટાગોર માર્ગ, સરદાર નગર મેઈન રોડ તેમજ ડો.દસ્તુર માર્ગની ટ્રાફિક સમસ્યા ઉકેલવા માટે ડો.દસ્તુર માર્ગ ઉપર એવીપીટી કોલેજ અને રાજમંદિર ફાસ્ટ ફૂડ શોપ વાળી શેરીમાં આગળ જતાં આવતા રેલવે ટ્રેક નીચે અંડરપાસનું નિર્માણ કરવામાં આવ્યું છે.જેનું કામ પૂર્ણ થયાને બે મહિના જેવો સમય વિતી ગયો છે. હવે આ અંડરપાસ ગમે ત્યારે ખુલો મૂકી શકાય તેવી સ્થિતિ છતાં કોઈ કારણોસર વિલંબ થઈ રહ્યો છે. કોઈ મોટા નેતા રાજકોટ આવે ત્યારે તેના હસ્તે લોકાર્પણ કરવાની ગણતરી હોવાનું ચર્ચાય રહ્યું છે. કોર્પોરેશનના સૂત્રો પાસેથી પ્રાપ્ત થતો વિગતો મુજબ અંડરપાસમાં વરસાદી પાણીની લાઈન નાખવાનું બાકી રહેતા લોકાર્પણ નહીં કરાયાનું બે મહિના પૂર્વે બહાર આવ્યું હતું. દરમિયાન હાલ અંડર પાસને વરસાદી પાણીના નિકાલની જુની લાઈન સાથે કનેક્ટ કરી દેવામાં આવ્યો છે અને ટૂંક સમયમાં નવી લાઈનની કામગીરી પણ શરૂ થશે. હવે એવી કોઈ સ્થિતિ નથી કે લોકાર્પણમાં વિલંબ કરવો પડે છતાં શાસકો લોકાર્પણ માટે કોઈ શુભ મુહૂર્તની કે પછી કોઈ મોટા નેતાના હસ્તે લોકાર્પણ કરાવી અંડરપાસ ખુલ્લો મુકવા રાહ જોઈ રહ્યા છે.સર્વેશ્વર ચોકના વોંકળાનું કામ પૂર્ણ થતાં સાતમ આઠમ પહેલા ડો.યાજ્ઞિક રોડ ખુલો મુકવામાં આવનાર છે.લોકમેળા પૂર્વે યાજ્ઞિક રોડ ખુલો મુકવો જરૂરી હોય કોઈ યાજ્ઞિક રોડ ખુલો મૂકી દેવાંમાં આવશે.જો આવી જ રીતે ડો.દસ્તુરમાર્ગ અન્ડરપાસ પણ લોકાર્પણની રાહ જોયા વિના જ ખુલો મુકવામાં આવે તો એસ્ટ્રોન ચોક અને સરદારનગર મેઈન રોડની ટ્રાફિક સમસ્યા મહદ અંશે હલ થઈ શકે તેમ છે.

# બોગસ વિઝા કૌભાંડનો પર્દાફાશ કરતી ગુજરાત એટીએસ : ચાર શખ્સોની ધરપકડ

## પાંચ લોકોને યુરોપના લક્ઝમબર્ગના બોગસ વિઝા બનાવી દઈ મોટી રકમ પડાવી લીધાનો ખુલાસો : અન્ય ૩૯ લોકોના પણ બોગસ વિઝા ઝડપાયા

**અબતક, રાજકોટ**

ગુજરાત એટીએસ (એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ) દ્વારા બોગસ વિઝા કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ કૌભાંડમાં લક્ઝમબર્ગ સહિતના વિવિધ દેશોના નકલી વિઝા બનાવી લોકોને છેતરવામાં આવતા હતા. આ મામલે પોલીસે મયંક ભારદ્વાજ, તેજેન્દ્ર ગક્ક્ષર, મનીષ પટેલ અને તબરેજ કશ્મીરી સહિત ચાર મુખ્ય આરોપીઓની ધરપકડ કરી છે.

એટીએસના પોલીસ ઈન્સ્પેક્ટર પી.બી. દેસાઈને મળેલી બાતમીના આધારે આ સમગ્ર તપાસ શરૂ કરવામાં આવી હતી. આ બાતમીમાં મયંક ભારદ્વાજ અને તેના સાગરિતો પર બોગસ વિઝા બનાવી આપવાનો આરોપ હતો. આ બાતમીના આધારે પોલીસે મયંક અને તેજેન્દ્ર ગક્ક્ષરને પૂછપરછ માટે બોલાવ્યા હતા. આ પૂછપરછ દરમિયાન બંનેએ કબૂલ્યું કે, તેમણે મનીષ પટેલ મારફતે પાંચ વ્યક્તિઓને લક્ઝમબર્ગના નકલી વિઝા



અપાવ્યા હતા, જેના બદલામાં તેમણે મોટી રકમ લીધી હતી. આ નકલી વિઝાનું કામ મનીષ પટેલ મુંબઈના તબરેજ કશ્મીરી પાસે કરાવતો હતો.

તપાસ દરમિયાન એટીએસ દ્વારા ભોગ બનનાર પાંચ વ્યક્તિઓના વિઝાની ખરાઈ માટે લક્ઝમબર્ગની એમ્બેસીનો સંપર્ક કરવામાં આવ્યો હતો. એમ્બેસીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, આ તમામ વિઝા નકલી છે અને તેમની એમ્બેસી દ્વારા ઈશ્યુ કરવામાં આવ્યા નથી. વધુમાં, જાણવા મળ્યું કે આ પાંચેય વ્યક્તિઓએ અગાઉ પણ વિઝા માટે અરજી કરી હતી, જે નોકરીના ખોટા દસ્તાવેજોને કારણે નામંજૂર કરવામાં આવી હતી. આ તથ્યોએ કૌભાંડની ગંભીરતા વધુ સ્પષ્ટ કરી.


આ પાંચ કેસ ઉપરાંત પોલીસની વધુ પૂછપરછમાં આરોપીઓના મોબાઈલ ફોનમાંથી અન્ય ૩૯ લોકોના બોગસ વિઝા બનાવ્યા હોવાનું પણ બહાર આવ્યું છે.

આરોપીઓએ આ તમામ લોકો પાસેથી લાખો રૂપિયા પડાવીને તેમના પાસપોર્ટ પર નકલી વિઝાના સ્ટીકરો લગાવીને છેતરપિંડી કરી હતી. આ ગુનાહિત કાવતરામાં આર્થિક ફાયદા માટે લોકો સાથે છેતરપિંડી કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય હતો, જે ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગંભીર ગુનો ગણાય છે. આ ગંભીર ગુનામાં એટીએસએ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

આ કૌભાંડના મુખ્ય સૂત્રધાર તબરેજ કશ્મીરી સહિત મયંક ભારદ્વાજ, તેજેન્દ્ર ગક્ક્ષર અને મનીષ પટેલની ધરપકડ કરવામાં આવી છે. એટીએસ દ્વારા આ ગુનાહિત પ્રવૃત્તિમાં સામેલ અન્ય આરોપીઓને ઝડપી પાડવા માટે સઘન તપાસ ચાલુ છે.

## મનીષ પટેલ નામનો શખ્સ મુખ્ય સૂત્રધાર તબરેજ કાશ્મીરી પાસે બનાવટી વિઝા તૈયાર કરાવતો

# સાંદીપનિ શ્રીહરિમંદિરમાં ભગવાન બાલકૃષ્ણને ગલગોટાની શણગાર



શ્રાવણના ભકિત મય માહોલમાં પોરબંદરના વિશ્વ પ્રસિધ્ધ સાંદીપનિ વિદ્યા નિકેતનના શ્રીહરિ મંદિરમાં ભગવાન શ્રીકૃષ્ણને ગલગોટાના ફૂલોથી શણગારેલા હિન્ડોળામાં બિરાજમાન કરવામાં આવ્યા હતા. કથાકાર ભાઈશ્રી અને ભાવિકોએ ભગવાન બાલકૃષ્ણને ઝુલાવી દર્શનનો લાભ લઈ ધન્ય થયા હતા.

# આત્મહત્યા માટે હથિયાર મેળવવા શેર બ્રોકરે લૂંટની વાર્તા ઘડી કાઢી

## ગેરકાયદેસર રીતે હથિયાર સપ્લાય કરનાર બેની ધરપકડ, કલ્પેશ ટુંડિયાએ આર્થિક અને કાનૂની મુશ્કેલીઓના કારણે આત્મહત્યા કર્યાનો પોલીસનો મત

**અબતક, રાજકોટ**

૫ ઓગસ્ટના રોજ અમદાવાદના ઘુમા વિસ્તારમાં સ્ટોક બ્રોકર કલ્પેશ ટુંડિયાએ આત્મહત્યા કરી હતી. આ ઘટનામાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, તેણે આત્મહત્યા માટે ઉપયોગમાં લીધેલી બંદૂક મેળવવા માટે એક ઉપજાવી કાઢેલી વાર્તાનો સહારો લીધો હતો. ૪૧ વર્ષીય કલ્પેશ ટુંડિયાએ ગેરકાયદેસર રીતે હથિયાર મેળવવા માટે એવો દાવો કર્યો હતો કે તેને શહેરમાં આવેલા દુબઈના એક ધનિક વેપારીને લૂંટવા માટે બંદૂકની જરૂર છે. જોકે, આ વાર્તા માત્ર બંદૂક મેળવવાનું એક બહાનું હતું, તેમ પોલીસે જણાવ્યું છે.

પોલીસે ગેરકાયદેસર રીતે હથિયાર સપ્લાય કરવા બદલ સાહિરખાન મલેક અને રસીદખાન મલેકની ધરપકડ કરી છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ, ''ટુંડિયાએ હથિયાર મેળવવા માટે લૂંટની વાર્તા ઘડી કાઢી હતી, પરંતુ તપાસમાં આવી કોઈ વ્યક્તિ કે યોજના હોવાનું જણાયું નથી.'' તપાસમાં એ પણ બહાર આવ્યું કે આ બંને આરોપીઓ સુરેન્દ્રનગરમાં નોંધાયેલા એક છેતરપિંડીના કેસમાં ટુંડિયાના સહ-આરોપી હતા અને તેને લાંબા સમયથી ઓળખતા હતા. આ ૯ એમએમની દેશી બનાવટની રિવોલ્વર મૂળ સુરેન્દ્રનગરના અશરફ ખાન પાસેથી મેળવવામાં આવી હતી.પોલીસના મતે, ટુંડિયા આર્થિક અને કાનૂની મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો હતો. તેના પર છેતરપિંડી અને સમાન ગુનાઓના છ અલગ-અલગ કેસ નોંધાયેલા હતા, જેના કારણે તે ભારે તણાવમાં હતો. તેના ફોનમાંથી મળેલી ચેટ્સ દર્શાવે છે કે તે અનેક માધ્યમોથી નાણાંની વ્યવસ્થા કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. ટુંડિયાએ શિવાલિક રો હાઉસીસ ખાતે તેના નિવાસસ્થાને આત્મહત્યા કરી ત્યારે તેની ૧૪ વર્ષની પુત્રી બીજા રૂમમાં અભ્યાસ કરી રહી હતી.

ફોરેન્સિક અને બેલિસ્ટિક પરીક્ષણમાં પુષ્ટિ થઈ છે કે બંદૂકની ગોળીથી થયેલો ઘા સ્વ-નિર્મિત હતો. બોપલ પોલીસે આ મામલે હાલ અકસ્માત મોતનો કેસ નોંધ્યો છે અને અત્યાર સુધી આત્મહત્યા માટે ઉશ્કેરવાની કોઈ ફરિયાદ નોંધાઈ નથી. આ કેસની વધુ તપાસ ચાલી રહી છે.

# પ્રદેશ ભાજપ અધ્યક્ષ પાટીલે પરિવાર સાથે રક્ષાબંધન ઉજવ્યું




રક્ષાબંધન પર્વના પવિત્ર તહેવાર નિમિત્તે કેન્દ્રીય જળ શકિત મંત્રી તેમજ ભાજપા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલએ પરિવાર સાથે રક્ષાબંધનની ઉજવણી કરી. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે ભારતીય સંસ્કૃતિમા રક્ષાબંધનનો અનેરો મહીમાં હોય છે. પાટીલજીએ જણાવ્યું હતું કે ભાઈઓ એ પોતાની બહેન ની રક્ષા માટે જાન ન્યોછાવર કરવાની ફરજ છે.

# તુવાલુ દેશ દરિયામાં ડૂબે તે પહેલાં સમગ્ર રાષ્ટ્રને ઓસ્ટ્રેલિયામાં સ્થળાંતર કરાશે

## વિશ્વમાં કોઈ દેશ દ્વારા આયોજિત રીતે કરાયેલું પહેલું સ્થળાંતર, વૈજ્ઞાનિકોના અંદાજ મુજબ આગામી ૨૫ વર્ષમાં તુવાલુની મોટાભાગની જમીન પાણીમાં ગરકાવ થઈ જશે

### ભવિષ્ય અને વૈશ્વિક જવાબદારી

નિષ્ણાતોનો અંદાજ છે કે, આ કાર્યક્રમ અને ઓસ્ટ્રેલિયા-ન્યુઝીલેન્ડના અન્ય સ્થળાંતર માર્ગોને જોડીને, દર વર્ષે તુવાલુની ૪% જેટલી વસ્તી સ્થળાંતર કરી શકે છે. એટલે કે એક દાયકાની અંદર, લગભગ ૪૦ ટકા વસ્તી સ્થળાંતર કરી શકે છે. તુવાલુના વડાપ્રધાન ફેલેટી ટીઓએ વૈશ્વિક સમુદાયને આ બાબતે ગંભીરતાથી પગલાં લેવા અને દરિયાની સપાટીના વધારાનો સામનો કરી રહેલા રાષ્ટ્રોના અધિકારોના રક્ષણ માટે નવી આંતરરાષ્ટ્રીય સંધિ બનાવવાની હાકલ કરી છે. આ ઘટના ભવિષ્યમાં આબોહવા પરિવર્તનથી પ્રભાવિત થનારા અન્ય દેશો માટે એક મોટો પડકાર અને ચેતવણી છે.



### ઓસ્ટ્રેલિયા સાથે 'ફાલેપિલી યુનિયન સંધિ'

આ ગંભીર ખતરાના જવાબમાં, તુવાલુ અને ઓસ્ટ્રેલિયાએ ૨૦૨૩માં એક મહત્ત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જેને ફાલેપિલી યુનિયન સંધિ નામ આપવામાં આવ્યું છે. આ કરાર હેઠળ, દર વર્ષે ૨૮૦ તુવાલુના નાગરિકોને ઓસ્ટ્રેલિયામાં કાયમી રહેઠાણ મળશે. તેમને ત્યાંના નાગરિકોની જેમ જ આરોગ્ય સંભાળ, શિક્ષણ, આવાસ અને નોકરીઓના સંપૂર્ણ અધિકારો મળશે. આ કાર્યક્રમની પ્રથમ અરજી પ્રક્રિયામાં જ ૮,૭૫૦ લોકોએ રસ દર્શાવ્યો હતો.

**અબતક, રાજકોટ**

દુનિયાભરમાં આબોહવા પરિવર્તનના ગંભીર પરિણામોની ચર્ચા વચ્ચે, પેસિફિક મહાસાગરમાં આવેલો નાનકડો ટાપુ દેશ તુવાલુ એક ઐતિહાસિક અને દુઃખદ પગલું ભરવા જઈ રહ્યો છે. દરિયાની સપાટી સતત વધી રહી હોવાથી આ આખેઆખા રાષ્ટ્રને અન્ય જગ્યાએ સ્થાનાંતરિત કરવાની ફરજ પડી છે. આ ઘટના વિશ્વમાં કોઈ દેશ દ્વારા આયોજિત રીતે કરાયેલું પહેલું સ્થળાંતર છે, જે આબોહવા પરિવર્તનની ગંભીરતાનો જીવંત પુરાવો છે. વૈજ્ઞાનિકોનો અંદાજ છે કે આગામી ૨૫ વર્ષમાં તુવાલુની મોટાભાગની જમીન પાણીમાં ગરકાવ થઈ જશે.

માત્ર ૧૧,૦૦૦ થી વધુની વસ્તી ધરાવતા તુવાલુમાં નવ કોરલ ટાપુઓ અને એટોલ્સનો સમાવેશ થાય છે. આ દેશની સરેરાશ ઊંચાઈ સમુદ્ર સપાટીથી માત્ર ૨ મીટર છે, જેના કારણે તે પૂર, તોફાન અને દરિયાની સપાટીમાં વધારા માટે અત્યંત સંવેદનશીલ છે. નાસાના ડેટા મુજબ, ૨૦૨૩માં અહીં દરિયાનું સ્તર પાછલા ૩૦ વર્ષની સરખામણીમાં ૧૫ સેમી વધારે હતું. આ જ ગતિએ, ૨૦૫૦ સુધીમાં દેશનો મોટાભાગનો વિસ્તાર પાણીની અંદર જઈ શકે છે. આ દ્વીપસમૂહના નવ ટાપુઓમાંથી બે ટાપુઓ તો પહેલેથી જ મોટાભાગે ડૂબી ગયા છે, જે પરિસ્થિતિની ભયાનકતા દર્શાવે છે.તુવાલુનું આ સ્થળાંતર માત્ર જમીન ગુમાવવાનો મુદ્દો નથી, પરંતુ એક આખી પ્રજાતિની સંસ્કૃતિ, પરંપરાઓ અને અસ્તિત્વનો પ્રશ્ન છે. આ ટાપુ પર રહેતા લોકોની જીવનશૈલી અને તેમની આગવી ઓળખ પર પણ ગંભીર અસર થશે. આ ઘટના ભવિષ્યમાં આબોહવા પરિવર્તનના કારણે અન્ય નીચાણવાળા ટાપુ દેશો માટે શું પરિણામ આવી શકે છે તેનો એક સ્પષ્ટ સંકેત છે. વિશ્વના ધનિક અને પ્રદૂષણ ફેલાવતા દેશો માટે આ એક વેકઅપ કોલ છે કે આબોહવા પરિવર્તનને ગંભીરતાથી લેવાનો સમય આવી ગયો છે.

# તહેવાર ટાણે જ ડબલ ટ્રેકના કામગીરીને લઈને વધુ આઠ ટ્રેનની અસર

**અબતક, રાજકોટ**

રાજકોટ ડિવિઝનમાં ચાલતા ડબલ ટ્રેકના કામને કારણે ૨૦ થી ૨૩ ઓગસ્ટ, ૨૦૨૫ દરમિયાન કેટલીક ટ્રેન સેવાઓ પ્રભાવિત થશે. આ કામગીરી લાંબાગાળે મુસાફરીને વધુ ઝડપી અને સુવિધાજનક બનાવશે. આ વિકાસકાર્યના સમયગાળા દરમિયાન, કેટલીક ટ્રેનો રદ કરવામાં આવી છે, જ્યારે કેટલીક આંશિક રીતે રદ અથવા મોડી ઉપડશે. આ કામગીરી ભવિષ્યમાં વધુ સારી અને ઝડપી રેલ સેવા માટે પાયારૂપ સાબિત થશે.ભાવનગર-ઓખા

### ભાવનગર ઓખા એક્સપ્રેસ રદ: મુંબઈ ઓખા સૌરાષ્ટ્ર મેલ આંશિક રીતે રદ

એક્સપ્રેસ ૨૧.૦૮ અને ઓખા-ભાવનગર એક્સપ્રેસ ૨૨.૦૮.ના રદ રહેશે.

મુંબઈ સેન્ટ્રલ-ઓખા સૌરાષ્ટ્ર મેલ ૨૧.૦૮ ના જામનગર-ઓખા અને એર્નાકુલમ-ઓખા એક્સપ્રેસ ૨૦.૦૮. ના હાપા-ઓખા અને ઓખા-મુંબઈ સેન્ટ્રલ સૌરાષ્ટ્ર મેલ ૨૨.૦૮.ના ઓખા-જામનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ઓખા-એર્નાકુલમ એક્સપ્રેસ ૨૩.૮. ના ઓખા-હાપા વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ઓખા-ગુવાહાટી એક્સપ્રેસ ૨૨.૦૮ ના ૫ કલાક અને ૪૫ મિનિટ મોડી ઉપડશે.પોરબંદર-મુઝફ્ફરપુર એક્સપ્રેસ ૨૨..૨૦૨૫૮.૨૦૨૫ ના ૧ કલાક અને ૧૦ મિનિટ મોડી ઉપડશે.

જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશન દ્વારા

# પ્રમુખ સ્વામી ઓડિટોરીયમ હોલમાં કાલે બાળ સ્વાથ્ય વિષયે યોજાશે સેમિનાર

## બાળકો પ્રત્યે આપણી જવાબદારી શું? બાળ જાળવણી અંગે થશે મનોમંથન

**અબતક,રાજકોટ**

રાજકોટમાં સેવારત સંસ્કઅત આર્ય ગુરૂકુલ ઉપક્રમે જુવેનાઈલ ડાયાબીટીશ ફાઉન્ડેશન ઉપક્રમે આવતીકાલે રવિાર ૧૦ ઓગસ્ટે સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ દરમ્યાન રૈયારોડ પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ માં બાળ સ્વાસ્થ્ય અંગે સેમીનાર યોજાશે.આ સેમીનારમાં વેદીક રીતે બાળકોની સંભાળનું માર્ગદર્શન આપવામા આવશે.

સંસ્કૃતિ આર્ય ગુરૂકુલમ્ વૈદિક ગર્ભવિજ્ઞાન તેમજ મંત્રૌષધિ ગર્ભસંસ્કાર પર વિશેષ કાર્ય કરે છે. ગર્ભ વિકૃત થવાનો મનુષ્યની ભૂલ મુખ્ય ભાગ ભજવે છે. દંપતિઓ આવી ભૂલોથી બચી સંતતિનું પ્લાનિંગ કરી દિવ્યાંગતા રહિત દિવ્ય સંતતિ પ્રાપ્ત કરી રાષ્ટ્રને સમર્થ બનાવે તે માટે એક પણ રૂપિયો લીધા વગર દિવ્ય સંતતિ યજ્ઞ, ઈજ્ઞીક્ષતશહશક્ષલ, તેમજ ગર્ભ ત્રણ મહત્વના સંસ્કારો ગર્ભાવસ્થામાં કરવવામાં આવે છે. તેનાથી સમાજને શ્રેષ્ઠ સંતતિનો લાભપ્રાપ્ત થાય છે. અત્યાર સુધીમાં સંસ્થા દ્વારા ૨૫૦૦૦ થી વધારે ગર્ભ સંસ્કાર કરવવામાં આવ્યા છે. તેમજ તેના પર ૧૦૦ સંસ્કૃત સૂત્રોમાં પૂરો કોર્સ તૈયાર કરેલ છે.

બાળ-સ્વાસ્થ્ય તેમજ સંસ્કારના ક્ષેત્રમાં છેલ્લાં પચાસ વર્ષથી અવિરત પણે સંશોધન કાર્ય કરી, ૧૯૭૦માં ૩૮ પ્રકારના ઊહ્રયાયશિળયક્ષર્િ બાદ પૂજ્ય વિશ્વનાથ ગુરૂજીએ મંત્રૌષધિ સુવર્ણપ્રાશનનું નિર્માણ કર્યું અને અવિરત પણે દર પુષ્ય નક્ષત્રએ વર્ષો સુધી આપ્યું. તેના પરિણામે રાષ્ટ્રપતિ એવોર્ડ તેમજ ઉપરાષ્ટ્રપતિ એવોર્ડ તેમજ અનેક સન્માન પ્રાપ્ત થયાં. આજે પણ ૮૫૦ કેન્દ્રો પર ૧૫૦૦થી વધારે કાર્યકર્તાઓ દ્વારા ૫ લાખથી વધારે બાળકોને નિઃશૂલ્ક મંત્રૌષધિ સુવર્ણપ્રાશન દર મહિને પ્રદાન કરી વર્લ્ડ રેકોર્ડ પ્રાપ્ત કરેલ છે.

તેમજ સમાજના જવાબદાર નાગરિકો માટે, ખાસ યુવા પેઢી તેમજ વડીલો માટે ભગવદ્ ગીતા અને જીવનના વિજ્ઞાનને સમજાવતો કાર્યક્રમ ઉઊઈઘઉઊ ઞ્રઊઉઝઅ નિઃશૂલ્ક ક્લાસ દર મંગળવારે રાત્રે ૦૯:૩૦ થી ૧૦:૩૦ ઉમા ભવન ખાતે ચાલે છે.

પરિવારના, સમાજના ભૂલકાઓને કેવો આહાર આપવો?, વર્તનમાં શું ધ્યાન રાખવું?, એબનોર્મલ બાળકો છે તેના પ્રત્યેની આપણી જવાબદારી શું?, આવા રોગ કોઈપણ બાળકને ન થાય તે માટે શું કાળજી લેવી?, કઈ દવાઓ લેવી?, બાળકોને ક્યાં પ્રકારના આહારથી બચાવવા?, પાણી કેવું અને કેટલું આપવું?, ન્યુટ્રિશીયન ક્યાં આપવા?, સંસ્કારો ક્યાં અને કેવા આપવા? આ તમામ બાબતો પર આ કાર્યક્રમમાં મંથન કરવામાં આવશે. રાષ્ટ્ર નિર્માણ માટે આ કાર્યક્રમમાં પધારવા નિમંત્રણ છે. વિશેષ માહિતી માટે sanskrutigurukulam.com વેબસાઈટ અથવા ૯૬૬૪૯ ૧૧૧૮૨ સંસ્થાના નંબર પર સંપર્ક કરવા જણાવ્યું છે.

# દિલ્હીના જૈતપુર વિસ્તારમાં ભારે વરસાદ વચ્ચે ઘરની દીવાલ ધસી પડતા સાતના મોત

## મૃતકોમાં ૩ પુરુષ, ૨ મહિલાઓ અને ૨ બાળકીઓ સામેલ: દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત લોકોને સફદરજંગ હોસ્પિટલ ખસેડાયા

**અબતક, નવી દિલ્હી**

ભારે વરસાદ વચ્ચે દક્ષિણ દિલ્હીના જેતપુર વિસ્તારમાં શનિવારે એક ભયાનક દુર્ઘટના સર્જાઈ. એક ઘરની દિવાલ ધસી પડતાં અનેક લોકો કાટમાળ નીચે દટાઈ ગયા હતા. આ દુર્ઘટનામાં ૮ લોકો ઈજાગ્રસ્ત થયાના અહેવાલ સામે આવ્યા હતા, પરંતુ હવે તપાસ બાદ જાણ થઈ કે લગભગ ૭ લોકો મૃત્યુ પામી ચૂક્યા છે.

અહેવાલો અનુસાર, દુર્ઘટના બાદ સ્થાનિક લોકો અને રેસ્ક્યુ ટીમે તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી હતી. મૃતકોમાં ૩ પુરુષ, ૨ મહિલાઓ અને ૨ બાળકીઓ સામેલ છે.

માહિતી અનુસાર દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત લોકોને સફદરજંગ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન ૩ લોકો મૃત્યુ પામી ગયા હતા. જ્યારે ૩ ઈજાગ્રસ્તોને એઈમ્સ ટ્રોમા સેન્ટર લવાયા હતા જ્યાં તે તમામ મૃત્યુ પામ્યા છે.

મૃતકોમાં પુરુષોમાં ૩૦ વર્ષીય શબીબુલ, ૩૦ વર્ષીય રબીબુલ અને ૪૫ વર્ષીય મુટ્ટુ અલીનો સમાવેશ થાય છે. મહિલાઓમાં ૨૫ વર્ષીય રૂબીના અને ૨૫ વર્ષીય ડોલીનું મૃત્યુ થયું છે. બાળકીઓમાં ૬ વર્ષીય રૂખસાના અને સાત વર્ષીય હસીનાનું મૃત્યુ થયું છે.

### દિલ્હીમાં ગમે ત્યારે પૂર ત્રાટકે તેવી આશંકા: તંત્ર એલર્ટ

દેશની રાજધાની દિલ્હીમાં પૂરનો ખતરો વધી ગયો છે. શનિવારે સવારે ૯ વાગ્યે યમુના નદીનું પાણીનું સ્તર ઓલ્ડ રેલવે બ્રિજ પર ૨૦૪.૪૦ મીટર પર પહોંચી ગયું હતું, જે ૨૦૪.૫૦ મીટરના ભયના નિશાનથી થોડુંક જ નીચે છે. તેને ગંભીરતાથી લેતા, વહીવટીતંત્રે તમામ સંબંધિત વિભાગોને પૂર જેવી પરિસ્થિતિનો સામનો કરવા માટે સતર્ક રહેવા સૂચના આપી છે. ઉલ્લેખનીય છે કે આજે દિલ્હીમાં રેડ એલર્ડ વચ્ચે ભારે વરસાદ પણ થતાં અનેક રસ્તાઓ બેટમાં ફેરવાઈ ગયા છે.

યમુનાના પાણીના સ્તરમાં વધારો થવાનું મુખ્ય કારણ વઝીરાબાદ અને હાથિનીકુંડ બેરેજમાંથી દર કલાકે મોટી માત્રામાં પાણી છોડવામાં આવી રહ્યું છે.'' આ ઉપરાંત, હરિયાણા અને ઉત્તરાખંડના ઉપરના કેચમેન્ટ વિસ્તારોમાં વરસાદે પણ નદીના પાણીના સ્તરમાં વધારો કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

પૂરની શક્યતાને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્રે તમામ જરૂરી પગલાં લેવાનું શરૂ કરી દીધું છે. સંબંધિત એજન્સીઓને નદી કિનારાના વિસ્તારો પર નજર રાખવા અને કટોકટી માટે તૈયાર રહેવા કહેવામાં આવ્યું છે. દિલ્હીવાસીઓને નદીની આસપાસ સાવધ રહેવા અને વહીવટીતંત્રની સૂચનાઓનું પાલન કરવાની પણ અપીલ કરવામાં આવી છે.

### સેવાનો સંકલ્પ અને સ્નેહનો દોર

# મુખ્યમંત્રીને રાખડી બાંધી બહેનોએ દીર્ઘાયુના આશિર્વાદ પાઠવ્યા



## સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયા, મહિલા ધારાસભ્યઓ અને મહિલા પોલીસકર્મીઓ સહિત મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહી, વૃક્ષારોપણ પણ કરાયું

**અબતક રાજકોટ**

ભાઈ-બહેનના અતૂટ પ્રેમ અને લાગણીના પ્રતીક એવા પવિત્ર રક્ષાબંધન પર્વની ઉજવણી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવી. આ પ્રસંગે, રાજ્યના ખૂણેખૂણેથી આવેલી વિવિધ સમાજ અને સંસ્થાઓની બહેનોએ મુખ્યમંત્રીને રાખડી બાંધીને તેમના દીર્ઘાયુ અને રાજ્યની પ્રજાના કલ્યાણકારી કાર્યો માટે શુભકામનાઓ પાઠવી હતી. આ ઉજવણીએ ભાઈ-બહેનના સંબંધની મીઠાશ અને સામાજિક એકતાની ભાવનાને વધુ મજબૂત બનાવી, જે સમાજ માટે એક પ્રેરણા બની રહી.

આ પવિત્ર પર્વ નિમિત્તે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયા, મહિલા ધારાસભ્યઓ અને મહિલા પોલીસકર્મીઓ સહિત રાજ્યભરની બહેનો મુખ્યમંત્રીના નિવાસસ્થાને પહોંચી હતી. દરેક બહેને અદમ્ય સ્નેહ સાથે મુખ્યમંત્રીને

(અનુ. આઠમા પાને)




### વિવિધ સમાજ અને સંસ્થાનો સહભાગ

આ પાવન પ્રસંગે ગાંધીનગરના ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર મીરાબેન પટેલ, ગાંધીનગર ભાજપ પ્રદેશ મહિલા મોરચાની ટીમ, બ્રહ્માકુમારી સંસ્થાની બહેનો, વિવિધ શાળાઓની વિદ્યાર્થીનીઓ, પ્રજ્ઞાચક્ષુ બહેનો અને દિવ્યાંગ બહેનો સહિત મોટી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો. આ તમામ બહેનોએ ઉત્સાહપૂર્વક મુખ્યમંત્રીને રાખડી બાંધીને આ પર્વની ઉજવણી કરી, જે સમાજના દરેક વર્ગના સહભાગનું પ્રતીક બની રહ્યું.

### ૧૦૦ ફૂટ લાંબી રાખડીનું વિશેષ આકર્ષણ

આ ઉજવણીમાં એક ખાસ આકર્ષણનું કેન્દ્ર અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારની સાધના વિનય મંદિર શાળાના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલી ૧૦૦ ફૂટ લાંબી રાખડી હતી. આ રાખડીમાં ઓપરેશન સિંદૂરની સફળતા અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સુશાસનની સુંદર ઝાંખી રજૂ કરવામાં આવી હતી.

# યશ ફ્રેન્ડ કલબ દ્વારા રક્ષાબંધનની અનોખી ઉજવણી ભાઈવિહોણી બહેનોએ ધારાસભ્યને બાંધી રાખડી

## દસ વર્ષથી ચાલી આવતી પરંપરા મુજબ, યશ ફ્રેન્ડ કલબ દ્વારા ભાઈ વગરની બહેનોને રક્ષાબંધનના પવિત્ર પર્વની ઉજવણી કરવાનો અવસર પૂરો પાડવામાં આવ્યો





**અબતક રાજકોટ**

ભાઈ-બહેનના અતૂટ પ્રેમ અને રક્ષણના પ્રતીક એવા રક્ષાબંધન પર્વની રાજકોટમાં એક અનોખી રીતે ઉજવણી કરવામાં આવી. યશ ફ્રેન્ડ્ કલબ દ્વારા છેલ્લા દસ વર્ષથી ચાલી આવતી પરંપરા મુજબ આ વર્ષે પણ જે બહેનોને ભાઈ નથી તેવી 'ભાઈ વિહોણી બહેનો' માટે એક ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના જનસંપર્ક કાર્યાલય ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં આમંત્રિત બહેનોએ ધારાસભ્ય રમેશ ટીલાળા અને અન્ય ઉપસ્થિત ભાઈઓને રાખડી બાંધીને રક્ષાબંધનના પવિત્ર સંબંધની લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે બહેનોના સન્માનમાં તેમને સાડીની ભેટ પણ આપવામાં આવી હતી.

યશ ફ્રેન્ડ્ કલબના સભ્યોએ જણાવ્યું હતું કે તેમની સંસ્થા માત્ર રાખડી બંધાવીને અટકતી નથી, પરંતુ આખું વર્ષ આ બહેનોનું ધ્યાન રાખવાની જવાબદારી પણ ઉઠાવે છે, જેનાથી તેમને એક પરિવાર જેવું વાતાવરણ મળે છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મુકેશ દોશી અને કલબના તમામ સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



# સોમનાથ મહાદેવને કમળના પૂષ્પનો મનમોહક શ્રૃંગાર



**અબતક,રાજકોટ**

શ્રાવણ શુક્લ ચતુર્દશી પર સોમનાથ મહાદેવને કમળ પુષ્પ શ્રૃંગાર કરવામાં આવ્યો હતો. મહાદેવને કમળના સુંદર પુષ્પોથી અલંકૃત કરવામાં આવ્યા હતા. શાસ્ત્રો અનુસાર કમળનું પુષ્પ ભગવાન શિવને પ્રિય ગણાય છે. ભગવાન વિષ્ણુએ પણ મહાદેવને કમળ પૂજા કરી પ્રસન્ન કર્યા હતા. આ શૃંગારથી ભક્તોને માર્મિક સંદેશ પણ આપવામાં આવ્યો હતો કે કમળ જે કાદવમાં ઉત્પન્ન થાય છે. છતાં તદ્દન શુદ્ધ અને નિર્મળ રહે છે, એવીજ રીતે વ્યક્તિની આસપાસનું વાતાવરણ ભલે ગમે તેટલું દૂષિત થાય પણ વ્યકિત પોતાની આંતરિક નિર્મળતા અને શુદ્ધિ જાળવી રાખે તો તે પણ કમળના પુષ્પની જેમ શિવત્વ પ્રાપ્ત કરે છે.

# બાલક હનુમાનજી મંદિરે રક્ષાબંધન નિમિતે દાદાને રાખડીનો દિવ્ય



**અબતક, રાજકોટ**

શ્રી બાલાજી હનુમાનજી મંદિરે મહાપ્રતાપી શ્રી બાલાજી હનુમાનજી મહારાજના દિવ્ય દરબારમાં પવિત્ર શ્રાવણ માસ તથા પૂનમ અને રક્ષાબંધન સાથે શનિવારના પવિત્ર દિવસે દાદાને રાખડીઓનો દિવ્ય અલૌકિક અને મનમોહક શણગાર કરવામાં આવ્યો છે. આ શણગાર આકર્ષણનું કેન્દ્ર બન્યા છે સવારથી જ ભાવિકોની ભીડ જોવા મળી રહી છે. આજની સંધ્યા આરતીમાં હજારો ભકતો જોડાશે અને દાદાના આ દિવ્ય અદભુત દર્શન કરી ધન્યતાની અનુભૂતિ કરશે

# નિધિ સ્કુલમાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી

## સિંહોના સંરક્ષણ અને વનવિભાગની વિવિધ જવાબદારી અંગે વિદ્યાર્થીઓને અપાયું માર્ગદર્શન



**અબતક,રાજકોટ**

રાજકોટ શહેરમાં આવેલ નિધિ સ્કૂલ દ્વારા દર વર્ષે ૧૦મી ઓગસ્ટના દિવસે સમગ્ર વિશ્વમાં ''વિશ્વ સિંહ દિવસ''ની ઉજવણી કરવામાં આવે છે, એવી રીતે આ વર્ષે પણ ૧૦ મી ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ ''વિશ્વ સિંહ દિવસ'' ની ઉજવણી કરવામાં આવેલ હતી જેમાં ભાગ લઈ વન્યપ્રાણી પ્રત્યે સંવેદનશીલતા પ્રસ્થાપિત થાય તે માટે સાથે મળી આ ઉજવણી કરેલ હતી.

સિહોના સંરક્ષણ અને સંવર્ધન માટે ગુજરાત સરકાર તેમજ વન વિભાગ દ્વારા અનેક વિવિધ પ્રયત્નો કરવામાં આવી રહેલ છે, તેમજ સિંહ સંરક્ષણ માટે આધુનિક ટેકનીક નો પણ ઉપયોગ બહોળા પ્રમાણમાં થઈ રહેલ છે,

આ સંરક્ષણના પ્રયાસોમાં સ્થાનિક લોકોનું પણ અગત્યનું યોગદાન રહેલ છે આ સહિયારા પ્રયાસના ફળ સ્વરૂપે આજે એસએસસી હો ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્રના વિસ્તારોમાં કુદરતી રીતે વિહળતા જોવા મળે છે,ગુજરાત સરકાર અને વન વિભાગ દ્વારા એશિયાઈ સિંહોના સંરક્ષણ અને સંવર્ધન માટે અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને સિંહોની ગતિવિધિ પર નજર રાખવામાં આવે છે,

જે તેમના સંરક્ષણ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આ પ્રયાસોમાં સ્થાનિક લોકોનું યોગદાન પણ અગત્યનું છે, જેમના સહકારથી સિંહ અને માનવ વચ્ચે સંઘર્ષ ટાળી શકાય છે. આ સહિયારા પ્રયાસોના પરિણામે,

આજે સૌરાષ્ટ્રના વિસ્તારોમાં એશિયાઈ સિંહોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે અને તેઓ મુક્તપણે વિહરતા જોવા મળે છે. વર્ષ ૨૦૧૬થી ગુજરાત વન વિભાગ દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે, જેનો હેતુ લોકોમાં સિંહ સંરક્ષણ પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો છે.

''વિશ્વ સિંહ દિવસ'' નિમિત્તે નિધિ સ્કૂલમાં ગીર ફાઉન્ડેશન ગાંધીનગર ના આસિસ્ટન્ટ પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર ભાવેશભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહેલ હતા અને સિંહ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરેલ હતા તેમજ સિહોના સંરક્ષણ માટે આપણી જવાબદારી શું? એના વિશે સમજ પણ આપેલ હતી, આ કાર્યક્રમમાં નિધિ સ્કૂલના ટ્રસ્ટી પ્રિન્સિપાલ તેમજ શિક્ષક ગણ ઉપસ્થિત રહેલા હતા.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં

# બરડા વિસ્તારમાં ગર્જના: ટીંબડીમાં કાલે રાજ્યકક્ષાના વિશ્વ સિંહ દિવસની ઉજવણી

## કેન્દ્રીય વન-પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ અને ગુજરાતના વન મંત્રી મુળુ ભાઈ બેરા ખાસ ઉપસ્થિત રહેશે : સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓમાં પણ 'સિંહ દિવસ'ની ભવ્ય ઉજવણી કરાશે

**અબતક, રાજકોટ**


મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં, કેન્દ્રીય વન-પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ તેમજ ગુજરાતના વન-પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાની વિશેષ ઉપસ્થિતિમાં આવતીકાલે સવારે ૧૦ કલાકે દેવભૂમિ દ્વારકાના ભાણવડ તાલુકાના ટીંબડીમાં કપૂરડી-ઘુમલી રોડ ખાતે રાજયકક્ષાના 'વિશ્વ સિંહ દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે જળ સંપત્તિ મંત્રી કુંવરજી બાવળિયા તેમજ વન-પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશ પટેલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે વન વિભાગ દ્વારા વધુ વિગતો આપતાં કહ્યું છે કે, 'જંગલના રાજા સિંહ' પ્રત્યે નાગરિકોમાં વધુને વધુ જાગૃતિ આવે, તેનું યોગ્ય સંવર્ધન-સંરક્ષણ થાય તેવા ઉમદા હેતુથી ગુજરાત સહિત વિશ્વભરમાં દર વર્ષે તા. ૧૦ ઓગસ્ટના રોજ 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. સમગ્ર દેશમાં એકમાત્ર ગુજરાતમાં વસવાટ કરતાં એશિયાઈ સિંહ એ રાજ્યના ઘરેણા-ગૌરવ સમાન છે. એશિયાઈ સિંહ દેશમાં માત્ર સૌરાષ્ટ્ર વિસ્તારના અંદાજે ૧૧ જિલ્લાઓમાં કુદરતી વાતાવરણમાં મુક્ત રીતે વિહરતા જોવા મળે છે. વન વિભાગના ઉપક્રમે સૌરાષ્ટ્રના જૂનાગઢ,ગીર સોમનાથ, ભાવનગર, રાજકોટ,મોરબી, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા, જામનગર, અમરેલી, પોરબંદર અને બોટાદ એમ કુલ ૧૧ જિલ્લાઓમાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં તેમજ વન મંત્રી મુળુભાઈ બેરા અને રાજ્ય મંત્રી ) મુકેશભાઈ પટેલના સતત માર્ગદર્શનમાં વન વિભાગે ગુજરાતમાં સિંહના સંરક્ષણ-સંવર્ધન માટે અનેકવિધ પ્રયાસો હાથ ધર્યા છે. વિશ્વ સિંહ દિવસની ઉજવણી વર્ષ ૨૦૧૩થી શરૂ કરવામાં આવી છે. ગુજરાતમાં 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણીને વર્ષ ૨૦૧૬માં વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા, વર્ષ ૨૦૧૭માં ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ અને એશિયા બુક ઓફ રેકોર્ડ્સ,વર્ષ ૨૦૧૯માં વર્લ્ડ બુક ઓફ


(અનુ. આઠમા પાને)

### ''સિંહના ભવિષ્યના સુરક્ષિત કરતું ''પ્રોજેક્ટ લાયન''

સિંહોના લાંબા ગાળાના સંરક્ષણ માટે કામ કરવાના સરકારના સંકલ્પ અને પ્રતિબદ્ધતા દર્શાવીને દેશમાં એશિયાટીક સિંહના ભવિષ્યને સુરક્ષિત કરવા ''પ્રોજેક્ટ લાયન''ની જાહેરાત કરી હતી. ભારત સરકારના વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા ૧૦ વર્ષ માટે અંદાજે કુલ રૂ.૨,૯૨૭.૭૧ કરોડનો પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યો છે.







### સાસણમાં સિંહના સંવર્ધન માટે હાઈટેક મોનીટરીંગ કેન્દ્ર વેટરનરી હોસ્પિટલ બનાવાઈ

કેન્દ્ર સરકાર દ્વારા વન્ય પ્રાણીના આરોગ્ય માટે રાષ્ટ્રીય સ્તરનો ''નેશનલ રેફરલ સેન્ટર''નો પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકાર દ્વારા નવા પીપળીયા ખાતે ૨૦.૨૪ હેક. જમીન ફાળવણી પણ કરવામાં આવી છે જેનું કામ હાલમાં પ્રગતિમાં છે. સાસણ ખાતે ગીર વિસ્તારના વન્ય પ્રાણીઓના મોનીટરીંગ માટે એક હાઈટેક મોનીટરીંગ કેન્દ્ર તેમજ વેટરનરી હોસ્પિટલ બનાવવામાં આવી છે.

# ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સિરીઝમાં કુલદીપ યાદવ એક્સ ફેક્ટર સાબિત થયો હોત: રિકી પોન્ટિંગ

## વિદેશી ધરતી પર, જ્યાં પીચો સ્પિનરો માટે ઓછી મદદરૂપ હોય છે, ત્યાં કુલદીપની વેરિએશન અને ગુગલી નિર્ણાયક સાબિત થઈ શકે તેમ હતી, ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટ્નને કુલદીપને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન ન મળતા ટીમ મેનેજમેન્ટ પર સવાલો ઉઠાવ્યા



**અબતક, નવી દિલ્હી**

ભારતીય ક્રિકેટ ટીમે તાજેતરમાં ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રેણીમાં ટીમની પસંદગીને લઈને ઘણી ચર્ચાઓ થઈ રહી છે. ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગે ભારતની ટીમ પસંદગી પર સવાલ ઉઠાવ્યા છે, ખાસ કરીને ચાઈનામેન સ્પિનર કુલદીપ યાદવને ટીમમાં સામેલ ન કરવાના નિર્ણય પર તેમનું માનવું છે કે કુલદીપ યાદવ એ એક્સ-ફેક્ટર હતો, જે ભારતીય ટીમને શ્રેણીમાં નોંધપાત્ર ફાયદો આપી શક્યો હોત.

કુલદીપ યાદવ, જે ડાબા હાથના રિસ્ટ-સ્પિનર તરીકે જાણીતા છે, તેમની અનોખી બોલિંગ શૈલી માટે પ્રખ્યાત છે. તેમની ચાઈનામેન બોલિંગ બેટ્સમેનો માટે હંમેશા એક પડકાર રહી છે, કારણ કે તે બોલને બંને દિશામાં સ્પિન કરાવવામાં નિપુણ છે. ખાસ કરીને વિદેશી ધરતી પર, જ્યાં પીચો સ્પિનરો માટે ઓછી મદદરૂપ હોય છે, ત્યાં કુલદીપની વેરિએશન અને ગુગલી ઘણીવાર નિર્ણાયક સાબિત થઈ શકે છે. પોન્ટિંગે આ વાત પર ભાર મૂક્યો કે કુલદીપની હાજરી ભારતીય બોલિંગ લાઈન-અપને વધુ ઘાતક બનાવી શકી હોત.

ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રેણીમાં ભારતે અનુભવી સ્પિનરો રવિન્દ્ર જાડેજા પર વધુ ભરોસો રાખ્યો હતો. જોકે, શ્રેણી દરમિયાન ભારતીય બોલિંગ આક્રમણ કેટલીકવાર નિષ્પ્રભ દેખાયું, અને ખાસ કરીને ઈંગ્લેન્ડના બેટ્સમેનો સ્પિન બોલિંગ સામે આરામથી રમતા જોવા મળ્યા. પોન્ટિંગનું માનવું છે કે કુલદીપનો સમાવેશ ટીમને એક નવો બોલિંગ વિકલ્પ આપી શક્યો હોત, જે ઈંગ્લેન્ડના બેટ્સમેનોને આશ્ચર્યચકિત કરી શકે તેમ હતો.

રિકી પોન્ટિંગે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, કુલદીપ યાદવ જેવો ખેલાડી ટીમમાં હોવો જોઈએ, કારણ કે તેની પાસે એવી ક્ષમતા છે કે જે મેચનું પરિણામ બદલી શકે છે. ભારતે તેના જેવા ખેલાડીને બહાર રાખીને મોટી ભૂલ કરી. તેમણે વધુમાં ઉમેર્યું કે, ઈંગ્લેન્ડની પીચો પર, જ્યાં સ્પિનરોને ઓછી મદદ મળે છે, ત્યાં કુલદીપની વેરિએશન અને અણધારી બોલિંગ શૈલી ભારત માટે ટર્નિંગ પોઈન્ટ બની શકી હોત.

# ટીમ ઈન્ડિયાના ત્રણ ક્રિકેટરો ગમે ત્યારે સંન્યાસ લેવાની જાહેરાત કરી શકે !!!

**અબતક,નવી દિલ્હી**

લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલથી લઈને બેટ્સમેન અજિંક્ય રહાણે માટે ટીમ ઈન્ડિયામાંથી ફરીથી જગ્યા બનાવવી મુશ્કેલ થઈ રહ્યું છે. ભારતના ૫ ખેલાડી એવા છે, જે કોઈ પણ સમયે સંન્યાસની જાહેરાત કરી શકે છે. ભારતીય ક્રિકેટમાં દિવસેને દિવસે પ્રતિસ્પર્ધા વધી રહી છે. ફરી એક વાર જો કોઈ ખેલાડી કોઈ કારણસર ટીમમાંથી બહાર થઈ રહ્યો છે તો તેના માટે ટીમ ઈન્ડિયામાં વાપસી મુશ્કેલ છે. આ જ ખેલાડીમાં ચહલ, ચેતેશ્વર પૂજારા અને અજિંક્ય રહાણે સામેલ છે. આ ત્રણેય ખેલાડી ટીમ ઈન્ડિયામાં વાપસીના ભરપૂર પ્રયાસ કરી રહ્યા છે, પણ ટીમમાં તેમને જગ્યા મળી રહી નથી. આ ખેલાડીઓ પાસે સંન્યાસ ઉપરાંત કોઈ અન્ય વિકલ્પ નથી રહ્યો.

૩૫ વર્ષીય લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલ ટીમ ઈન્ડિયામાં વાપસીને કાઉન્ટી ક્રિકેટ રમી રહ્યો છે. ચહલ હાલમાં લંડનમાં કાઉન્ટી ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન કરી રહ્યો છે, તેમ છતાં પણ તેને ટીમમાં જગ્યા મળતી નથી. છેલ્લા બે વર્ષથી ચહલ ટીમ ઈન્ડિયામાંથી બહાર છે. તો વળી ટી૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેવાના મામલામાં બીજો ભારતીય બોલર છે. વધતી ઉંમરના કારણે ચહલની નેશનલ ટીમમાં વાપસી મુશ્કેલ છે. સ્પિનર ચહલ ૭૨ વન ડેમાં ૧૨૧ વિકેટ લઈ ચૂક્યો છે, જ્યારે ૮૦ ટી૨૦માં ૯૬ વિકેટ તેના નામ પર છે.

ચેતેશ્વર પૂજારા ૩૭ વર્ષનો થઈ ચૂક્યો છે. તે સતત ટીમમાંથી ઈગ્નોર થઈ રહ્યો છે. ઈંગ્લેન્ડમાં જ્યાં ભારતીય ટીમ ટેસ્ટ મેચ રમી રહી હતી, ત્યાં પૂજારા બેટની જગ્યાએ હાથમાં માઈક લઈને બેઠેલો જોવા મળે છે. આ સિરીઝમાં તે કોમેન્ટ્રી કરી રહ્યો હતો. વધતી ઉંમર અને મેદાનથી દૂર, કહી શકાય છે કે પૂજારા પણ સંન્યાસ તરફ આગળ વધી રહ્યો છે. તે કોઈ પણ સમયે જાહેરાત કરી શકે છે. પૂજારાએ ૧૦૩ ટેસ્ટ મેચમાં ૧૯ સદી સહિત ૭૧૯૫ રન બનાવ્યા છે.

અજિંક્ય રહાણે પણ પૂજારાની માફક ટીમ ઈન્ડિયામાંથી બહાર છે. રહાણે ટેસ્ટ ટીમના ઉપ કપ્તાન રહી ચૂક્યો છે. રહાણે ૩૭ વર્ષનો થયો છે. તેણે ભારત તરફથી ૮૫ ટેસ્ટ મેચમાં ૫૦૭૭ રન બનાવ્યા છે. રહાણે ટેસ્ટ મેચમાં ૧૨ સદી પણ લગાવી ચૂક્યો છે. જ્યારે ૯૦ વન ડેમાં તેના નામે ૩ સદી છે. રહાણેને સતત ટીમમાંથી નજરઅંદાજ કરવામાં આવી રહ્યો છે. તેને પણ ટીમ ઈન્ડિયામાં ફરી વાર જગ્યા મળવી મુશ્કેલ છે. રહાણેએ છેલ્લે ટીમ ઈન્ડિયા તરફથી ૨૦૨૩માં રમ્યો હતો.

# ભણવાનું મૂકે તે પહેલા રિષભ પંતે વિદ્યાર્થીની ૪૦ હજાર રૂપિયા ફી ભરી દીધી





**અબતક,બેંગલૂરુ**

ક્રિકેટના મેદાન પર દૃઢ સંકલ્પથી રમવા માટે જાણીતો રિષભ પંત જરૂરતમંદને મદદ કરવામાં પણ પાછળ નથી પડતો એનું ઉદાહરણ કર્ણાટક રાજ્યના એક ખૂણાના નાના ગામમાંથી મળ્યું છે, કારણકે એ ગામની એક વિદ્યાર્થિનીને પંતે ફર્સ્ટ-યર ડિગ્રીના ભણતર માટે જરૂરી ૪૦,૦૦૦ રૂપિયાની ફી ભરી દીધી હતી.કર્ણાટકના વિજયપુરા જિલ્લાના બિલાગી તાલુકાના રબાકવી ગામની જ્યોતિ કાનાબુર નામની સ્ટુડન્ટે પીયુ કોમર્સની પરીક્ષામાં ૮૩ ટકા માર્ક્સ મેળવ્યા હતા, પરંતુ આર્થિક તંગીને કારણે તે આગળ ન ભણવા નક્કી કરી રહી હતી.

તેનો પરિવાર આ ગામમાં ખાવાની અમુક વાનગીઓનો એક સ્ટોલ ચલાવે છે અને મહિને માંડ ૧૫,૦૦૦ રૂપિયા કમાય છે. તેમણે ગમે એમ કરીને ગામવાસીઓ પાસેથી પુત્રીના ભણતર માટે ૪૦,૦૦૦ રૂપિયા એકઠાં કર્યા હતા અને ડિગ્રી કોલેજમાં ભરી દીધા હતા.

જોકે આ પરિવારે સ્થાનિક કોન્ટ્રેક્ટર અને કાનાબુર પરિવારના હિતેચ્છુ અનિલ હુનાશિમટ્ટીનો પણ સંપર્ક કર્યો હતો અને ધારવાડમાં ક્રિકેટર કે. એલ. રાહુલે એક વિદ્યાર્થીને આર્થિક મદદ કરી હોવાનું તેમણે (પરિવારે) સાંભળ્યું હતું એટલે તેમણે અનિલને વિનંતી કરી હતી કે કોઈ ક્રિકેટર તેમની પુત્રીને મદદ કરી શકે?

અનિલ થોડા દિવસમાં કેટલાક સંપર્કોની મદદથી રિષભ પંત સાથે નજીકનો સંબંધ ધરાવતી એક વ્યક્તિને મળ્યા હતા અને જ્યોતિની આર્થિક મુશ્કેલીની વાત પંત સુધી પહોંચાડી હતી. પંતે જ્યોતિ માટેની ૪૦,૦૦૦ રૂપિયાની ફી તરત મોકલી આપી હતી.જામખન્ડી ખાતેની ટીજીપી સાયન્સ કોલેજ સાથે જ્યોતિ સંકળાયેલી છે અને એ કોલેજને ઑડિટ દરમ્યાન ધ્યાનમાં આવ્યું કે જ્યોતિની ફી બે વખત ભરવામાં આવી છે. એમાંની પ્રથમ ફી ગામવાસીઓના ભંડોળની મદદથી અને બીજી ફી રિષભ પંત તરફથી આવી હતી.કોલેજના સંચાલકોએ ૪૦,૦૦૦ રૂપિયાની રકમ જ્યોતિને પાછી મોકલી આપી હતી. પંત તરફથી મોકલવામાં આવેલી ફી રાખ્યા બાદ કોલેજે રાખી હતી. કોલેજના વહીવટકારે મીડિયાને જણાવ્યું હતું કે 'અમે દર વર્ષે કુલ ૭૦ જરૂરતમંદ વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓને મફત શિક્ષણ આપીએ જ છીએ.જો જ્યોતિએ અમારો સીધો સંપર્ક કર્યો હોત તો અમે ત્યારે જ તેની ફી માફ કરી દીધી હોત.' દરમ્યાન કોલેજના સત્તાધીશોએ પંતને જ્યોતિની ફી ભરવા બદલ આભાર વ્યક્ત કરતો પત્ર મોકલ્યો હતો.

# ફૂટબોલર્સ મેચ હાર્યા એટલે તોફાની ચાહકોએ કરી તોડફોડ, ચારની ધરપકડ



**અબતક, સેવિલ**

કોઈ પણ રમતમાં, ખાસ કરીને ટીમ-ગેમમાં જો પરાજય થયો હોય તો તોફાની રમતપ્રેમીઓનો એક વર્ગ પરાજિત ખેલાડીઓ પર હુમલો કરીને કે તેઓ જે સ્થળે હોય ત્યાં તોડફોડ કરીને આક્રોશ ઠાલવતા હોય છે.

ક્રિકેટમાં આવું ઘણી વાર બન્યું છે, ખાસ કરીને ભારતમાં આવા કેટલાક કિસ્સા બની ચૂક્યા છે અને ફૂટબોલ ની રમત તો આવા તોફાનો માટે પંકાયેલી છે.

ખુદ ખેલાડીઓ જ જ્યારે મેદાન પર હરીફ પ્લેયરને લાત મારતા હોય તો ફેન્સના વાંક ક્યાં કાઢવા. બન્યું એવું કે સ્પેનના શહેર સેવિલ માં ૧૦મી મેએ સેવિલ ફૂટબોલ ક્લબની ટીમના પ્લેયર્સ જ્યાં પ્રેક્ટિસ કરી રહ્યા હતા ત્યાં કેટલાક તોફાનીઓએ હુમલો કર્યો હતો. આ ઘટના સંબંધમાં ચાર તોફાનીઓની ધરપકડ કરવામાં આવી છે.

સેવિલની ટીમ સેલ્ટા વિગો સામે ૨-૩થી પરાજિત થઈ ત્યાર બાદ સેવિલ તરફી કેટલાક લોકો પ્રેક્ટિસ તથા ટ્રેઈનિંગ માટેના સ્થળે ગયા હતા અને ત્યાંની માળખાકીય સગવડો તોડી-ફોડી નાખી હતી.

એ દિવસે સેવિલના ખેલાડીઓની બસ ઘટનાસ્થળે આવી કે તરત તોફાનીઓ તેમના પ્રેક્ટિસ સેન્ટર પર ધસી ગયા હતા અને લોખંડનો ગેટ તોડી નાખ્યો હતો તેમ જ સેન્ટરની અંદરની પ્રોપર્ટીને પણ નુકસાન પહોંચાડ્યું હતું.

જે લોકોએ હુમલો કર્યો હતો તેઓ બુકાની બાંધીને મોં ઢાંકીને આવ્યા હતા. તેઓ હુમલો કર્યા પછી નાસી ગયા હતા. જોકે પોલીસને તપાસ શરૂ કર્યા બાદ હવે તેમાંના ચાર જણની ધરપકડ કરવામાં સફળતા મળી છે.

સેવિલ ક્લબના આયોજકોએ આ ઘટનાને ફૂટબોલપ્રેમીઓની ગુંડાગીરી તરીકે ઓળખાવી હતી. પોલીસની તપાસ હજી ચાલુ જ છે. પકડાયેલા લોકો કોણ છે અને તેમની સામે શું આરોપ મુકાશે તેમ જ અદાલતમાં તેમને ક્યારે લાવવામાં આવશે એની જાણકારી નહોતી મળી શકી.



# પાકિસ્તાની ક્રિકેટર હૈદર અલીએ મેન્ચેસ્ટરમાં બળાત્કાર કર્યો... પોલીસે તપાસ શરૂ કરી

**અબતક, મેન્ચેસ્ટર**

પાકિસ્તાનના ક્રિકેટરો ઈંગ્લેન્ડમાં પોતાને તેમ જ પોતાના દેશને બદનામ કરતા હોય એ કોઈ નવી વાત નથી. થોડા વર્ષો પહેલાં સ્પોટ-ફિક્સિંગને કારણે ભૂતપૂર્વ કેપ્ટન-બેટ્સમેન સલમાન બટ તેમ જ ફાસ્ટ બોલર મોહમ્મદ આસિફના રમવા પર પ્રતિબંધ મુકાયો હતો અને આ કરતૂતને લીધે જ તેમની કરીઅર બરબાદ થઈ ગઈ હતી અને હવે ૨૪ વર્ષીય બેટ્સમેન હૈદર અલી એ એવી હરકત કરી છે કે તેના દેશને કલંક તો લગાડ્યો જ છે, તેના ક્રિકેટ બોર્ડે તેને તાબડતોબ સસ્પેન્ડ કરી નાખ્યો છે.

પાકિસ્તાન વતી ૨૦૨૦થી ૨૦૨૩ દરમ્યાન બે વન-ડે અને ૩૫ ટી-૨૦ મેચ રમનાર મિડલ-ઑર્ડરના રાઈટ-હેન્ડ બેટ્સમેન હૈદર અલીએ આ વર્ષે બુધવાર, ૨૩મી જુલાઈના રોજ મેન્ચેસ્ટર ની એક ઈમારતમાં (કદાચ કોઈ હોટેલમાં) એક મહિલા પર બળાત્કાર ગુજાર્યો હોવાનો તેના પર આરોપ છે.

મેન્ચેસ્ટર પોલીસે હૈદર અલીની ધરપકડ કરી છે અને આ કેસ સંબંધમાં વધુ તપાસ થઈ રહી છે. હૈદર જુલાઈ મહિનામાં પાકિસ્તાન શાહીન્સ નામની ટીમ વતી ઈંગ્લેન્ડમાં રમવા આવ્યો હતો એ અરસામાં આ ઘટના બની હોવાનું મનાય છે.

હૈદર અલી ઑક્ટોબર, ૨૦૨૨માં મેલબર્નમાં ભારત સામે એક ટી-૨૦ રમ્યો હતો જેમાં હાર્દિક પંડ્યાએ તેને તેના માત્ર બે રનના સ્કોર પર સૂર્યકુમાર યાદવના હાથમાં કેચઆઉટ કરાવ્યો હતો. ભારતે ટી-૨૦ વર્લ્ડ કપની એ મેચ ચાર વિકેટે જીતી લીધી હતી.હૈદરને મેન્ચેસ્ટરમાં જામીન મળી ગયા છે, પરંતુ તેની વિરુદ્ધ સઘન તપાસ ચાલી રહી છે. દરમ્યાન પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)એ તેને સસ્પેન્ડ કર્યો છે.જોકે ક્રિકેટ બોર્ડે એવું પણ જણાવ્યું છે કે ઈંગ્લેન્ડમાં પીસીબી તરફથી હૈદરને કાનૂની લડાઈ સંબંધમાં પૂરો સપોર્ટ મળશે. પીસીબીની યાદીમાં જણાવાયું હતું કે 'હૈદર સામેના કેસ વિશેની કાનૂની પ્રક્રિયા પૂરી થશે અને તમામ હકીકતો સ્થાપિત થઈ જશે ત્યારે એને આધારે પીસીબી આચારસંહિતાને ધ્યાનમાં લઈને યોગ્ય લાગશે તો જરૂરી પગલાં ભરશે.'

# દ્વાદશ જ્યોતિર્લિંગ નાગેશ્વર ધામ: ભોળાનાથે રાક્ષસોનો નાશ કરી કર્યું ભક્તોનું રક્ષણ

## શિવપુરાણ અને રૂદ્ર સંહિતામાં પણ આ પવિત્ર સ્થળનો ઉલ્લેખ છે: દારૂકાવનની કથા અને રાજા સુપ્રિયની ભક્તિનું સાક્ષી



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

પ્રકૃત્તિના સાંનિધ્યમાં બિરાજમાન બાર જ્યોતિર્લિંગોમાં નાગેશ્વર જ્યોતિર્લિંગનું સ્થાન બારમુ છે. નાગેશ્વર જ્યોતિર્લિંગ દ્વારકાથી ૧૬ કીમીના અંતરે આવેલું છે. શિવપુરાણની રૂદ્રસંહિતામાં આ મંદિરને દારૂકાવને નાગેશં કહેવામાં આવ્યું છે. કહેવાય છે કે અહીં પહેલા એક દારૂક નામનો રાક્ષસ હતો જે શિવપુજા અને ધર્મનો વિરોધી હતો. તેના આતંકથી કંટાળીને રાજા સુપ્રીયએ ભગવાન ભોળાનાથની આરાધના કરી હતી. તેમની આકરી તપસ્યાથી ભોળાનાથે તેમને દર્શન આપ્યા હતા. ત્યારબાદ જગતના કલ્યાણ માટે ભગવાન શિવ નાગેશ્વરના રૂપમાં સ્વયંભૂ પ્રગટ થયા અને દૈત્ય દારૂકનો વધ કર્યો હતો. એટલે જ કહેવાય છે કે જે માણસ શ્રદ્ધાપૂર્વક આ જ્યોતિર્લિંગના દર્શન કરે છે તથા ઉત્પતિ અને મહાત્મ્યની કથા સાંભળે છે

તે બધા પાપોમાંથી મુક્ત થઈને બધા સુખોનો ભોગ કરે છે અને અંતમાં ભગવાન શિવના પરમ પવિત્ર દિવ્ય ધામને પ્રાપ્ત કરે છે. અન્ય એક દંતકથા મુજબ કૃષ્ણ ભગવાનના સારથીનું નામ દારૂક હતું અને આ ભૂમિ ભગવાને દારૂકને બક્ષીસ આપી હતી એટલે પણ નાગેશ્વર જ્યોતિર્લિંગ જ્યાં આવેલ છે તે વિસ્તાર દારૂકાવન તરીકે ઓળખાય છે.

યાત્રાધામ દ્વારકાપુરીની યાત્રાએ આવતા યાત્રિકો શ્રી નાગેશ્વર મહાદેવના દર્શનાર્થે અવશ્ય પધારે છે. હાલમાં શંકર ભગવાનની ભક્તિ કરવા માટેનો સર્વોતમ એવા પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થઈ ગયેલ હોય યાત્રિકો તથા શિવભક્તો મોટી સંખ્યામાં અહીંયા વાહનો દ્વારા તેમજ પગપાળા કરીને દર્શનાર્થે આવે છે. હરિ કહેતા હર ભગવાન શ્રીકૃષ્ણ અને હર કહેતા મહાદેવ શિવજી આ બંને ઉપાસક અને ઉપાસ્ય એવા આ મહા યોગેશ્વરના દર્શન કરીને બાર જ્યોતિર્લિંગમાં એક એવા 'નાગેશં તુ દારૂકાવને' બિરાજતા શિવજી આપણું સૌનું કલ્યાણ કરે.




થોડા વર્ષો પહેલા સુધી નાગેશ્વર જ્યોતિર્લિંગ એક નાની દેરી જેવા મંદિરમાં જ વિધમાન હતું. ભારતમાં ઓડિયો કેસેટ ક્ષેત્રે ક્રાંતિ લાવનારા સુપર કેસેટ્સ ઈન્ડસ્ટ્રીઝના માલીક સ્વ.ગુલશન કુમારે આ મંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય ૧૯૯૬ માં શરૂ કરાવ્યું. આ વચ્ચે તેમનું મૃત્યું થઈ જવાને કારણે એમના પરિવારે આ મંદિરનું કાર્ય પૂર્ણ કરાવ્યું હતું. વર્ષ ૨૦૦૨માં નાગેશ્વર જ્યોતિર્લિંગના નવનિર્મિત મંદિરનું કાર્ય સંપૂર્ણ થયું. મંદિરના નિર્માણમાં લગભગ ૧.૨૫ કરોડનો ખર્ચ થયો હતો જે ગુલશન કુમાર ચે.ટ્રસ્ટે આપ્યો હતો. નાગેશ્વર જ્યોતિર્લિંગનું હાલનું મંદિર ઘણું જ વિશાળ છે. મુખ્ય મંદિરની (અનું.આઠમાં પાને)

## દારૂકાવનમાં આવેલું જ્યોતિર્લિંગ - હાલનું નાગેશ્વર ધામ

હિન્દુ ધર્મ અનુસાર નાગેશ્વરનો અર્થ થાય નાગ (સાપ)ના ઈશ્વર, જે વિષ આદિથી બચવાનો સાંકેતિક પણ છે. રૂદ્ર સંહિતામાં આ ભગવાનને દારુકાવને નાગેશં કહેવામાં આવ્યા છે. દ્વાદશ જ્યોતિર્લિંગમાં ભૌગોલિક સ્થાન અંગેના શ્લોકમાં નાગેશં દારુકાવનનો ઉલ્લેખ આવે છે. આ દારુકાવનમાં આવેલું જ્યોતિર્લિંગ એટલે ગુજરાતના દ્વારકાથી ૧૬ કિમીના અંતરે આવેલું નાગેશ્વર જ્યોતિર્લિંગ. દ્વારકામંદિરથી બેટ દ્વારકા જતાં રસ્તામાં જ આવે છે.




મુખ્ય મંદિરથી ત્રણ કિલોમીટર દૂર ગોપી તળાવ છે. આ તળાવમાં પીળા રંગની માટી છે, જેને ગોપીચંદ કહેવામાં આવે છે. અહીં નજીકમાં જ ધર્મશાળ પણ છે. જેમાં નાગેશ્વર મંદિરે આવેલા શ્રદ્ધાળુઓ માટે રહેવાની વ્યવસ્થા છે. આ ઉપરાંત આ ઉપરાંત અહીં ગોપીનાથજીનું મંદિર તથા વલ્લભાચાર્યજીની બેઠક તથા રાધા-કૃષ્ણનું મંદિર પણ આવેલું છે. આ ઉપરાંત અહિં આવળ માતાજીનું જૂનું મંદિર, નાગેશ વાટિકા, મોમાઈ ધામ સહિતના સ્થળોએ પણ ભાવિકો તથા સહેલાણીઓ મોટી સંખ્યામાં મુલાકાત લે છે. પાસે જ નાગેશવન પણ દર્શનીય સ્થળ છે.

## નાગેશ્વર જ્યોતિર્લિંગનો ઈતિહાસ



પ્રાચીનકાળમાં પશ્ચિમ સમુદ્રના કિનારે દારૂક નામનું એક વન હતું, જેમાં દારૂકા નામની રાક્ષસી તેના પતિ સાથે રહેતી હતી. દારૂકાએ દેવી પાર્વતીને પ્રસન્ન કરીને તેમની પાસે વરદાન પ્રાપ્ત કર્યુ. વરદાન મેળવીને દારૂકાને ઘણું જ અભિમાન આવી ગયું. દારૂકા રાક્ષસી સોળ યોજન વનમાં રહેતી હતી. સમુદ્રના રસ્તે જતા વટેમાર્ગુઓ કે પ્રવાસીઓને દારૂકા પકડીને લૂંટી લેતી અથવા મારી નાખતી. એક વખત દારૂકા રાક્ષસીએ નૌકાઓના એક મોટા કાફલાને પકડીને તમામને કેદી બનાવ્યા. આ કાફલામાં સુપ્રિય નામનો એક વણિક પણ હતો. સુપ્રિય ભગવાન શિવનો પરમભક્ત હતો અને જેલમાં પણ શિવજીના પાર્થિવ લિંગની પૂજા કરતો હતો. સુપ્રિયે બીજા કેદીઓને પણ મંત્રોથી શિવજીની પૂજા કરતાં શિખવ્યું. પરિણામ સ્વરૂપ તમામ કેદીઓ શિવપૂજા કરવા લાગ્યા. સુપ્રિયને શિવજી પર અપાર શ્રદ્ધા હતી. સુપ્રિય હંમેશા તેના સાથીઓને કહેતો કે જેલમાં રહેવાનું થયું તેમાં પણ શિવજીની કૃપા છે. આથી પ્રેમથી શિવજીનું ભજન અને પૂજન કરો. શિવજીની શ્રદ્ધાથી ભક્તિ કરવાથી સારું જ પરિણામ આવશે. દારૂકા રાક્ષસીએ બંદિવાન બનાવેલા લોકો કેદખાનામાં સુખેથી રહેવા લાગ્યાં. એ સમયે એક ઘટના બની. સુપ્રિય જયારે શિવજીનું પૂજન કરી રહ્યો હતો ત્યારે તેને શિવજીનું સુંદર રૂપ દેખાયું. જેલની ચોકી કરી રહેલા એક રાક્ષસે પણ આ જોયું અને તેણે દારુકાને વાત કરી. તમામ રાક્ષસ સૈનિકો કેદખાનામાં એકત્ર થઈ ગયા અને સુપ્રિયને પૂછ્યું કે, સાચું બોલ તું કોની પૂજા કરે છે? જો તું સાચું નહીં બોલે તો તેને મારી નાખીશું. (અનું.આઠમાં પાને)

# આદિત્યાણા નજીકથી દેશી દારૂની ફેક્ટરી ઝડપાઈ, પાંચ બુટલેગર ફરાર : ત્રણ બાળ આરોપીની ધરપકડ

## એસ એમ સી એ દરોડા ૧૪૯૦ લીટર દેશી દારૂ, ૪૪૦૦લીટર આથો, મોબાઈલ અને બાઈક મળી ૪.૫૪ લાખનો મુદ્દામાલ કબજે

**અબતક, રાજકોટ**

ગાંધીની જન્મભૂમિ જિલ્લામાં દારૂની વેલમ છેલમ હોવાની માહિતીના આધારે સ્ટેટ મોનિટરિંગ આદિત્યાણા નજીક દરોડો પાડી દેશી દારૂની ફેક્ટરી ઝડપી પાડી છે. ૧૪૯૦ લીટર દેશી દારૂ ૪૪૦૦ લિટર આથો ત્રણ મોબાઈલ અને બાઈક મળી રૂપિયા ૪.૫૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. દરોડા દરમિયાન નાસી છૂટેલા પાંચ શખ્સોની શોધખોળ હાથ ધરવામાં આવી છે. પોલીસે મોબાઈલ નંબરના આધારે દેશી દારૂના મૂળ સુધી પહોંચવા તજવીજ હાથ ધરી છે. વધુ વિગત મુજબ ગાંધીના ગુજરાતમાં દારૂબંધીનો કડક અમલ કરવા રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયએ આપેલી સુચના ને પગલે સ્ટેટ મોનિટરિંગ સેલના વડા નિલીપ્ત



રાય ના માર્ગદર્શન હેઠળ સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે પોરબંદર જિલ્લાના રાણાવાવ તાલુકાના આદિત્યાણા કડવાલી વિસ્તારમાં કિશોર સાજણ અને સરમણ પોલા નામના બુટલેગર દેશી દારૂની ભઠ્ઠી ચલાવતા હોવાની મળેલી બાતમીના આધારે પીએસઆઈ એસવી ગળચર સહિતના સ્ટાફે દરોડો પાડયો હતો દરોડા દરમિયાન નાશ ભાગ મચી જવા પામી હતી. ત્રણ બાળ આરોપીને ઝડપી લઈ ૧૪૯૦ લીટર દેશી દારૂ ૪૪૦૦ લિટર હાથો ત્રણ મોબાઈલ એક બાઈક મળી ૪.૫૫ લાખનો મુદ્દા માલ કબજે કર્યો છે. ઝડપાયેલા બાળ આરોપીની પ્રાથમિક પૂછપરછ માં આ દારૂની ભઠ્ઠી કિશોર સાજણ સરમણ પોલા સહિત બંને લિસ્ટ બુટલેગરો દ્વારા ચલાવતા હતા તેમજ ચિરાગ જેઠવા રબારી પાલા ભાલા રબારી સહિત પાંચ શખ્સો નાસિ છુટતા તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

# બોટની નુકસાનીની રકમ મંજુર કરવા લીધેલી લાંચના ગુનામાં ફીશરીઝ અધિકારી નિર્દોષ

## અદાલતમાં ટ્રાયલ દરમિયાન રજૂ થયેલા પુરાવા અપૂરતા હોવાનું ઠેરવી અદાલતે આરોપીને નિર્દોષ છોડી મૂકવા કર્યો હુકમ

**અબતક રાજકોટ**

જામનગર જિલ્લામાં ૧૯૯૮ માં આવેલ દરિયાઈ તોફાનમાં માછીમારો ની ફિશિંગ બોટ અને જાળ માં મોટાપાયે નુકસાન થયું હતું અને સરકારે ૫૦% સબસીડી જાહેર કરી હતી. આ માટે ફીશરીઝવિભાગમાં રજૂ થયેલા બિલ મંજૂર કરાવવા માટે ફીસરીઝ અધિકારીએ લાંચ લેવાના કેસમાં પુરાવાઓના અભાવે ફીસરીઝ અધિકારીને અદાલતે નિર્દોષ જાહેર કર્યો હતો.આ અંગે પ્રાપ્ત વિગત મુજબ ૧૯૯૮ ના ભાવનગરના દરિયાકાંઠે તોફાનમાં માછીમારોની બોટ અને માછલી પકડવાની જાળમાં નુકસાન થયા ના મામલે સરકારી ૫૦ સબસીડી અને સહાય માટે રજૂ થયેલા બિલ બોગસ હોવાનું જણાવી ફીસરીઝ અધિકારી દલસુખભાઈ મહેતાએ બિલો મંજૂર કરવા લાંચની રકમ માંગી હોવાનો આક્ષેપ થયો હતો અને લાંચ લીધી હોવાનું અધિકારીએ ફરિયાદ કરી હતી. આ ફરિયાદના પગલે તપાસનીશ અધિકારીઓએ એજન્સી અને અન્ય સ્વાયત સાહેદોના નિવેદનો લઈ કેસની ફાઈલ તૈયાર કરી હતી. પરંતુ અદાલતમાં ટ્રાયલ દરમિયાન ફરિયાદ અને આરોપી ઉપર થયેલા આક્ષેપ અનુસાર કોઈ પુરાવો ફરિયાદ પક્ષ રજૂ કરી શક્યા ન હતા. વળી જે પુરાવાઓ રેકોર્ડ પર હતા તે કોઈ પણ સંજોગોમાં પૂરતા ન હોવાનું અદાલતે સ્વીકારી આરોપી પક્ષે લાંબી દલીલો બાદ સ્પેશિયલ જજ એસ સી વેમુલા એ આરોપીને નિર્દોષ છો ડી મુકવાનો હુકમ કર્યો હતો આ કેસમાં બચાવ પક્ષ તરફ વકીલ અશ્વિનભાઈ બી મકવાણા રોકાયા હતા.

# ગોકુલનગરના વેપારી પરિવારની ૧૬ વર્ષીય પુત્રી ભેદી રીતે લાપતા

## માલવિયાનગર પોલીસ મથકમાં અપહરણની કલમો હેઠળ ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

ગોકુલનગરમાંથી વેપારીની ૧૬ વર્ષીય સગીર પુત્રી ભેદી રીતે ગુમ થતાં માલવીયાનગર પોલીસે અપહરણની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

બનાવ અંગે ૧૫૦ ફૂટ રીંગરોડ પર ગોકુલનગર મેઈન રોડ પર રહેતાં ૪૨ વર્ષીય વેપારીએ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ તેની પત્ની અને સંતાનો સાથે રહે છે. સંતાનોમાં એક દિકરો વિવેક અને ત્રણ દિકરી છે. જેમાં મોટી પુત્રી ૧૬ વર્ષની છે.

ગઈ તા.૧૧ નાસાંજના આશરે સાતેક વાગ્યે ગોકુલનગર શેરીમાં આવેલ તેમના કારખાને હતાં અને ત્યાં જ રહેવા માટેની વ્યવસ્થા છે. તેઓ કામ પુરૂ કરી રહેવાના સ્થળે ગયેલ હતો તો સાથે રહેતી મારી દિકરી જોવા મળેલ નહીં, જેથી તેમને થયેલ કે, તે તેના કામથી બહાર ગયેલ હશે, પરંતુ ઘણો સમય લાગતા દિકરી ઘરે આવી નહિં, જેથી આજુબાજુમાં શોધખોળ કરેલ પરંતુ મળી આવેલ નહીં, જેથી તેઓએ નાનાભાઈને ફોન કરીને જાણ કરેલ કે, મારી દિકરી ઘરે નથી વાત કર્યા બાદ પરિવારે આજુબાજુ તેમજ સગા સંબંધીને ત્યાં તપાસ કરેલ પરંતુ આજ સુધી મળી આવેલ નથી. જેથી કોઈ અજાણ્યો શખ્સ તેમની પુત્રીને લલચાવી ફોસલાવી અપહરણ કરી નાસી છુટેલ છે.બના અંગેની ફરિયાદ પરથી માલવિયાનગર પોલીસે અપહરણની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# ભગવતીપરાના બાળકનો ટ્રેન હેઠળ પડતું મૂકી આપઘાત

## ત્રણ દી' પૂર્વે જ રેલવે પોલીસે માનસિક અસ્થિર બાળકને આત્મહત્યા કરતા બચાવ્યો'તો



બાળકની નજીક જઈ તેને વાતચીત દ્વારા સમજાવી નીચે ઉતારી જીવ બચાવી લેવામાં આવ્યો હતો. જો કે, ફક્ત બે દિવસમાં જ બાળકે મોત વ્હાલું કરી લીધું હતું.

**અબતક, રાજકોટ**

શહેરના ભગવતીપરા વિસ્તારમાં રહેતા ૧૩ વર્ષીય બાળકે ટ્રેન હેઠળ પડતું મૂકી આપઘાત કરી લેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. હજુ ત્રણ દિવસ પૂર્વે જ માનસિક અસ્થિર બાળક આપઘાત કરવાના ઈરાદે રાજકોટ રેલવે સ્ટેશન પર માલગાડીના ડબ્બા પર ચડી ગયો હતો. જેને રેલવે પોલીસની ટીમે ભારે સમજાવટ બાદ બચાવી પરિવારને સોંપ્યો હતો. જે બાદ ફરીવાર પરપ્રાંતિય પરિવારના તરુણે ટ્રેન હેઠળ પડતું મૂકી આપઘાત કરી લીધો હતો.

પ્રાપ્ત વિગત અનુસાર ભગવતીપરા શેરી નંબર-૪ માં રહેતા ૧૩ વર્ષીય માનસિક અસ્થિર બાળક સુજીત રાજેશભાઈ ચૌહાણ અહીં તેના પિતા સાથે રહે છે. ગઈકાલે પોતાના જ ઘરમાં બાળકે ગેસ ચાલુ કરી કાંડી ચાંપી દીધી હતી. બાદમાં તે ઘરની બહાર બેસી હસી રહ્યો હતો. ત્યારે પાડોશીઓએ આગ બુઝાવવાનું કહેતા બાળકે ભગવતીપરાના પુલ હેઠળ આવતા રેલવે ટ્રેક તરફ દોટ મૂકી હતી. દરમિયાન ત્યાંથી ટ્રેન પસાર થતાં બાળકે ટ્રેન હેઠળ પડતું મૂકી દીધું હતું. જેના લીધે તેના બંને પગ કપાઈ ગયા હતા.

બાદમાં બાળકને ગંભીર ઈજાઓ સાથે સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં તરુણે ટૂંકી સારવાર બાદ દમ તોડી દેતાં પરિવારનો શોકમાં ગરકાવ થઈ ગયો હતો. ઉલ્લેખનીય બાબત છે કે, ગત તા. ૦૬-૦૮-૨૦૨૫ ના રોજ સવારે ૧૦:૪૦ વાગે રાજકોટ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-૨ ઉપર સુજીત રાજેશભાઈ ચૌહાણ માલગાડી ટ્રેનના ડબા પર આપઘાત કરવાના ઈરાદે ચડી ગયેલ હતો. જેથી તાત્કાલિક રેલવે પોલીસની અલગ અલગ ટીમો પ્લેટફોર્મ નંબર-૨ ખાતે દોડી ગઈ હતી. જ્યાં બાળક પોતે ટ્રેનના ડબા ઉપર ચડી ગયાનું જોવા મળ્યું હતું. ટ્રેનના ડબ્બા ઉપરથી ઈલેક્ટ્રીક હાઈ વોલ્ટેજ વાયર પસાર થતો હોય જેથી તાત્કાલિક પોલીસની ટીમોએ સ્ટેશન માસ્તરની મદદ લઈ વીજ કરંટ બંધ કરાવી દીધો હતો. બાદ

# રાજકોટ ગ્રામ્ય પોલીસના પાંચ પીએસઆઈની આંતરિક બદલી

## એ.બી. જાડેજાને શાપર(વે.), ડી.એચ. રાખોલીયાને ભાયાવદર, એચ.સી. ચુડાસમાને લોધીકા, બી.ડી. જોષીને રીડર જયારે આઈ.ડી. જાડેજાને લિવ રિઝર્વમાં મૂકી દેવાયા

**અબતક, રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય પોલીસમાં ફરજ બજાવતા પાંચ પીએસઆઈની બદલીનો આદેશ જિલ્લા પોલીસવડા દ્વારા કરવામાં આવ્યો છે. અલગ અલગ પોલીસ મથક અને બ્રાન્ચમાં ફરજ બજાવતા પાંચેય ફોજદારોની આંતરિક બદલી કરવામાં આવી છે.

રાજકોટ જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા અલગ અલગ પોલીસ મથક અને બ્રાન્ચમાં ફરજ બજાવતા પાંચ પીએસઆઈની આંતરિક બદલીનો આદેશ જાહેર કરવામાં આવ્યો છે. જે આદેશ અનુસાર ભાયાવદર પોલીસ મથકમાં ફરજ બજાવતા પીએસઆઈ એ બી જાડેજાને શાપર(વે.) પોલીસ મથક, ધોરાજી ડિવિઝનના ડીવાયએસપીની રીડર શાખામાં ફરજ બજાવતા બી ડી જોષીને રીડર શાખા, એમઓબી શાખામાં ફરજ બજાવતા ડી એચ રાખોલીયાને ભાયાવદર પોલીસ મથક, રીડર શાખામાં ફરજ બજાવતા એચ સી ચુડાસમાને લોધીકા પોલીસ મથક જયારે લોધીકા પોલીસ મથકના પીએસઆઈ આઈ ડી જાડેજાને લિવ રિઝર્વ(એટેચ રીડર શાખા)માં મુકવામાં આવ્યા છે.

# જીવરાજપાર્કના કેનવાસ સ્પામાંથી હાઈપ્રોફાઈલ કુટણખાનું ઝડપાયું

## સીટી ક્લાસિક કોમ્પ્લેક્સની ઓફિસમાં મનીષ સોલંકી નામનો શખ્સ છેલ્લા ૧૧ માસથી લોહીનો વેપાર કરાવતો'તો

### પડધરી, અમદાવાદ અને નાગાલેન્ડની યુવતીઓ પાસે ૨૫૦૦ રૂપિયામાં દેહ વેપાર કરાવાતો'તો : એએચટીયુ શાખાનો દરોડો

**અબતક, રાજકોટ**

શહેરના પોશ વિસ્તાર જીવરાજપાર્કમાં આવેલ સીટી કલાસીક કોમ્પલેક્ષની ૨૪૧ નંબરની ઓફિસમાં ચાલતાં કેન્વાસ સ્પામાંથી કુટણખાનું ઝડપાયું હતું. એએચટીયુની ટીમે દરોડો પાડી કાર્યવાહી કરી હતી.

દરોડાની વિગત મુજબ, એએચટીયુ બ્રાન્ચના પીઆઈ ભાર્ગવ ઝણકાતની રાહબરીમાં ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ હરસુખભાઈ વાછાણી, મહમદઆરીફ અંસારી, કોન્સ્ટેબલ હસમુખભાઈ, ભુમીકાબેન સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે જીવરાજ પાર્કમાં આવેલ સીટી કલાસીક કોમ્પલેક્ષ, બીજો માળ, શોપ નં.૨૪૧ માં આવેલ કેન્વાસ નામના સ્પામાં સંચાલક દ્વારા છોકરીઓ રાખી અને સ્પા મસાજના નામે બહારથી ગ્રાહકો બોલાવી દેહ વ્યાપારનો ધંધો કરાવવામાં આવે છે તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે ડમી ગ્રાહકને તૈયાર કરી તેને સ્પામાં મોકલ્યાં બાદ ટીમે દરોડો પાડતાં સ્પાના કાઉન્ટર પર એક ભાઈ બેઠેલ હોય જેને નામ પૂછતાં મનીષ ગોવિંદ સોલંકી (ઉ.વ.૩૧,રહે. આર.એમ.સી. આવાસ યોજના, સાધુ વાસવાણી રોડ) હોવાનું જણાવ્યું હતું.

બાદમાં પોલીસે રૂમ ચેક કરતાં , તેમાંથી સ્ત્રી અને પુરૂષ કઢંગી હાલતમાં જોવા મળ્યા હતાં. ત્યાંથી પકડાયેલ મહિલાની પૂછતાછ કરતાં જણાવેલ કે, ગ્રાહકને સ્પાના સંચાલક સોલંકી મનિષે મોકલેલ છે, તેઓ ગ્રાહક દીઠ રૂ.૨૫૦૦ લે અને તેમાંથી રૂ.૧૫૦૦ તેઓને આપે છે. સ્પામાં એન્ટ્રી ફી રૂ.૧ હજાર અલગથી લેવામાં આવે છે. તે જગ્યાએ પલંગ પર એક કોન્ડોમ તોડીને બહાર રાખેલ છે. તેમજ બાજુમાં આવેલ રૂમ કરતા તેમાં ૬ સ્ત્રીઓ જોવા મળેલ અને તેમાંથી પડધરી, અમદાવાદ અને નાગલેન્ડ સહિતના વિસ્તારની યુવતીઓ હોવાનું ખુલ્યું હતું. પોલીસે કુટણખાનું ચલાવતા મનીષ સોલંકીની ધરપકડ કરી તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધ્યો હતો.

# કસ્તુરબા રોડ પર ઘરના ફળીયામાંથી સ્કૂટરની ચોરી

## ત્રણ ફૂટની દીવાલ કૂદી તસ્કર વાહન ઉઠાવી ગયો: એ ડિવિઝન પોલીસ મથકમાં ગુનો

**અબતક, રાજકોટ**

કસ્તુરબા રોડ પર રાત્રીના ત્રણ ફૂટની દીવાલ કૂદી ઘરના ફળિયામાં રાખેલું સ્કુટર તસ્કર ચોરી કરી ગયા અંગે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવવામાં આવી છે. જયારે પ્રહલાદ પ્લોટમાં રાત્રીના ઘર પાસે રાખેલું એકસેસ ચોરી થયા અંગે ફરિયાદ નોંધવવામાં આવી છે.

મઝહરભાઈ યુસુફભાઈ હરિયાણાવાલા (ઉ.વ.૪૧ રહે. હરિયાણા હાઉસ ઈવનીંગ પોસ્ટ ગાર્ડનવાળી શેરી, ઠાકર હોટલની પાછળ, કસ્તુરબા રોડ, રાજકોટ) દ્વારા એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે વિજય પ્લોટ શેરી નં.૦૩ ગોંડલ રોડ ખાતે ડીજીટલ સાઈનેજ પ્રીંટીંગ પ્રેસ ચલાવી પરીવારનુ ગુજરાન ચલાવે છે.

ગઈ તા.૦૭/૦૮/૨૦૨૫ ના રોજ રાત્રીના દશેક વાગ્યાની આસપાસ યુવાન પોતાનું ટી.વી.એસ. જ્યુપીટર સ્કુટર નં. જીજે-૦૩-એનએસ-૬૩૨૭ વાળુ લઈને દુકાનેથી ઘરે આવ્યો હતો અને સ્કુટર ઘરના ફળીયામા પાર્ક કરી અને ફળીયાની ડેલી બંધ કરી દીધી હતી.તા.૦૮/૦૮/૨૦૨૫ ના રોજ સવારના છએક વાગ્યાની આસપાસ જાગી અને ઘરની બહાર નીકળેલ ત્યારે મારા ફળીયામા જોતા સ્કુટર જોવામાં આવેલ નહીં જેથી ઘરની આજુબાજુમા તપાસ કરી હતી. પરંતુ સ્કુટર જોવા મળ્યું હતું. જેથી કોઈ શખસે રાત્રીના ઘરના ફળીયાની દિવાલ આશરે ત્રણેક ફુટની હોય જે દિવાલ કુદી મારા ઘરના ફળીયામા પ્રવેશ કરી રૂ.૬૫ હજારની કિંમતનું સ્કુટર ચોરી કરી ગયા અંગે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

### પ્રહલાદ પ્લોટમાં ઘર પાસે રાખેલું એકસેસ રાત્રીના કોઈક હંકારી ગયું

જયારે અન્ય એક બાઈક ચોરીની ફરિયાદમાં પ્રહલાદ પ્લોટ ૩૨/૩૬ ના ખુણે રહેતા દિવ્યેશભાઈ અરવિંદભાઈ મછોયા(ઉ.વ ૪૦) દ્વારા એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના પિતાની માલિકીનું એકસેસ નં.જીજે ૪ ડીઆર ૭૮૭૯ કિ.રૂ.૪૦૦૦૦ વાળુ વાહન રાત્રીના સમયે ઘર પાસે રાખ્યું હોય કોઈ ચોરી કરી ગયું હતું. જે અંગે એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# પરપ્રાંતિય યુવાન તાવમાં સપડાય એકાએક ઢળી પડ્યો : માથામાં ગંભીર ઈજા થતાં મોત

## મેટોડામાં રહી સેન્ટ્રીંગ કામની મજૂરી કરતા યુપીના શ્રમિકના મોતથી પરિવાર ગમગીન

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલ મેટોડા જીઆઈડીસીમાં રહેતો પરપ્રાંતિય યુવાનને તાવ આવતા તબીબ પાસે દવા લઈને બહાર નીકળતા એકાએક રોડ પર ઢળી પડ્યો હતો. જેથી યુવાનને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેનું બે દિવસની સારવાર બાદ મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત વિગત અનુસાર વિકાસકુમાર ભોલારામ ચમાર (ઉંમર વર્ષ ૨૦, રહે. મેટોડા ગેટ નંબર ૧, જ્યોતિ કંપની સામે)ને બે ત્રણ દિવસથી તાવ આવતો હોવાથી પ્રથમ મેટોડાની એક ક્લિનિકમાંથી દવા લીધી હતી. જોકે તબિયતમાં સુધારો ન થતા ગત તા. ૪/૮ ના રોજ રાજકોટના રાણી ટાવર પાસે આવેલ કેશવ હોસ્પિટલમાં ડોક્ટરને બતાવ્યુ હતું. બાદમાં હોસ્પિટલ બહાર નીકળી ઉભો હતો ત્યારે ત્યાં જ અચાનક ઢળી પડ્યો હતો. જેથી માથામાં ઈજા થતા પ્રથમ સારવાર કેશવ હોસ્પિટલ બાદ બાલાજી ચોક ખાતે આવેલી પ્રીમિયર હોસ્પિટલમાં દાખલ હતો. જ્યાં માથામાં ઈજા હોવાથી ઓપરેશન કરાયું હતું. જે પછી આઈસીયુમાં લેવાની જરૂર પડતા બેભાન હાલતમાં ગઈકાલે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અહીં ઈમર્જન્સી વિભાગમાં ગઈકાલે સાંજે ૭:૨૦ વાગ્યે સારવારમાં દમ તોડી દીધો હતો. રાજકોટ તાલુકા પોલીસની ટીમે મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા માટે મૃતદેહને પીએમ માટે ખસેડ્યો હતો. પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, વિકાસ એક મહિના પહેલા જ પોતાના વતન ઉત્તર પ્રદેશથી મેટોડા ખાતે આવ્યો હતો. મેટોડાની જ્યોતિ કંપનીમાં કામ ચાલતું હોવાથી અહીં સેન્ટ્રિંગ કામની મજૂરી કરતો અને પોતાના બનેવી મનીષભાઈ સાથે રહેતો હતો. તે બે ભાઈ અને ચાર બહેનમાં નાનો હતો અને અપરણિત હતો. યુવાનના અકાળે મોતથી પરિવારમાં ભારે આક્રંદ છવાયો હતો.

# પરાપીપળીયામાં મહિલા સંચાલિત જુગારધામ ઝડપાયું : માતા-પુત્રી સહિત સાત ઝબ્બે

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે જામનગર રોડ પર પરાપીપળીયા ગામમાં રહેતી મહિલા પોતાના મકાનમાં જુગાર રમાડતી હોવાની બાતમીના આધારે ગાંધીગ્રામ પોલીસમાં દરોડો પાડ્યો હતો. અહીં જુગાર રમતા સાત શખસોને ઝડપી લઈ પટમાંથી રોકડ રૂપિયા ૧૪,૦૨૦ કબજે કર્યા હતા.

જુગારના આ દરોડાની જાણવા મળતી વિગતો મુજબ, ગાંધીગ્રામ પોલીસ મથકના પી.એસ.આઈ પી.બી. વારોતરીયા તથા હેડ કોન્સ્ટેબલ સહદેવસિંહ જાડેજા, ભગીરથસિંહ, કોન્સ્ટેબલ સુરેશભાઈ, સુનિલભાઈ, સતિષભાઈ સહિતનો સ્ટાફ રાત્રિના પેટ્રોલિંગમાં હતો. દરમિયાન એવી બાતમી મળી હતી કે, જામનગર રોડ પર પરાપીપળીયા ગામમાં એકતા સોસાયટી બ્લોક નંબર ૭૨૫ માં રહેતી મહિલા ગીતાબેન ગોહેલ પોતાના મકાનમાં જુગાર રમાડી રહી છે. આ બાતમીના આધારે પોલીસની ટીમને અહીં દરોડો પાડી જુગાર રમતા બે મહિલા સહિત સાત શખસોને ઝડપી લઈ પટમાંથી રોકડ રૂપિયા ૧૪,૦૨૦ કબજે કર્યા હતા. જુગાર રમતા ઝડપાયેલા શખસોમાં ગીતાબેન વિનોદભાઈ ગોહેલ (ઉ.વ ૪૫) તેની પુત્રી જાગૃતિ (ઉ.વ ૨૨ રહે. બંને બ્લોક નંબર ૭૨૫ એકતા સોસાયટી પરાપીપળીયા) તથા અબ્દુલ અસલમભાઈ અલાણા (ઉ.વ ૨૬ રહે.બ્લોક નંબર ૬૫૫ એકતા સોસાયટી), મહંમદ આલમભાઈ મોગલબેગ (ઉ.વ ૨૮ રહે.બ્લોક નંબર ૧૦૯ એકતા સોસાયટી), અફઝલ અનવરભાઈ સમા (ઉ.વ ૨૯ રહે. બ્લોક નંબર ૪૪૧ રાજીવનગર શેરી નંબર ૧૧, બજરંગવાડી), રજા યુસુફભાઈ અંસારી(ઉ.વ ૨૫ રહે. રાજીવનગર શેરી નંબર ૬, બજરંગવાડી) અને આફતાબ રફીકભાઈ રાજકોટિયા (ઉ.વ ૨૪ રહે ફ્લેટ નંબર એમ-૩ હાઉસિંગ ક્વાર્ટર, અવધ રોડ રાજકોટ)નો સમાવેશ થાય છે.

### બાલાજી હોલ નજીક આવાસની લોબીમાં જુગટુ ખેલતા છ શખ્સો ઝડપાયા

જુગારના અન્ય દરોડામાં તાલુકા પોલીસ મથકના એએસઆઈ હરપાલસિંહ જાડેજા તથા સ્ટાફે સાગર ચોક આરએમસી ક્વાર્ટર બ્લોક નંબર ૨ ત્રીજા માટે લોબીમાં જુગાર રમતા છ શખસોને ઝડપી લીધા હતા. જેમાં કાનો દિનેશભાઈ શિયાળ (ઉ.વ ૨૪), હિતેશ જયંતીભાઈ જાદવ (ઉ.વ ૨૬), જય રાજેશભાઈ કક્કળ (ઉ.વ ૩૦) મનીષ રણછોડભાઈ રોજાસરા (ઉ.વ ૪૦), મયુર બળવંતભાઈ બખથરીયા (ઉ.વ ૩૬) અને સુનિલ જશવંતભાઈ બાબરીયા (ઉ.વ ૩૨) નો સમાવેશ થાય છે. પોલીસે પટમાંથી રોકડ રૂપિયા ૨૮,૯૬૦ કબજે કરી આ શખસો સામે જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવા ગયેલા દંપતી વચ્ચે ઝઘડો થતા પતિએ ઝેર પીધું

## સામ સામે ગૂના નોંધાવે તે પહેલા જ રકઝક થતા આપઘાતો પ્રયાસ

**અબતક, રાજકોટ**

શહેરમા મહીલા પોલીસ મથકમા રીસામણે બેઠેલી પરણીતા અને તેમનો પતિ સામ સામે ફરીયાદ નોંધાવવા પહોંચ્યા હતા. ત્યારે બંનેનો ભેટો થઇ જતા પોલીસ મથક બહાર જ ઝઘડો થયો હતો. જેથી પતિએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવકને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામા આવ્યો હતો.

આ બનાવ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગત મુજબ શહેરમા સદર બજાર વિસ્તારમા આવેલા ખાટકી વાસમા રહેતા હીતેશ પ્રવીણભાઈ સરવૈયા નામનો ૩૫ વર્ષનો યુવાન સાંજનાં સાડા છએક વાગ્યાનાં અરસામા મહીલા પોલીસ સ્ટેશન બહાર હતો. ત્યારે ઝેરી દવા પી લીધી હતી. યુવકને ઝેરી અસર થતા તાત્કાલીક સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડવામા આવ્યો હતો.

પ્રાથમીક પુછપરછમા હિતેશભાઈ સરવૈયાની પત્ની આરતીબેન છેલ્લા છ મહીનાથી અમરજીત નગરમા રહેતા માવતરનાં ઘરે રીસામણે ચાલી ગઈ છે . અને હીતેશભાઈ સરવૈયાનાં ચારીત્ર્ય પર શંકા કરે છે ગઈકાલે હીતેશભાઈ મહીલા પોલીસ મથક ખાતે ફરીયાદ નોંધાવવા ગયા હતા. ત્યારે પત્ની આરતી પણ ફરીયાદ નોંધાવવા માટે આવી હતી. તે દરમ્યાન પોલીસ મથક બહાર દંપતીનો ભેટો થઈ જતા બંને વચ્ચે ઝઘડો થયો હતો. પત્નીએ ઝઘડો કરતા પતિએ ઝેરી દવા પી લીધી હોવાનુ જાણવા મળ્યુ છે આ બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# દૂધસાગર રોડ પરના એપાર્ટમેન્ટમાંથી ક્રિકેટ સટ્ટો રમતો શખ્સ ઝડપાયો

## બુકી અશોક ભુદર કલોલાનું નામ ખુલતા શોધખોળ : ક્રાઈમ બ્રાન્ચની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

શહેરના દૂધસાગર રોડ પરના એપાર્ટમેન્ટમાંથી ક્રિકેટ સટ્ટો રમતા શખ્સને રૂ. ૨૦ હજારના મુદ્દામાલ સાથે ક્રાઈમ બ્રાન્ચે દબોચી લીધો હતો જયારે બુકીનું નામ ખુલતા તેની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ એસ વી ચુડાસમાની ટીમના એએસઆઈ વિજયભાઈ સોઢા, કોન્સ્ટેબલ કરણભાઈ કોઠીવાળ, અરવિંદકુમાર ફતેપુરા અને સંજયભાઈ અલગોતર પેટ્રોલિંગમાં હતા. દરમિયાન ખાનગી રાહે હકીકત મળી હતી કે, સિરાજ અબ્દુલરહીમ ભાવાણી નામનો શખ્સ રેડિઅન્સ વ્યુ એપાર્ટમેન્ટ ફ્લેટ નંબર- ૩૦૨, દૂધસાગર રોડ ખાતેના તેના રહેણાંક મકાને ધ હન્ડ્રેડ મેન્સ કોમ્પીટીશન-૨૦૨૫ ની ક્રિકેટ મેચ ઉપર પૈસાની હારજીતનો સટ્ટો રમી રહ્યો છે. જેથી ક્રાઈમ બ્રાન્ચની ટીમે તાત્કાલિક બાતમીવાળા સ્થળે દોડી જઈ એપાર્ટમેન્ટના ત્રીજા માળેથી સિરાજ અબ્દુલ રહીમ ભામાણી (ઉ.વ.૪૬ રહે. રેડિયન્સ એપાર્ટમેન્ટ ફ્લેટ નંબર-૩૦૨,દૂધસાગર રોડ, રાજકોટ)ને મોબાઈલ ફોન પર બ્રિહીમાન ફોનિક્સ મેન અને ટ્રેન્ટ રોકેટ મેન વચ્ચે ચાલતી ધ હન્ડ્રેડમેન્સ કોમ્પિટિશન ૨૦૨૫ ક્રિકેટ મેચમાં સેશન તથા લંબીમાં રનફેરનો રૂપિયાની હાર જીતનો જુગાર રમતા ઝડપી લેવાયો હતો. ક્રાઈમ બ્રાન્ચે સટ્ટોડીયા પાસેથી મોબાઈલ, હિસાબની ડાયરી મળી કુલ રૂ. ૨૦ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જયારે ઝડપાયેલો શખ્સ અશોક ભુદર કલોલા નામના બુકીને સોદા લખાવતો હોવાની કેફીયત આપતાં તેની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

# ભાઈ-બહેનના પવિત્ર પ્રેમના પર્વ રક્ષાબંધનની ઉજવણી

## શુભ સંયોગો સાથે આ વર્ષની રક્ષાબંધન અત્યંત ફળદાયી, બહેનોએ કુમકુમ તિલક કરી ભાઈના સુખી જીવન માટે કરી પ્રાર્થના





તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

આજે ભાઈ અને બહેનના પવિત્ર સંબંધના પ્રતીક એવા રક્ષાબંધનના તહેવારની ભવ્ય ઉજવણી થઈ રહી છે. આ પર્વ માત્ર એક દોરાનો નહીં, પરંતુ સ્નેહ, રક્ષા અને અતૂટ વિશ્વાસનું બંધન છે. સવારથી જ બહેનોએ પોતાના ભાઈના કાંડે પ્રેમ અને શ્રદ્ધાથી ભરપૂર રાખડી બાંધી, તેમના સુખી અને સફળ જીવન માટે પ્રાર્થના કરી હતી. બહેનોએ ભગવાન પાસે પોતાના ભાઈના લાંબા આયુષ્ય અને કારકિર્દીમાં સતત પ્રગતિ થાય તેવી મનોકામનાઓ માગી હતી.

આ વર્ષે રક્ષાબંધન પર અનેક શુભ સંયોગોનું નિર્માણ થઈ રહ્યું છે, જેના કારણે આખો દિવસ રાખડી બાંધવા માટે અત્યંત શુભ અને ઉત્તમ રહેશે. ખાસ કરીને, આ દિવસે ભદ્રા દોષ ન હોવાથી બહેનો કોઈપણ પ્રકારની ચિંતા વિના દિવસભર પોતાના ભાઈના કાંડા પર રક્ષાનો દોરો બાંધી શકશે.

આ વર્ષની રક્ષાબંધન પર બપોરે ૨.૨૪ વાગ્યા સુધી શ્રવણ નક્ષત્ર રહેશે, જે શાસ્ત્રો અનુસાર અત્યંત ફળદાયી માનવામાં આવે છે. આ ઉપરાંત, રાત્રિના ૨.૧૫ વાગ્યા સુધી સૌભાગ્ય નામનો યોગ પણ બની રહ્યો છે, જે ભાઈના આરોગ્ય, આયુષ્ય અને સુખ-સમૃદ્ધિમાં વધારો કરે છે.

આ શુભ યોગોનો સમન્વય આ પર્વને વધુ વિશેષ બનાવે છે.

(અનુ. આઠમા પાને)

### રાજકોટ જેલમાં ભાઈ-બહેનના પ્રેમનું પવિત્ર મિલન

રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે આજે રાજકોટની સેન્ટ્રલ જેલમાં ભાઈ-બહેનના અતૂટ પ્રેમનો માહોલ જોવા મળ્યો હતો. જેલમાં સજા ભોગવી રહેલા ભાઈઓને રાખડી બાંધવા માટે બહેનો મોટી સંખ્યામાં જેલ ખાતે પહોંચી હતી. જેલ પ્રશાસન દ્વારા ભાઈ-બહેનના આ પવિત્ર મિલન માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. બહેનોએ પોતાના ભાઈના કાંડા પર રાખડી બાંધી, કુમકુમ તિલક કર્યું અને તેમના લાંબા આયુષ્ય અને સુખી જીવન માટે પ્રાર્થના કરી હતી. આ અવસરે ભાઈ-બહેનો વચ્ચે ભાવુક દ્રશ્યો સર્જાયા હતા, જ્યાં આંખોમાં આંસુ અને ચહેરા પર સ્નેહભરી લાગણીઓ સ્પષ્ટપણે જોઈ શકાતી હતી. આ મુલાકાતથી ભાઈઓને પણ ખુશી અને હૂંફ મળી હતી, જેલના કડક વાતાવરણમાં પણ આ પર્વે પ્રેમ અને આશાનો સંદેશો પાઠવ્યો હતો. આ પ્રસંગે જેલ પ્રશાસને પણ માનવીય અભિગમ અપનાવીને ભાઈ-બહેનના સંબંધોને માન આપ્યો હતો.

# ગુજરાતમાં ''મનરેગા''માં ભ્રષ્ટાચાર ચાલતો હોવાનો કેન્દ્ર સરકારનો પણ સ્વીકાર !!

## તપાસ માટે ૧૦ ટીમો બનાવી છેઃ સંસદમાં રાજ્ય સભાના સાંસદ શક્તિસિંહ ગોહિલના સવાલનો જવાબ



**અબતક, રાજકોટ**

ગુજરાતમાં મનરેગાના કામમાં બેફામ ભ્રષ્ટાચાર ચાલતો હોવાનો એકરાર કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવ્યો છે.

સંસદમાં ચોમાસું સત્રમાં રાજ્યસભામાં શકિતસિંહ ગોહિલે પૂછેલા પ્રશ્નના જવાબમાં કેન્દ્ર સરકારે સ્વીકાર્યું છે કે, ગુજરાતમાં મનરેગામાં મોટાપાયે ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. જરૂરિયાતમંદ લોકોને રોજગારી મળે અને રોજગારી આપવાની ગેરંટી સાથે કોંગ્રેસની સરકાર જ્યારે કેન્દ્રમાં હતી ત્યારે મનરેગાનો કાયદો લાવીને લોકોને પૂરી રાહત મળે તે માટેની ચિંતા કરી હતી. ભાજપે મનરેગાના માધ્યમથી જરૂરિયાતમંદ લોકોને પૈસા મળે તેના બદલે કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર શરૂ કર્યો છે.

દાહોદમાં જ ત્રણ-ત્રણ અધિકારીઓએ ભ્રષ્ટાચારની પોલીસ ફરિયાદ દાખલ કરવી પડી છે. આ ફરિયાદ દાખલ કરનારાએ સરકારના જવાબદાર અધિકારીઓ છે. શકિતસિંહ ગોહિલના પ્રશ્નના જવાબમાં કેન્દ્ર સરકારે એ પણ સ્વીકાર્યું છે કે, મોટો ભ્રષ્ટાચાર હોવાના કારણે ૧૦ ટીમો બનાવીને થયેલ ભ્રષ્ટાચારની તપાસ ચાલી રહી છે. ભ્રષ્ટ શાસન લીપાપોથી ન કરે અને ગરીબોના અધિકારના કરોડો રૂપિયા ન ખવાઈ જાય તે માટે ભ્રષ્ટાચારીઓ સામે કડકમાં કડક પગલાં લેવાય તેવી માંગ કરી હતી.

દાહોદમાં ગુજરાત સરકારના

(અનુ. આઠમા પાને)

# 'કમલમ' બેઠકમાં ૪૦ ધારાસભ્યોની ગેરહાજરીની ગંભીર નોંધ લેવાઈ

## ધારાસભ્યોને ગેરહાજર રહેવા અંગે મૌખિક ખુલાસા પૂછવાની પણ તજવીજ

**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે તિરંગા યાત્રા સંદર્ભે એક બેઠક યોજાઈ હતી. જેમાં ભાજપના ૪૦ ધારાસભ્ય ગેરહાજર રહ્યા હતા. જેની ગંભીર નોંધ લેવામાં આવી છે. આગામી દિવસોમાં ગેરહાજર ધારાસભ્યોનો મૌખિકમાં ખુલાશો પૂછાય તેવી પણ શકયતા જણાય રહી છે.

(અનુ. આઠમા પાને)




### રાજયના ૫૮૦ મંડળ અને ૫૧ હજાર બુથ પર તિરંગા અભિયાન યોજશે ભાજપ

# રાજકોટમાં વધુ એક જમીન કૌભાંડઃ બોગસ કુલમુખત્યારનામુ બનાવી શેર બ્રોકરનો પ્લોટ વેંચી માર્યો

## ખોટી સહી અને ફોટો ચોંટાડી ઈસરારખાન પઠાણે બોગસ પાવર ઓફ એટર્ની ઉભો કરી યોગીનગરમાં આવેલા ૯૪૦ વારના પ્લોટ પચાવી લીધો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં વધુ એક જમીન કૌભાંડ સામે આવ્યું છે. હાલ મુંબઈ રહેતા શેર બ્રોકરે વર્ષ ૧૯૮૧ માં યોગીનગરમાં ખરીદેલો ૯૪૦ વારનો પ્લોટ ભુમાફિયાઓએ બોગસ કુલમુખત્યારનામું બનાવી બારોબાર વેંચી માર્યાની ફરિયાદ આજીડેમ પોલીસ મથકમાં નોંધાઈ છે.

મૂળ રાજકોટની જનતા સોસાયટીના રહેવાસી અને હાલ મુંબઈના અંધેરી વેસ્ટમાં રહેતા ૬૩ વર્ષીય વૃદ્ધ શેર બ્રોકર જાગૃતભાઈ મહાસુખલાલ ભાઈ શાહે નોંધાવેલી ફરિયાદમાં આરોપીઓ તરીકે ઈસરારખાન જમીરખાન પઠાણ, અરજણભાઈ મેરામણભાઈ કેશવાલા, રામભાઈ મેરામણભાઈ કેશવાલા, પાર્વતીબેન ચતુરભાઈ ભાવાણી, કાજલબેન કરમશીભાઈ પરમાર, કિરીટભાઈ વીરજીભાઈ જાવિયા, સીમાબેન પરેશભાઈ ચાવડા, હીનાબેન બકુલભાઈ ચાવડા અને દિલીપ દીપચંદભાઈ બેલાણીનું નામ આપતા જણાવ્યું હતું કે, ભાવનગર રોડ પર આજીડેમ ચોકડીથી આગળ પેટ્રોલ પંપ પાછળ આવેલ યોગીનગર તરીકે ઓળખાતા વિસ્તારના રેવન્યુ સર્વે નંબર ૧૯૬ તથા ૧૯૭ ના બિનખેડવાણ જમીનના પ્લોટ પૈકી પ્લોટ નંબર ૨ ની ૯૪૦ ચોરસ વાર પ્લોટ તા.૨૫-૦૫-૧૯૮૧ થી ખરીદ કરેલ હતો. જે પ્લોટ પહેલા ભગવાનજીભાઈ મંગળજીભાઈ નથવાણીએ તા.૨૭-૧૦-૧૯૬૭ ના રોજ હસનઅલી ખાનબાઈ એન્ડ સન્સ પાસેથી રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ હતો. ત્યારબાદ ભગવાનજીભાઈએ આ પ્લોટ તા.૧૮-૦૮-૧૯૭૫ ના રોજ કાંતિલાલ કાનજીભાઈ ડોડીયાને પ્લોટ દસ્તાવેજથી વેચાણ કરેલ હતો. ત્યારબાદ કાંતિલાલ કાનજીભાઈ ડોડીયા પાસેથી મેં તા.૨૦-૦૫-૧૯૮૧ ના રોજ રજીસ્ટર દસ્તાવેજથી પ્લોટ ખરીદ કરેલ હતો. ત્યારથી આ જમીનનો કબજો તથા ઉતરોતર દસ્તાવેજ મારી પાસે છે.

આ પ્લોટ ખરીદ કર્યા બાદ વર્ષ ૧૯૯૧માં હું વ્યવસાય અર્થે મુંબઈ ખાતે સ્થાયી થયો હતો. ત્યારે અમારા પ્લોટનું ધ્યાન મારા પિતા મહાસુખલાલભાઈ શાહ રાખતા હતા. મારા પિતાની ઉંમર ૯૬ વર્ષ જેટલી હોય જેથી તે આ પ્લોટની દેખભાળ રાખી શકતા ન હોય માટે અમારે પ્લોટનું વેચાણ કરવું હતું. જેથી અમે અમારા એડવોકેટ મારફત ગત તા.૦૭-૧૦-૨૦૨૪ ના રોજ સમાચાર પત્રમાં જાહેર નોટિસ આપેલ હતી. જેથી નોટિસનો જવાબ હીનાબેન બકુલભાઈ ચાવડા અને દિલીપ દિપચંદભાઈ બેલાણીએ તેના એડવોકેટ એફ આર કુકડ મારફત તા.૧૫-૧૦-૨૦૨૪ ની અખબાર આવૃત્તિમાં આપતા જણાવેલ હતું કે આ જમીન તેમના અસીલોએ ખરીદ કરેલ છે આ જમીનના અસર દસ્તાવો દસ્તાવેજો તેમના અસીલ પાસે છે.

ત્યારબાદ હું મુંબઈથી રાજકોટ આવેલ અને સામાવાળાના એડવોકેટ એફ આર કુકડ પાસેથી તેના અસીલોના દસ્તાવેજની નકલ સાથે ભગવાનજી નથવાણીએ પ્લોટ નંબર-૨ ની જમીન વેચાણ કરવાની સત્તા આપતું ઈસરારખાન ઝમીરખાન પઠાણના નામનું ગઈ તા. ૦૫-૦૧-૨૦૦૮ના કુલમુખત્યારનામાની નકલ આપેલ હતી. ત્યારબાદ તપાસ કરતા જાણવા મળેલ હતું કે, ઈસરારખાન જમીરખાન પઠાણે ભગવાનજી મંગળજી નથવાણી કુલમુખત્યાર દરજ્જે પ્લોટ નંબર ૨ ની જમીનનો પાર્વતીબેન ચતુરભાઈ ભાવાણી અને કાજલબેન કરમશીભાઈ પરમાર નામનો વેચાણ દસ્તાવેજ નંબર ૧૫૧૯૭ તા. ૨૦-૦૯-૨૦૦૮ નો ઉભો કરેલ હતો. ત્યારબાદ ભગવાનજી નથવાણીના નામનું ગઈ તા. ૦૫-૦૧-૨૦૦૮ ના ઈસરારખાન જમીરખાન પઠાણ જોગના મુખત્યારનામા સંબંધે તપાસ કરતા જાણવા મળેલ હતું કે, ભગવાનજીભાઈ નથવાણી ગઈ તા. ૧૯-૦૯-૨૦૧૩ ના રોજ અવસાન પામેલ છે. જેથી હું રાજકોટ આવી ભગવાનજીભાઈના પુત્ર અશોકભાઈને રાજકોટમાં નિર્મલા સ્કૂલ રોડ પર આવેલ ફ્લેટ ખાતે મળ્યો હતો. જ્યાં તેમના પિતાના કુલમુખત્યારનામાની કોપી બતાવતા તેમણે જણાવેલ હતું કે, આ કુલમુખત્યારનામાં મારા પિતાની સહી નથી તેમજ આ ફોટો પણ મારા પિતાનો નથી. ત્યારે

(અનુ. આઠમા પાને)

### રાજકોટ છોડીને જતો રહેજે નહીંતર તું બચીશ નહિ : ભુમાફિયાઓની વૃદ્ધને ધમકી

વૃદ્ધ ફરિયાદીએ જણાવ્યું હતું કે મેં ગત તા. ૨૯-૦૪-૨૦૨૫ ના રોજ અરજી કરેલ હતી. ત્યારબાદ તા.૨૦-૦૬-૨૦૨૫ ના સવારના સવારે ૮:૩૦ વાગ્યાના અરસામાં માથાભારે તત્વોએ મારા પ્લોટ નંબર-૨ ની જમીનમાં જેસીબી વાહન સાથે ગેરકાયદેસર અતિક્રમણ કરી મારા પ્લોટની ફરતે અમે કરેલ સિમેન્ટના પાટિયાની ફ્રેન્સીંગ તોડી નાખેલ હતી અને પ્લોટમાં ગેરકાયદેસર ઘુષણખોરી કરી તોડફોડ કરતાં મેં તેમને ના પાડતા તેમણે મને મારી નાખવાની ધમકી આપેલ હતી અને રાજકોટ છોડીને જતો રહેજે નહીંતર તું બચીશ નહીં તેવી ધમકી આપેલ હતી. વધુમાં અમારી સામે ફરિયાદ કરીશ તો જાનથી મારી નાખીશ તેવી પણ ધમકી આપેલ હતી. જે અંગે મેં તા.૧૯-૦૬-૨૦૨૫, ૨૦-૦૬-૨૦૨૫ અને તા. ૨૪-૦૬-૨૦૨૫ ના રોજ અરજી કરેલ હતી.

### ચાર મહિલાઓ સહિત કુલ નવ શખ્સો વિરુદ્ધ આજીડેમ પોલીસ મથકમાં બોગસ દસ્તાવેજ બનાવવાની કલમો હેઠળ ગુનો

# આનંદો...સાતમ-આઠમના રંગમાં મેઘરાજા નહીં પાડે ભંગ

## આજથી રાજ્યભરમાં હળવા વરસાદની આગાહીઃ ૧૫ ઓગસ્ટથી બંગાળના ઉપસાગરમાં સિસ્ટમ બનશે, પૂર્વ મધ્યપ્રદેશથી ગુજરાતમાં વરસાદ લાવશે, તો બીજી તરફ ૧૯થી ૨૨ ઓગસ્ટ ભારે વરસાદ થવાની શક્યતા



**અબતક, રાજકોટ**

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની વરસાદને લઈ આગાહી સામે આવી છે જેમાં, આજથી થી ૧૧ ઓગસ્ટ સુધી હળવા વરસાદી ઝાપટા આવશે અને સૌરાષ્ટ્રમાં કેટલાક વિસ્તારમાં વરસાદ આવી શકે છે, ૧૫ ઓગસ્ટથી બંગાળના ઉપસાગરમાં સિસ્ટમ બનશે અને પૂર્વ મધ્યપ્રદેશથી ગુજરાતમાં વરસાદ લાવશે, તો બીજી તરફ ૧૯ થી ૨૨ ઓગસ્ટ ભારે વરસાદ થવાની શક્યતા રહેલી છે.

અંબાલાલ પટેલનું વધુમાં કહેવું છે કે, દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, જામનગર, દ્વારકા, પોરબંદર, સુરેન્દ્રનગર, રાજકોટ, હળવદ, મોરબી, ધ્રાંગધ્રામાં ભારે વરસાદ થઈ શકે છે, પૂર્વ ગુજરાતના ભાગો જેવા કે મધ્ય ગુજરાતમાં વરસાદ પડશે. પાટણ, મહેસાણા, બનાસકાંઠામાં વરસાદ થઈ શકે છે, કેટલાક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ થઈ શકે છે. ઓગસ્ટ અંતમાં નદીઓમાં પૂરની સ્થિતિ બની શકે છે.

નર્મદા સરદાર સરોવર ડેમની સપાટીમાં વધારો થઈ શકે છે, રાજ્યમાં ૧૪ સપ્ટેમ્બર સુધી વરસાદી ઝાપટા પડશે અને સાતમ આઠમ દરમિયાન રાજ્યમાં વરસાદી ઝાપટા પડશે તેવી આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર, દક્ષિણ અને મધ્ય ગુજરાત વરસાદની આગાહી કરાઈ છે. સાબરકાંઠાના ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદ થવાની શક્યતા રહેશે કોઈ પણ ભાગમાં ૪ ઈંચ વરસાદ થવાની શક્યતા રહેશે, સાબરમતી નદીમાં પાણીનો આવરો આવે અને નર્મદા ડેમની પાણીની આવક વધી શકે છે, નર્મદા બે કાંઠે વહી શકે છે, તાપી નદીમાં પાણીનો પ્રવાહ વધી શકે છે.

૧૮ થી ૨૦ ઓગસ્ટ દરમિયાન ગુજરાતમાં સારો વરસાદ થશે અને ૨૩ ઓગસ્ટથી પર્વતાકાર વરસાદ પડશે, જ્યાં ચઢે ત્યાં વરસાદ પડે તેવી સ્થિતિ સર્જાશે, ગણેશ ચતુર્થીના તહેવાર દરમિયાન વરસાદી માહોલ રહેશે અને ૨૭ થી ૩૦ ઓગસ્ટ વરસાદ રહેશે, ૩ સપ્ટેમ્બર થી ૧૪ સપ્ટેમ્બર દરમિયાન વિવિધ વિસ્તારમાં વરસાદ પડશે અને સૌરાષ્ટ્રમાં જન્માષ્ટમી દરમિયાન લોકો મેળાની મજા માણી શકશે, જન્માષ્ટમી દરમિયાન વરસાદ સામાન્ય રહેશે. સૌરાષ્ટ્ર માં જન્માષ્ટમી દરમિયાન વરસાદી ઝાપટા પડી શકે છે.

### ગયા વર્ષે લોકમેળો વરસાદમાં ધોવાઈ ગયો હતો

ગયા વર્ષે રાજકોટના રેસકોર્સ મેદાનમાં લોકમેળો ૨૪થી ૨૮ ઓગસ્ટ દરમિયાન યોજવામાં આવ્યો હતો. પરંતુ ભારે વરસાદ વરસતા લોકમેળાના મેદાનમાં ચારેબાજુ પાણી ભરાઈ ગયા હતા. આથી લોકોની સલામતીના હેતુસર ગયા વર્ષે ધરોહર લોકમેળો રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. મેળો રદ કરવામાં આવતા સ્ટોલધારકો, રાઈડ્સ સંચાલકોને ભારે નુકસાન વેઠવું પડ્યું હતું. રાજકોટના રેસકોર્સ મેદાનમાં જન્માષ્ટમીનો ધરોહર લોકમેળો વરસાદને કારણે ધોવાઈ જતા વેપારીઓને મોટું આર્થિક નુકસાન પહોંચ્યું હતું. રાજકોટ કલેકટર દ્વારા મેળો રદ કરી સ્ટોલ અને પ્લોટધારકોને તેમનાં નાણાં પરત કરાયા હતા. ગયા વર્ષે વરસાદને લીધે મેળો પાણીમાં ધોવાઈ જતાં સાતમ અને આઠમના દિવસોમાં જ્યાં દર વર્ષે ભારે ભીડ હોય તે લોકમેળામાં કાગડા ઉડતા જોવા મળ્યા હતા.



